૨૦૫ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 140 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 June 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૧૫ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકા-ઈરાન કરારઃ હોર્મુઝ ખાડી ખોલવા સંમતિ

## તહેરાનના પચીસ અબજ ડૉલર છૂટા કરાશેઃ તેલની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાશે

દુબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ત્રણ મહિનાથી ચાલતા યુદ્ધનો અંત લાવવા માટેના સમજૂતી કરારમાં હોર્મુઝ ખાડી બધાં જહાજોની સામાન્ય અવરજવર માટે ખોલવા સંમતિ સધાઇ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત, અમેરિકા ઇરાનના અટકાવેલા (સ્થગિત કરેલા) પચીસ અબજ ડૉલર છૂટા કરવા, તહેરાનના ખનિજ તેલની નિકાસ પરના પ્રતિબંધ અને નૌકાદળે કરેલી નાકાબંધી ઉઠાવી લેવા માની ગયું હોવાનો દાવો કરાય છે. ઇરાન અણુશસ્ત્રો નહિ બનાવવા અને સમૃદ્ધ કરાયેલા યુરેનિયમનો જથ્થો ઓછો કરવા પણ સહમત થયું હોવાનું મનાય છે. આમ છતાં, ઇઝરાયલે રવિવારે જ બૈરુત પર શરૂ કરેલા ભીષણ હુમલાથી અંતિમ શાંતિ કરારમાં વિઘ્ન ઊભું થઇ શકે છે.

ઇરાન અને અન્ય દેશોની વચ્ચે રોકડ રકમ સીધી ટ્રાન્સફર કરવાની સુવિધા ફરી શરૂ કરાવવાની જોગવાઇ સમજૂતી કરારમાં હોવાનું કહેવાય છે.

અમેરિકાના નૌકાદળે ઇરાનનાં બંદરો માટે કરેલી નાકાબંધી તાત્કાલિક ઉઠાવવાનું કરારની જોગવાઇ મુજબ શરૂ કરાશે અને ૩૦ દિવસમાં આ કામગીરી પૂરી કરાશે.

વૉશિંગ્ટન હવે તહેરાન પર કોઇ નવા પ્રતિબંધ નહિ મૂકે અને હાલના પ્રતિબંધને તબક્કાવાર ઉઠાવી લેવાશે.

ઇરાન ખનિજ તેલની નિકાસ કરીને ઑઇલનો વેપાર ફરી વધારી શકશે. વૉશિંગ્ટન અન્ય પ્રાદેશિક સાથી દેશોની સાથે મળીને ઇરાનના પુનર્નિમાણ અને વિકાસની યોજનામાં સહકાર આપશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે પોતાના ૮૦મા જન્મદિવસે ઇરાન સાથે શાંતિ કરાર કરવાની અગાઉ જાહેરાત કરી હતી અને તેના માટે ઉપપ્રમુખ જે. ડી. વેન્સને જરૂરી સૂચના પણ આપી હતી.

આમ છતાં, ઇઝરાયલે રવિવારે જ લેબેનોનની રાજધાની બૈરુત પર ભીષણ હુમલા શરૂ કરતા અંતિમ શાંતિ કરારમાં અડચણ ઊભી થઇ શકે છે.

ઇઝરાયલે બૈરુતમાંના ઇરાનના ટેકેદાર હિઝબુલ્લાહ સંગઠન પર રવિવારે મોટા પાયે કરેલા હુમલામાં જાનમાલની ભારે હાનિ થઇ હતી.

## બિહારમાં સ્ટેશન પર હિંસાઃ ૫૦૦ સામે એફઆઈઆર

પટનાઃ બિહારમાં પટનાના પાટલીપુત્ર રેલવે સ્ટેશન ખાતે પરીક્ષાર્થીઓના વિરોધ પ્રદર્શને હિંસક રૂપ ધારણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ અપૂરતી મુસાફરી વ્યવસ્થાનો આરોપ મૂકતા ટ્રેનો રોકી અને પથ્થરમારો કર્યો હતો. જેને પગલે પોલીસને ટિયર ગેસ, લાઠીચાર્જ અને હવામાં ફાયરિંગનો સહારો લઇને ભીડને વિખેરવાની ફરજ પડી હતી. આ મામલે અત્યાર સુધીમાં છની ધરપકડ અને ૫૦૦ સામે એફઆઇઆર નોંધવામાં આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર બિહાર પોલીસ પ્રોહિબિશન ડિપાર્ટમેન્ટની પરીક્ષા આપવા જવા માટે હજારો વિદ્યાર્થીઓ પાટલીપુત્ર રેલવે સ્ટેશન પર એકઠા થયા હતા. પરંતુ ભીડ અને મર્યાદિત સેવાઓને કારણે ઘણા વિદ્યાર્થીઓ ટ્રેનમાં ચઢી શક્યા ન હતા. પરિસ્થિતિ વધુ ત્યારે વણસી જ્યારે કેટલાક પ્રદર્શનકારીઓએ કથિત રીતે ઇમર્જન્સી ચેન ખેંચી, ટ્રેનની અવરજવર અટકાવી અને રેલવે સંપત્તિની તોડફોડ શરૂ કરી.

ઇસ્ટ સેન્ટ્રલ ઝોનના રેલવે પ્રોટેક્શન ફોર્સ(આરપીએફ)ના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર જનરલ(આઇજી) અમરેશ કુમારના જણાવ્યા મુજબ મધરાતની આસપાસ જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા જતા ૨૦૦થી વધુ યુવાનો પાટલીપુત્ર સ્ટેશને પહોંચ્યા ત્યારે હંગામો શરૂ થયો હતો. આઇજીએ કહ્યું કે રવિવારે યોજાનારી એક્સાઇઝ વિભાગની પરીક્ષાઓ માટે ટ્રેનો વિદ્યાર્થીઓને રાજ્યના વિવિધ ભાગોમાં લઇ જઇ રહી હતી. પ્રદર્શનકારીઓએ અપૂરતી વ્યવસ્થા હોવાનો આરોપ લગાવ્યો અને પાટા પર બેસી ગયા હતા. તેઓ તેમને સમયસર તેમના મુકામ સુધી પહોંચાડે એવી ખાસ ટ્રેનની માગ કરી રહ્યા હતા.

આઇજીએ જણાવ્યું કે પોલીસે રેલવે અધિકારીઓને અચાનક ઊમટેલી ભીડ વિશે જાણ કરી હતી અને રાત્રે ૨ વાગ્યે એક વિશેષ ટ્રેન આવી હતી. જો કે પાટા પર બેઠેલા લોકો ખસવા તૈયાર ન હતા અને જ્યારે પોલીસે તેમને ખસેડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમણે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. બાદમાં સ્ટેશન પર કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ ૩ વાગ્યા સુધીમાં પરિસ્થિતિ સામાન્ય થઇ ગઇ હતી. જો કે છેલ્લા ઉપાય તરીકે લાઠીચાર્જ અને ટિયર ગેસના શેલનો ઉપયોગ કરવાનો આદેશ આપવો પડ્યો હતો.

આઇજીએ કહ્યું કે સ્ટેશન પર હાજર કેટલાક યુવાનો અસામાજિક તત્ત્વો હોવાનું અનુમાન છે. હકીકતમાં તેઓ પરીક્ષાઓ રદ્દ કરવા માટે હોબાળો મચાવવા માગતા હતા. તેમની હરકતોથી સ્ટેશન પર ટ્રેન સેવાઓ પ્રભાવિત થઇ હતી.

પટના ઝોનના આઇજી જિતેન્દ્ર રાણાએ પત્રકારોને જણાવ્યું કે અમે જીઆરપી અને રેલવે અધિકારીઓના સંપર્કમાં છીએ અને આ ઘટનાના સંદર્ભમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કૃત્યમાં સામેલ લોકોની સીસીટીવી ફૂટેજની મદદથી ઓળખ કરવામાં આવી રહી છે અને તેમને સજા આપવામાં આવશે. આ ઘટનાના સંદર્ભમાં અત્યાર સુધીમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ વહીવટીતંત્રે અંદાજે ૫૦૦ લોકો સામે એફઆઇઆર પણ દાખલ કરી છે.

## બૈરુત પર ઈઝરાયલનો હુમલો

ઈસ્લામાબાદઃ ઈઝરાયલના લશ્કરે રવિવારે બૈરુતમાં હિઝબુલ્લાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હવાઈહુમલા કર્યા હતા. આ હુમલાને લીધે લેબેનોનની રાજધાની બૈરુત ધુમાડાથી ઢંકાઈ ગઈ હતી.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ માહિતી આપી હતી કે આ હુમલા હિઝબુલ્લાના ઉત્તર ઇઝરાયલ પરના હુમલાને પગલે કરવામાં આવ્યા હતા.

ઇઝરાયલે એક અઠવાડિયા અગાઉ બૈરુત પર હુમલો કર્યો હતો ત્યારે ઈરાને ઇઝરાયલ પર બદલો લેવા હુમલો કર્યો હતો.

ઇરાન હિઝબુલ્લાનું પ્રખર ટેકેદાર છે. ઇરાને એવો આગ્રહ રાખ્યો છે કે અમેરિકા અને ઇરાન વચ્ચે યુદ્ધ અટકાવવા થનારી શાંતિ સંધિમાં ઇઝરાયલ લેબેનોન પરના હુમલા બંધ કરશે એવી શરતને દાખલ કરાય.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન સાથે યુદ્ધ શરૂ કર્યું તેના બે દિવસ બાદ બીજી માર્ચે હિઝબુલ્લાએ ઇઝરાયલ પર મિસાઈલનો મારો ચલાવ્યો હતો.

## બિહારમાં નીટ સહિતની પરીક્ષાઓના નકલી પ્રશ્નપત્રો વેચી લાખોની છેતરપિંડી, ચાર ઝડપાયા

મુઝફ્ફરપુર (બિહાર) : બિહાર પોલીસે મુઝફ્ફરપુર જિલ્લામાંથી ઉમેદવારો અને તેમના વાલીઓને નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ, અંડરગ્રેજ્યુએટ (નીટ-યુજી) સહિત વિવિધ પરીક્ષાઓના નકલી પ્રશ્નપત્રો વેચવાના આરોપમાં ચાર લોકોની ધરપકડ કરી છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું.

ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ હર્ષ, અમન કુમાર, કન્હૈયા કુમાર અને હર્ષ કનોડિયા તરીકે થઈ છે. પોલીસે શનિવારે સાંજે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ત્રણ મોબાઇલ ફોન જપ્ત કર્યા હતા. ધરપકડ કરાયેલી વ્યક્તિઓ એક નેટવર્ક ચલાવી રહ્યા હતા જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે નીટ સહિત વિવિધ પરીક્ષાઓના નકલી પ્રશ્નપત્રો વેચીને વાલીઓને છેતરતા હતા.

મુઝફ્ફરપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક કાંતેશ કુમાર મિશ્રાએ રવિવારે પત્રકારોને જણાવ્યું હતું કે મનીષ ઝા પાસેથી મળેલી જાણકારીના આધાર પર પોલીસે શનિવારે એ ચાર સાથીઓની ધરપકડ કરી હતી. મનીષ ઝાની આ આરોપમાં ૨ જૂને સિકંદરપુર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળના બાલુ ઘાટ વિસ્તારમાંથી ધરપકડ કરાઈ હતી. પૂછપરછ દરમિયાન અને તેમના કબૂલાતના નિવેદનોના આધારે એવું બહાર આવ્યું છે કે તેઓ પ્રશ્નપત્રો પૂરા પાડી શકે છે તેવો દાવો કરીને ઉમેદવારોને છેતરવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરતા હતા.

## આંધ્ર પ્રદેશના પલનાડૂ જિલ્લામાં બોટ પલટી જતા ચારના મોત

પલનાડૂ (આંધ્ર પ્રદેશ) : આંધ્ર પ્રદેશના પલનાડુ જિલ્લામાં કૃષ્ણા નદીમાં રવિવારે માછલી પકડવાની એક નાની મોટર વિનાની બોટ પલટી જતા ચાર લોકોના ડૂબી જવાથી મોત થયા હતા, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ઘટના બની ત્યારે ભોગ બનેલા લોકો એક માછીમારી બોટમાં સવાર થઈને નદીમાં ગયા હતા અને એક નાના ટાપુ પરથી પાછા ફરી રહ્યા હતા.

સત્તેનાપલ્લીના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) હનુમંત રાવે પીટીઆઈને જણાવ્યું હતું કે બે પુરુષો અને બે મહિલાઓ ડૂબી ગયા હતા. બોટમાં બાળકો પણ સવાર હતા. માનવામાં આવી રહ્યું છે કે તેમની હલનચલનના કારણે બોટનું સંતુલન બગડ્યું અને તે પલટી ગઈ હતી. બાળકો એક તરફ ખસી જતા બોટ ઝૂકી ગઇ હતી. નદી કિનારાથી લગભગ ૧૫ મીટર દૂર બોટ પલટી ગઈ હતી.

# ભારતની ‘રિફોર્મ એક્સપ્રેસ’ અટકશે નહીંઃ મોદી

## ફ્રાન્સમાં ‘ભારત ઈનોવેટ્સ ૨૦૨૬’ કાર્યક્રમનું કર્યું ઉદ્ઘાટન

નીસઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના નીસમાં ‘ભારત ઇનોવેટ્સ ૨૦૨૬’ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું કે ભારત એઆઈ અને ઈનોવેશન ક્ષેત્રમાં એક મોટી તાકાત બનીને ઉભરી રહ્યું છે. ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. ભારત નવી ટેકનોલોજી દ્વારા વૈશ્વિક પડકારોનો સમાધાન આપી રહ્યું છે. તેમની સરકારના સુધાર કાર્યક્રમોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ‘રિફોર્મ એક્સપ્રેસ’ અટકવાની નથી. રિફોર્મ સતત આગળ વધતા રહેશે અને તેનાથી સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશનને વધુ તાકાત મળશે.

વડા પ્રધાને કહ્યું હતું કે ભારત અને ફ્રાન્સ વચ્ચેનો સંબંધ ફક્ત વેપાર અથવા વ્યૂહાત્મક સહયોગનો નથી, પરંતુ તે સહિયારા મૂલ્યો અને સહિયારા દ્રષ્ટિકોણ પર આધારિત છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો સંબંધ જોડાણ, વિશ્વાસ, ઈનોવેશન અને પ્રેરણા દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ મજબૂત ભાગીદારીના આધારે ભારત અને ફ્રાન્સ નવી ટેકનોલોજી, શિક્ષણ, સંશોધન અને ભવિષ્યના ક્ષેત્રોમાં સાથે મળીને આગળ વધી રહ્યા છે.

વડા પ્રધાન મોદીએ ભારતની વધતી જતી વૈશ્વિક ભૂમિકા પર ભાર મૂક્યો અને કહ્યું કે દેશ હવે ફક્ત વૈશ્વિક સ્તરે વિકસિત ટેકનોલોજી અને ઉકેલોનો ગ્રાહક નથી, પરંતુ વૈશ્વિક પડકારોના ઉકેલો બનાવવામાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આજે ભારત ઈનોવેશન, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જે વિશ્વ માટે એક નવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.

તેમના મતે વિશ્વના ઘણા દેશો વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારીમાં પ્રવેશ કરે છે, પરંતુ થોડા જ સહિયારા દ્રષ્ટિકોણ અને સહિયારા ભવિષ્યના લક્ષ્યો પર આધારિત છે. ભારત-ફ્રાન્સ સંબંધો તે શ્રેણીમાં આવે છે.

મોદીએ કહ્યું કે બંને દેશોએ સુરક્ષા, આબોહવા પરિવર્તન, ઊર્જા અને ટેકનોલોજીકલ વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કર્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ અને એઆઈ જેવી ઊભરતી ટેકનોલોજીમાં વધતા સહયોગનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે આ ભાગીદારી ફક્ત બંને દેશો માટે જ નહીં પરંતુ વૈશ્વિક હિતો માટે પણ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

આ કાર્યક્રમમાં હાજર ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને સંશોધકોને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે ભારતમાં ઈનોવેશનની સંસ્કૃતિ ઝડપથી મજબૂત થઈ રહી છે. દેશના યુવાનો સ્ટાર્ટઅપ્સ દ્વારા નવી ટેકનોલોજી અને ઉકેલો વિકસાવી રહ્યા છે, જે ફક્ત ભારતીય સમાજની જરૂરિયાતોને પૂર્ણ કરતા નથી પરંતુ વૈશ્વિક સમસ્યાઓના ઉકેલો પણ પૂરા પાડે છે. તેમણે કહ્યું કે ભારત ટકાઉ વિકાસ અને સારા ભવિષ્ય માટે ઈનોવેશન લાવી રહ્યું છે અને હવે વિશ્વ માટે પણ ઉકેલો શોધી રહ્યું છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને પણ આ પ્રસંગે ભારતની વૈજ્ઞાનિક અને તકનીકી સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. ચંદ્રયાન-૩ ચંદ્ર પર ઉતરાણનો ઉલ્લેખ કરતા તેમણે ભારતની તકનીકી ક્ષમતાઓની પ્રશંસા કરી અને વડા પ્રધાન મોદીને તેમના લાંબા કાર્યકાળ બદલ અભિનંદન આપ્યા. ભારતને ઊભરતી વૈશ્વિક ઈનોવેશન શક્તિ તરીકે વર્ણવતા મેક્રોને ટેક્નોલોજી અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

‘ભારત ઇનોવેટ્સ’ કાર્યક્રમને ભારત, ફ્રાન્સ અને અન્ય દેશોના સ્ટાર્ટઅપ્સ, વેન્ચર કેપિટલ ફર્મ્સ, નીતિ નિર્માતાઓ અને સંશોધકોને એક મંચ પર લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પહેલ માનવામાં આવે છે, જે ભવિષ્યમાં વૈશ્વિક સ્તરે નવી ભાગીદારી અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે.

અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જણાવ્યા અનુસાર, છેલ્લાં ૧૨ વર્ષોમાં દેશમાં સામાન્ય લોકો માટે વધુ સારી આરોગ્ય સેવાઓને સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કામ કરવામાં આવ્યું છે. રવિવારે પીએમ મોદીએ કહ્યું કે સરકાર સ્વસ્થ ભારત બનાવવા માટે આવી તમામ પહેલો ચાલુ રાખશે. પીએમ મોદીએ કહ્યું કે સરકારને એ વાત પર ગર્વ છે કે ‘‘ભારત વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના આયુષ્માન ભારત માટે ઓળખવામાં આવે છે જે સમાજના સૌથી જરૂરિયાતમંદોને ઉચ્ચ ગુણવત્તાવાળી આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે.’’

તેમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર કહ્યું હતું કે છેલ્લાં ૧૨ વર્ષોમાં ભારતે વધુ સારી આરોગ્ય સેવાઓને વધુ સસ્તી અને ઉપલબ્ધ બનાવવા માટે સતત કામ કર્યું છે. મોદીએ કહ્યું કે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના જેવી યોજનાઓએ દવાઓ, સ્ટેન્ટ અને ઘૂંટણ રિપ્લેસમેન્ટને સસ્તું બનાવ્યું છે, જેનાથી મોટી સંખ્યામાં લોકોને ફાયદો થયો છે. તેમણે કહ્યું કે વધુ સંસ્થાઓ અને બેઠકોની ઉપલબ્ધતાને કારણે તબીબી શિક્ષણ પહેલા કરતાં વધુ સુલભ બન્યું છે. વડા પ્રધાને કહ્યું કે અમે સ્વસ્થ ભારત બનાવવા માટે અત્યાર સુધી થયેલી પ્રગતિ પર આગળ વધીશું.કેન્દ્ર સરકારના નાગરિક જોડાણ પ્લેટફોર્મ, ‘માયગોવ ઇન્ડિયા’ અનુસાર, આરોગ્ય સેવાઓની સરળ પહોંચ સુનિશ્ચિત કરવી એ કોઈપણ દેશ માટે સૌથી મહત્વપૂર્ણ રોકાણોમાંનું એક છે. ‘માયગોવ ઇન્ડિયા’ એ જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે વધુ લોકોને, વધુ કાર્યક્ષમ રીતે અને ઓછા ખર્ચે સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આજે દેશની આરોગ્યસંભાળ વ્યવસ્થા નાગરિકો માટે વધુ સુલભ, વધુ લવચીક અને ભવિષ્યની જરૂરિયાતો માટે તૈયાર છે.

‘માયગોવ ઇન્ડિયા’ અનુસાર, મજબૂત આરોગ્ય વ્યવસ્થા વધુ ડોકટરો, સારી તાલીમ અને તબીબી શિક્ષણની વ્યાપક પહોંચથી શરૂ થાય છે.

## ઝારખંડ,યુપીમાં વીજળી પડતા ૧૧નાં મોત

રાંચી/ચંદૌલી : ઝારખંડ અને ઉત્તર પ્રદેશમાં વીજળી પડતાં ૧૧ જણનાં મોત થયાં હતાં. ઝારખંડના છ જિલ્લામાં આકરા હવામાનને લીધે વીજળી પડતા ત્રણ મહિલા અને બે બાળક સહિત ઓછામાં ઓછા આઠ જણ મરણ પામ્યાં હતાં, જ્યારે યુપીના ચંદૌલી જિલ્લામાં વીજળી પડતાં બે મહિલા અને એક સગીરા મરણ પામી હતી. કનોજમાં ભારે વરસાદ અને જોરદાર પવનને લીધે છાપરું અને શેડ તૂટી પડતાં સાત જણ ઘાયલ થયા હતા. આખા રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો અને સુસવાટા કરતો પવન ફૂંકાયો હતો.

ઝારખંડમાં આઠ મૃતકોમાંથી રાંચી અને ગરહવા દરેક જિલ્લામાં બે રહેવાસી હતા. બાકીના મૃતકોમાં છતરા, ગિરિગિહ, સરાયકેલા-ખરસાવાં અને જમતારા જિલ્લાના એક રહેવાસી હતા.

પોલીસ અધિકારીએ માહિતી આપી હતી કે છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા આઠ જણ મરણ પામ્યાં હતાં રાંચીના બદાયુ ગામમાં જતિ માલી (૫૫) અને નિરશો દેવી (૩૩) ખેતરમાં કામ કરતા હતાં ત્યારે તેમના પર વીજળી પડી હતી. દરમિયાન ઉત્તર પ્રદેશના ચંદૌલી જિલ્લામાં શનિવારના બપોરના તોફાન દરમિયાન બજરડિહા ગામનાં શંકુતલા (૬૮) પર વીજળી પડતાં તેનું મરણ થયું હતું. વરસાદ ઓચિંતો પડવાનું ચાલુ થતા શંકુતલા કોઈ જગ્યાએ આશરો લે એ પહેલાં તેના પર વીજળી પડી હતી. (એજન્સી)









**ફ્રાંસ યાત્રાઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના પ્રવાસ દરમિયાન ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેક્રોનને મળીને દ્વિપક્ષ મુદ્દે ચર્ચા કરી હતી. આપસમાં સહકાર વધારવા કરાર કર્યા હતા, ‘ભારત ઈનોવેટર્સ’ ઈવેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું અને વેન્ચર કેપિટાલિસ્ટ્સ સાથે સલાહમસલત કરી હતી. (એપી-પીટીઆઈ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રામમંદિરમાં દાનની ચોરી, ધર્મના નામે અધર્મ કેમ ચાલે છે?

**ભારતમાં** ધર્મથી વધારે નફાકારક કોઈ ધંધો નથી ને ધર્મના નામે લોકોને બહુ સરળતાથી ધૂતી શકાય છે. આપણે ત્યાં સાવ લેભાગુઓ પણ ધર્મના નામે હાટડી ખોલીને બેસી જાય ને ભોળી, અબૂધ પ્રજાને ધૂતીને પોતાનાં ઘર ભરે એવા તો હજારો કિસ્સા જોવા મળે છે, પણ કોઈ મોટા મંદિરમાં આ જ ધંધો ચાલતો હોવાની ખબર પડે ત્યારે મોટો આઘાત લાગે.

અયોધ્યાના ભગવાન શ્રી રામ મંદિરમાં ચઢાવાના ૭ કરોડ રૂપિયાની ચોરીની ઘટનાએ દેશના કરોડો શ્રદ્ધાળુઓને આવો જ આઘાત આપી દીધો છે. પોતાના લોભ-લાલચ ને પૈસાની હવસ સંતોષવા નીચ લોકોએ ભગવાન રામને પણ ના છોડ્યા એ શરમજનક તો છે જ પણ આ દેશનાં લોકો માટે આંખ ઉઘાડનારી ઘટના પણ છે.

અયોધ્યાના રામમંદિરનો વહીવટ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નજીકના ગણાતા ચંપત રાય કરે છે અને બીજા કારભારીઓ પણ ભાજપ તથા ભાજપના પિતૃ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયા છે. ભાજપના નેતાઓએ જ આક્ષેપ કર્યો છે કે, કારભારીઓની રહેમ નજર હેઠળ શ્રદ્ધાળુઓ મંદિરમાં આસ્થાપૂર્વક રોકડ રકમ કે બીજું કંઈ પણ ધરે તેમાંથી કટકી થાય છે અને ધર્મ માટે વપરાવાના બદલે આ રકમ બારોબાર બહાર જતી રહે છે.

આઘાતની વાત એ છે કે, ચોરીના આક્ષેપો લાંબા સમયથી થઈ રહ્યા છે, પણ મંદિર ટ્રસ્ટના કારભારીઓ તેને ગણકારતા જ નહોતા. સમાજવાદી પાર્ટી સરકારમાં મંત્રી રહેલા પવન પાંડેએ દાવો કરેલો કે, રામ મંદિરના દાનમાંથી લગભગ સાડા સાત કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી છે, પણ ચંપત રાયે એમ કહીને હાથ ખંખેરી નાંખ્યા કે, આ વાત બકવાસ છે અને અત્યાર સુધી આવી કોઈ વાત બહાર આવી નથી.

યોગી સરકારમાં પણ મંદિરના દાનની રકમની ચોરીની ફરિયાદ કરાયેલા પણ યોગી સરકારે પણ કોઈ રસ નહોતો બતાવ્યો. છેવટે ભાજપના નેતાઓએ વડાપ્રધાન મોદીને ફરિયાદ કરવી પડી. તેમાં પણ પહેલા પત્રને તો ગણકારાયો નહોતો પણ દરમિયાનમાં હાઈ કોર્ટમાં અરજી થઈ ને ભાજપ નેતા ડો. રજનીશ સિંહે વડા પ્રધાન મોદીને બીજો પત્ર લખીને સીબીઆઈ તપાસની માંગ કરી પછી તપાસ શરૂ થઈ. ડૉ. સિંહના પત્રને પગે ૧૦ જૂને વડા પ્રધાન કાર્યાલય પીએમઓ એ મંદિર ટ્રસ્ટ પાસેથી રિપોર્ટ માંગ્યો પછી બધા દોડતા થઈ ગયા.

રામમંદિર ભવન નિર્માણ સમિતિના પ્રમુખ નૃપેન્દ્ર મિશ્રાએ તાત્કાલિક ૧૦ જૂને જ ટ્રસ્ટના સભ્યોની બેઠક બોલાવીને દાનની રકમ, તેના ઉપયોગ અને હિસાબ-કિતાબ સહિતની તમામ બાબતો પર રિપોર્ટ બનાવવા ફરમાન કરવું પડ્યું. મંદિર ટ્રસ્ટે આબરૂ બચાવવા માટે શનિવારે યોગીને પત્ર લખીને ચોરીના દાવાની તપાસ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ એસઆઇટી દ્વારા કરાવવાની માગ કરી નાંખી.

અત્યાર લગી ઊંઘી રહેલા યોગી પણ સફાળા જાગી ગયા ને કલાકોમાં તો લખનઊના મ્યુનિસિપલ કમિશનર વિજય વિશ્વાસ પંત, આઈપીએસ અધિકારી કિરણ એસ. અને એડિશનલ ફાઇનાન્સ સેક્રેટરી નીલ રતનની ત્રણ સભ્યોની એસઆઈટી બનાવી દીધી. એસઆઈટી બન્યાના કલાકોમાં તો મંદિરના કર્મચારી લવકુશ મિશ્રાના ઘરે દરોડો પબણ પડી ગયો અને આ દરોડામાં છાણાંમાં છૂપાવેલા ૧૦ લાખ રૂપિયા મળી આવ્યા. બીજે છૂપાવેલી લાખોની રોકડ પણ મળી છે.

લવકુશ મંદિરમાં ચઢાવાની રકમ ગણવાનું કામ કરતો હતો. લવકુશના સસરા અને સાળો અનુકલ્પ મિશ્રા પણ મંદિરમાં નોકરી કરે છે ને સસરાએ જ લવકુશને નોકરીએ લગાડેલો. લવકુશની તપાસમાં અનુકલ્પ પણ સામેલ હોવાની વાત બહાર આવતાં તેને પણ પોલીસે ઉઠાવી લીધો છે. અનુકલ્પ અને લવકુશ બંને હાલ પોલીસ કસ્ટડીમાં છે.

અનુકલ્પ અને લવકુશ પાસેથી બિનહિસાબી લાખોની રકમ મળી આવી તેના પરથી મંદિરમાંથી ચોરી થતી હોવાની વાત તો સાચી સાબિત થઈ જ ગઈ છે પણ અસલી ચોરો પકડાવા વિશે શંકા છે. એસઆઈટીએ અચાનક જ હરકતમાં આવીને ધડાધડ કાર્યવાહી કરી તેના પરથી લાગે છે કે, આ અસલી ચોરોને બચાવીને અનુકલ્પ અને લવકુશ જેવા નાના ચોરોને ફિટ કરી દેવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે. એસઆઈટી સાત દિવસમાં રિપોર્ટ આપવાની છે. આ રિપોર્ટમાં શું બહાર આવશે એ ખબર નથી પણ એસઆઈટીએ મંદિરના મોટા કારભારીઓને હાથ પણ નથી લગાડ્યો એ જોતાં અત્યારે તો નાના ચોરો પર બધું આળ ઢોળી દેવાશે એવું લાગે છે.

અત્યાર સુધી થયેલા આક્ષેપોમાં ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય સહિતના કારભારીઓ જ ચોરીના ખેલના પડદા પાછળના અસલી ખેલાડી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહ ફેબ્રુઆરી ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ સુધી રામ મંદિરના એકાઉન્ટ ઓફિસર હતા. મહિપાલસિંહે આક્ષેપ કર્યો છે કે, મંદિરમાં ૨૦૨૧થી ચોરી થઈ રહી છે. દાનમાં આવતા સોના-ચાંદીનો કોઈ લેખિત રેકોર્ડ રાખવામાં આવતો નથી, સોના-ચાંદી સહિતના ધાતુના દાનના ફોટો લેવામાં આવતા ને પછી આ બધી ચીજો ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયને મોકલી દેવામાં આવતી હતી.

આ કિંમતી સામાન ક્યાં જમા થતો હતો તેની ખબર કોઈને નથી. ચંપત રાયનો ડ્રાઈવર રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ આવીને બધું લઈ જતો ને પછી એ બધું ક્યાં જતું તેની કોઈને ખબર નથી. એ જ રીતે દાનની રોકડ રકમ બેંકમાં જમા કરાવવા માટે પણ રામશંકર યાદવ જ જતો. મહિપાલસિંહે દરરોજ કેટલી રકમ આપી તેનો રેકોર્ડ રાખવા માટે રામશંકર યાદવ રોકડ લઈ જાય ત્યારે વાઉચર પર તેની સહી લેવાની સિસ્ટમ શરૂ કરાવેલી પણ રાયે એ સિસ્ટમ બંધ કરાવી દીધી હતી. તેના કારણે વરસોથી દાનપેટીમાંથી નિકળેલી તમામ રકમ બૅન્કમાં જમા કરાવવા વિશે પણ શંકા છે.

મહિપાલ સિંહે ગંભીર આક્ષેપ એ કર્યો છે કે, મંદિરમાં ચોરી રોજ થતી હતી અને મેં પોતે ચોરી પકડી હતી. તેની ફરિયાદ રામ મંદિર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય અને સભ્ય ગોપાલજીને કરતાં જ બીજા જ દિવસે ચંપત રાયે મને હટાવી દીધો હતો. મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરાના આઠ મહિના જૂના ફૂટેજ ડિલીટ કરાવી દેવામાં આવ્યા હતા. મહિપાલસિંહે બીજા પદાધિકારીઓનાં નામ પણ લીધાં છે.

આ ઘટનાક્રમ અત્યંત આઘાતજનક છે. તપાસમાં શું બહાર આવશે ને ખરા ચોરોને સજા થશે કે નહીં એ ખબર નથી પણ હિંદુઓની આંખો આ ઘટના પછી ખૂલવી જોઈએ. ધર્મમાં શ્રદ્ધા હોવી અને ધર્મના નામે દાન કરવામાં કશું ખોટું નથી પણ આ દાન ધર્મના ભલા માટે નહીં પણ ચોરી કરીને ચોક્કસ લોકોના ભલા માટે જ વપરાય ત્યારે એ અધર્મ બની જાય છે. આપણે ત્યાં બધાં મંદિરોમાં આ અધર્મ નથી થતો પણ મોટા ભાગનાં મંદિરોમાં થાય છે.

આ અધર્મ થાય છે કેમ કે હિંદુઓ કાયર છે ને પોતાના જ ધર્મના નામે થતા જાકુબીના ધંધાઓ સામે કશું બોલ્યા વિના કે કર્યા વિના બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી રહે છે. અબજો રૂપિયાનું દાન મેળવતાં મંદિરો હિંદુઓ માટે કશું કરતાં નથી ને મૂઠઠીભર લોકો આ દાનની રકમ પર તાગડધિન્ના કરે છે. ધર્મના ઠેકેદારો તેની સામે ચૂપ છે, સરકાર ચૂપ છે ત્યારે હિંદુઓએ પોતે જ આ ચોરોને તગેડવા બાંયો ચડાવવી પડે, બાકી હિંદુત્વના નામે આ ધંધા ચાલતા જ રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, સોમવાર, તા. ૧૫-૬-૨૦૨૬, સોમવતી અમાસ,શ્રી વિષ્ણુ અને શિવ ની ભક્તિનો અતિ દુર્લભ અને પવિત્ર અવસર,સંક્રાન્તિ પુણ્યકાળ

- ભારતીય દિનાંક ૨૫, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ –30
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ–30
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે 3જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ 30મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૧૯–0૭ સુધી, પછી આર્દ્રા,ચંદ્ર વૃષભમાં સવારે ક. 0૮–૪0 સુધી, પછી મિથુનમાં.ચંદ્ર ● રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. 0૬ મિ. 0૨, અમદાવાદ ક. 0૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨–૧૬, રાત્રે ક. ૨૩–૫૩,ઓટઃ સાંજે ક. ૧૮–૨૦, મધ્યરાત્રિ પછી ક. 0૬–0૯ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – અમાવસ્યા. સોમવતી અમાવસ્યા , નિરયન સૂર્ય મિથુન રાશિમાં બપોરે ક. ૧૨–૫૧, મુહૂર્ત 30, સામ્યાર્ઘ, પ્રતિપદા ક્ષય તિથિ છે. સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨–૫૧ થી સૂર્યાસ્ત, રાજસ સંક્રાંતિ (ઓરિસ્સા), ઈષ્ટિ, શુભ કાર્ય વર્જ્ય છે. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વિશેષ રૂપે ચંદ્ર પૂજા,જાપ,હવન,ખેરનું વૃક્ષ વાવવું,તીર્થમાં પિતૃશ્રાદ્ધ, તર્પણ, સ્નાન, નિત્ય થતાં દુકાન–વેપાર, પશુ લે–વેચ,ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા,સોમવતી અમાસનાં નિયમ પાલન આખો દિવસ ,અહોરાત્રમાં કરવાં.
- પુરુષોત્તમ માસ મહિમાઃ અધિક માસના અંતિમ દિવસે યથાશક્તિ બ્રાહ્મણ ભોજન, સીધું (કાચું અન્ન) ,તીર્થમાં સ્નાન,દાન આપવું અને આખા મહિનાના નિયમોનું ધામધૂમથી ઉદ્યાપન કરવું.આજ રોજ શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચનનું મહત્ત્વ છે.આજ રોજ તીર્થમાં તર્પણ શ્રાદ્ધ,પીંડ શ્રાદ્ધ, ગાયમાતાનું પૂજન,સમાજોપયોગી સેવા કાર્યો કરવાં. પીપળાનાં વૃક્ષનું પૂજન,જળ અભિષેક,જરૂરિયાતમંદને મદદ કરવી, સુપાત્રને દાન આપવું, ગૌશાળા,અનાથાલયોમાં દાન આપવું.અન્ન,વસ્ત્ર,તલનું દાન આપવું.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય યુતિ સમાજ સાથેના વ્યવહારમાં સંભાળવું, ચંદ્ર–રાહુ ત્રિકોણ કરકસર કરવાવાળા, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય યુતિ (અધિક જયેષ્ઠ અમાસ), ચંદ્ર–રાહુ ત્રિકોણ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૧૬). ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૭ અંશ અને ૫૯ કળાના અંતરે રહે છે. બુધ પૂર્વમાં ખૂબ ઊંચે ૨૪.૫ અંશના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ/ મિથુન, મંગળ–મેષ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કર્ક, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# ડૉલર અને રૂપિયામાં ઉતાર-ચઢાવ પાછળ અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળો કારણભૂતઃ સીતારમણ

બેંગલૂરું : કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવારે જણાવ્યું હતું કે અમેરિકન ડૉલરની સરખામણીએ રૂપિયામાં ઉતાર-ચઢાવ અનેક વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના કારણે થાય છે. જેમાં ભૂરાજકીય અનિશ્ચિતતાઓ, વિદેશી મૂડીની હિલચાલ અને ક્રૂડ તેલ, ખાતરો અને સોના માટે ભારતની આયાત પર નિર્ભરતા સામેલ છે.

તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ) ફક્ત અતિશય ઉતાર-ચઢાવને રોકવા માટે દખલ દે છે નહીં કે કોઈ નિશ્ચિત વિનિમય દર જાળવવા માટે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થયાના અવસર પર બેંગલુરું નજીક દેવનહલ્લી ખાતે એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં સીતારમણે કહ્યું કે વિનિમય દર વિવિધ બાહ્ય ઘટનાઓ અને બજારની પરિસ્થિતિઓથી પ્રભાવિત થાય છે.

તેમણે કહ્યું હતું કે ''જ્યારે પણ ગંભીર ઉતાર-ચઢાવ અથવા અસ્થિરતા હોય છે ત્યારે રિઝર્વ બેન્ક બજારમાં દખલ કરે છે. કિંમત નક્કી કરવા માટે નહીં પણ ફક્ત કોઈપણ પ્રકારની વધઘટ રોકવા માટે દખલ કરે છે. રિઝર્વ બેન્ક સ્થિતિ સંભાળે છે, તેને સ્થિર રાખે છે અને પછી હટી જાય છે. જેના માટે તે રિઝર્વ પાસેથી વિદેશી વિનિમયનો ઉપયોગ કરે છે. એટલા માટે તે ઘણુ ઓછું કરે છે. નાણામંત્રીએ કહ્યું કે યુએસ ફેડરલ રિઝર્વ નીતિના નિર્ણયો, વૈશ્વિક ચલણની ગતિવિધિઓ અને વિદેશી રોકાણના પ્રવાહ જેવા પરિબળો રૂપિયાને અસર કરે છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે રૂપિયો અને તેની વધઘટ વિવિધ પરિબળોને કારણે થાય છે. બહારની અનિશ્ચિતતાઓ, યુએસ ફેડનું પોતાના દેશમાં વ્યાજ દરો વધારવા અથવા ઘટાડવાની વાત કરે છે. જાપાનીઝ યેન ડૉલર સામે તૂટી જાય છે અને કોરિયન વોનનું તૂટવું. તો આવા અનેક કારણો છે જે દેશો અને ચલણો વચ્ચે વિનિમય દર નક્કી કરે છે.

સીતારમણે કહ્યું કે વિદેશી સંસ્થાકીય અને સીધા રોકાણકારોએ અમેરિકામાં ઘટનાક્રમોના કારણે નફો કરવા અને ફંડને અન્ય જગ્યાએ લઈ જવા માટે રિઝર્વ અને ચલણની ગતિવિધિઓ પર પણ અસર પડી. ભારતને ક્રૂડ તેલ, ખાતરો અને સોનાની આયાત કરવાની જરૂરિયાતને કારણે નોંધપાત્ર ડૉલર ચુકવણીની જરૂર હતી, જેના કારણે વિદેશી વિનિમય વ્યવસ્થાપન મહત્વપૂર્ણ બની જાય છે.

ખાતરની સબસિડી પર પ્રકાશ પાડતા તેણીએ કહ્યું હતું કે, ''કોવિડના સમયથી એક થેલી અમે ૩૦૦ રૂપિયામાં આપી રહ્યા છીએ. કોવિડ પછી જ્યારે અમે તેને વિદેશી દેશોમાંથી આયાત કરી ત્યારે તે એક બેગની કિંમત ૩૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. જેનો અર્થ છે કે અમે ખેડૂતદીઠ પ્રતિ થેલી ૨,૭૦૦ રૂપિયાની સબસિડી આપી રહ્યા છીએ. કર્ણાટક સરકાર દ્વારા રાજ્યને ભંડોળનો યોગ્ય હિસ્સો આપવામાં ન આવતા હોવાના આરોપો અંગે સીતારમણે કહ્યું કે ફાળવણી કેન્દ્ર સરકાર દ્વારા નહીં, પરંતુ નાણા પંચ દ્વારા નક્કી કરવામાં આવે છે. આ અંગેનો નિયમ નક્કી કોણ કરે છે? કેન્દ્ર સરકાર કે વડા પ્રધાન મોદી નહીં પરંતુ નાણાં પંચ કરે છે. એક નાણાં પંચ છે જે બધા રાજ્યોમાં ફરે છે અને કેટલાક માપદંડોના આધારે નિર્ણય લે છે. તે એક વખત નક્કી કરે છે કે, આગામી પાંચ વર્ષ માટે ગમે તે થાય કેન્દ્ર સરકારે રાજ્યને ચૂકવણી કરવી પડશે.

છેલ્લા પાંચ, છ વર્ષમાં ભારત સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. અને આ વર્ષે જ્યારે જીડીપીના આંકડા આવ્યા ત્યારે ઉત્પાદનથી લઈને કૃષિ, સેવા, લોજિસ્ટિક્સ, પરિવહન, દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

# દેહરાદૂનમાં ભાજપ નેતાની હત્યાથી ભારે તંગદિલીઃ આરોપીઓના ઘર પર પથ્થરમારો-આગજની

દેહરાદૂનઃ ઉત્તરાખંડના દેહરાદૂનમાં ભાજપ નેતા વિનોદ કશ્યપની હત્યાથી ભારે તંગદિલીભર્યો માહોલ સર્જાયો છે. વિનોદ કશ્યપની કેટલાક લોકોએ માર મારીને હત્યા નીપજાવી હતી. જેના લીધે લોકો ભારે રોષે ભરાયા છે. ભીડે આરોપીઓની ધરપકડ અને તેમનાં ઘરો તોડી પાડવાની માગને લઇને પોલીસની હાજરીમાં પથ્થરમારો કર્યો હતો. તેમજ ઘરોને આગ ચાંપી હતી. હાલ સમગ્ર વિસ્તારમાં તણાવની સ્થિતિ છે.

આ ઘટનામાં ૧૨ લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં રઝાક, ઇમ્તિયાઝ, અમન, યૂનુસ, શાહબાઝ, શરાફત અલી, માસૂમ, આદિલ, શમૂન, સલમાન, જાવેદ, ઇન્તઝારના નામનો સમાવેશ થાય છે. મુખ્ય આરોપીના ઘરની નજીક ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર એક્શન હાથ ધરવામાં આવ્યું છે.

દેહરાદૂનના બૈરાગીવાલામાં પાણીને લઇને વકરેલા વિવાદમાં વિનોદ કશ્યપની હત્યા કરનારા આરોપીનું ઘર પોલીસ અને વહીવટીતંત્રની હાજરીમાં તોડવામાં આવી રહ્યું છે. ગઇકાલે મોડી રાત્રે પાણીના વિવાદને પગલે કોમી હિંસા ફાટી નીકળી હતી. આરોપ છે કે રોષે ભરાયેલા ટોળાએ પહેલા આરોપીઓના ઘર પર પથ્થરમારો કર્યો અને બાદમાં આગ ચાંપી હતી. આ વિસ્તારમાં પરિસ્થિતિ પર નજર રાખવા માટે ભારે પોલીસ દળ તહેનાત છે.આ હત્યાના બનાવ બાદ પોલીસ વહીવટીતંત્રે ઝડપી અને મોટી કાર્યવાહી કરતા ચાર મુખ્ય આરોપીઓ રઝાક, સલમાન, જાવેદ અને શાહબાઝની ધરપકડ કરી છે. તેમજ લોહિયાળ સંઘર્ષ પછીથી ફરાર અન્ય આરોપીઓને ઝડપથી ઝડપી લેવા પોલીસે કડક વલણ અપનાવતા છ વિશેષ ટીમોની રચના કરી છે. જે સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે.

ભાજપ નેતાની હત્યા બાદ મુખ્ય પ્રધાન ધામીએ કડક વલણ અપનાવતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાના કડક આદેશો જારી કર્યા છે. મુખ્ય પ્રધાને કહ્યું કે ગુનેગાર ગમે તે હોય બચી શકશે નહીં. દેવભૂમિ ઉત્તરાખંડની શાંતિ અને સામાજિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલી જેહાદી અને હિંસક માનસિકતાને કોઇપણ કિંમતે બક્ષવામાં નહીં આવે.

આ દરમિયાન પ્રદર્શનકારીઓનો દાવો છે કે ચોક્કસ સમુદાય દેવભૂમિને કાશ્મીર બનાવવા માગે છે. આ કોઇ સામાન્ય ઘટના નથી. એક હિન્દુ યુવકનું મોબ લિંચિંગ થયું છે. વિરોધમાં ભાગ લેનારા હિન્દુ સંગઠનોના લોકોનો આરોપ છે કે આરોપી પક્ષ લડાયક સ્વભાવના છે. તેઓ અગાઉ પણ જનપ્રતિનિધિઓ પર હુમલો કરી ચૂક્યા છે.

# ખાન સર કોચિંગ સેન્ટર હુમલા કેસમાં આરોપી રોશન આનંદના ભાઇનું નેપાળમાં મોત

પટના : ખાન ગ્લોબલ સ્ટડીઝ અને જ્ઞાન બિંદુ એકેડેમી વિવાદમાં એક નવો વળાંક આવ્યો છે. જ્ઞાન બિંદુ એકેડેમીના ડિરેક્ટર રોશન આનંદના ભાઇ પ્રિન્સ યાદવનું નેપાળના વિરાટનગર સ્થિત એક હોટલમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. પ્રિન્સ યાદવ તેની સામે નોંધાયેલી એફઆઇઆર બાદ ધરપકડથી બચવા માટે નેપાળ ભાગી ગયો હતો.

આ ઘટના બાદ નેપાળ પોલીસે આ કેસની તપાસ હાથ ધરી છે. આ મામલે પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે અને પૂછપરછ ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રિન્સ યાદવ જ્ઞાન બિંદુ એકેડેમીમાં સંચાલન અને વહીવટી કાર્યની જવાબદારી સંભાળતો હતો.

તાજેતરમાં ફૈઝલ ખાન(ખાન સર)ના કોચિંગ સેન્ટર 'ખાન ગ્લોબલ સ્ટડીઝ' સાથેના વિવાદ બાદ રોશન આનંદ અને પ્રિન્સ યાદવ વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવી હતી. આ કેસમાં પોલીસે કાર્યવાહી કરતાં રોશન આનંદની ધરપકડ કરી હતી. તો વળી પ્રિન્સ યાદવ ધરપકડથી બચવા નેપાળ ભાગી ગયો હતો. આ બનાવના થોડા દિવસો પછી વિરાટનગરની એક હોટલમાંથી શંકાસ્પદ પરિસ્થિતિમાં તેનો મૃતદેહ મળી આવ્યો છે.નેપાળ પોલીસે મૃતદેહનો કબજો લઇને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી દીધો છે. હજુ સુધી મોતના કારણનો ખુલાસો થયો નથી. પોલીસ તમામ પાસાઓથી કેસની તપાસ કરી રહી છે. હોટલમાં શંકાસ્પદ મોત બાદ નેપાળ પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. પ્રિન્સ યાદવનું મૃત્યુ ક્યા સંજોગોમાં થયું તેની ભાળ મેળવવા માટે તેઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# યુક્રેનના રશિયા પર હુમલાથી તેલ મથકમાં આગ

મોસ્કોઃ યુક્રેનના બે ડ્રોન હુમલામાં રશિયના નૈર્ઋત્ય જિલ્લાના ઓરયોલ રીજનમાં એક જણ મરણ પામ્યો હતો અને બીજા ડ્રોન હુમલામાં રશિયાના તેલ મથકમાં આગ લાગી હતી. કિવે રશિયાના લશ્કરી અને ઊર્જાના લક્ષ્યો પર હુમલો કરવાની નીતિ ચાલુ રાખી છે. ઓરયોલના રાજ્યપાલ આન્દ્રઈ ક્લિચકોવે રવિવારે કહ્યું હતું કે યુક્રેનના ડ્રોને પ્રાદેશિક રાજધાનીની ઈમરાત પર હુમલો કરતા એક જણ મરણ પામ્યો હતો અને બીજા નવ ઘાયલ થયા હતા.

સ્થાનિક સત્તાવાળાઓએ કહ્યું હતું કે યુક્રેનની સરહદથી ૭૦૦ કિલોમીટર દૂર રશિયાના યારોસ્લે રીજનમાં હુમલાખોરના તેલનાં મથક પર ડ્રોન ત્રાટક્યું હતું. આ મથક રશિયા માટે ઘણું અગત્યનું છે.

યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયાના તેલ અન્ને ગૅસ મથક પરના હુમલા વધારી દીધા છે. યુક્રેનની દલીલ કરી છે કે ઊર્જા ક્ષેત્રમાંથી મળતા ભંડોળને લીધે મોસ્કો ચાર વર્ષ પહેલાંના યુદ્ધને વધુ ભીષણ બનાવે છે.

દરમિયાન બ્રિટન એ વાતની તપાસ કરી રહ્યું છે કે રશિયાના 'છાયા કાફલા'ના ભાગ સમા ટેન્કરને અટકાવીનેજપ્ત કર્યું છે. બ્રિટનના વડા પ્રધાન કેર સ્ટામરે કહ્યું હતું કે દેશે જહાજને અટકાવવાનું આવું પરાક્રમ પહેલી વાર કર્યું છે.

# દિલ્હીમાં કપડાંના શોરૂમમાં આગ

નવી દિલ્હીઃ તાજેતરમાં દિલ્હીમાં આગ લાગવાના અનેક બનાવો સામે આવ્યા છે. પશ્ચિમ દિલ્હીના રાજૌરી ગાર્ડન માર્કેટમાં રવિવારે બપોરે એક કપડાના શોરૂમમાં આગ ફાટી નીકળતા ખળભળાટ મચી ગયો હતો. આ જાણકારી એક અધિકારીએ આપી હતી.અધિકારીએ જણાવ્યું કે આ ઘટનામાં કોઇ જાનહાનિ કે ઘાયલ થયાના અહેવાલ નથી. તેમજ આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.







**મોંઘવારી અને સફાઈઃ** કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે કર્ણાટકના બેંગલૂરુની મુલાકાત દરમિયાન શાકભાજી અને ફળોના ફેરિયાઓને મળીને ભાવ પૂછ્યા હતા અને હાથમાં ઝાડુ લઈને સફાઈ પણ કરી હતી. તેમની સાથે ભાજપના કર્ણાટક એકમના પ્રમુખ વિજેયન્દ્ર અને પક્ષના અન્ય કાર્યકરો પણ જોડાયા હતા. (પીટીઆઈ)

# આજે ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેપાર-ધંધા અને ઉદ્યોગ માટે જગવિખ્યાત ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ આજે રાજ્ય સરકાર જાહેર કરશે. રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, રોકાણો આકર્ષવા અને રોજગારી ઊભી કરવાના આશય સાથે સોમવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની હાજરીમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા આજે નીતિ જાહેર કરવામાં આવશે.

આ અંગે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે નવી નીતિ ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, રોકાણો આકર્ષવા, નવીનતાને પ્રોત્સાહન આપવા, રોજગારીની તકો ઊભી કરવા અને ભારતના અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ સ્થળ તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવવા માટે એક સર્વાંગી રોડમેપ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

આગામી ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોને લગતા કામકાજને (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ) વધુ સરળ બનાવવું, અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવું, એમએસએમઈ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવું, ટેક્નોલોજી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવું તેમજ ઊભરતા અને ઉચ્ચ વિકાસ સંભાવના ધરાવતા ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાના મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે તેવી સંભાવના છે.

વર્ષોથી, ગુજરાત સ્થાનિક અને વૈશ્વિક રોકાણો માટે એક પસંદગીના સ્થળ તરીકે ઊભરી આવ્યું છે, જેને વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ, સક્રિય શાસન, મજબૂત કનેક્ટિવિટી અને કુશળ કાર્યબળનો ટેકો મળ્યો છે. નવી ઔદ્યોગિક નીતિ આ શક્તિઓ પર નિર્માણ કરશે અને ગુજરાતના આર્થિક વિકાસ, રોકાણ આકર્ષણ અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતાને વધુ વેગ આપશે તેવી અપેક્ષા છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ સાથે સૂત્રોએ જણાવ્યું હતું કે આ નીતિમાં ટેક્સટાઈલ્સ વેસ્ટ રિસાઈકલિંગ, એડવાન્સ્ડ ઈલેક્ટ્રોનિક્સ અને સરક્યુલર ઈકોનોમિ જેવા નવા સેક્ટર માટે પણ કંઈક જાહેરાતો થાય તેવી શક્યતા છે. આ સાથે એમએસએમઈ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાથે જોડાયેલા સેક્ટર પર પણ સરકાર ખાસ ધ્યાન આપશે, તેવું માનવામાં આવે છે. ■

# દાદીસાસુ સાથે ઝઘડો કરી વહુ બે સંતાન સાથે કેનાલમાં કૂદી પડી, મોટા દીકરાનું મોત, પતિએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઘરમાં થતી નાનકડી માથાકૂટ પણ ક્યારેક ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે. ગાંધીનગરના કલોલની શેરીસા નર્મદા કેનાલમાં બે સંતાન સાથે માતાએ કરેલા આપઘાતના પ્રયાસમાં પણ આવી જ માહિતી બહાર આવી હતી. કાજલ રાઠોડ નામની ૨૪ વર્ષીય મહિલાએ છ વર્ષ અને ૧૮ માસના બે પુત્ર સાથે કેનાલમાં છલાંગ લગાવી હતી. માતા અને નાના બાળકને બચાવી લેવાયા હતા, પરંતુ છ વર્ષીય સાત્વિકનું મોત નિપજ્યું હતું. સાત્વિકના અંતિમસંસ્કાર કર્યા બાદ પિતા કિસ્મત રાઠોડે પત્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર કાજલનાં દાદીસાસુએ વહુને સફાઈ કર્યા બાદ પોતું કંઈ રીતે મૂકવું તે મામલે ઠપકો આપ્યો હતો. આ મામલે બન્ને વચ્ચે બોલાચાલી થતાં કાજલને લાગી આવ્યું હતું અને તે બે સંતાનને લઈ ઘરેથી નીકળી ગઈ હતી. તેણે પતિને ફોન કરી જણાવ્યું હતું કે હું બે દીકરા સાથે મરવા જાઉં છું. તેનાં ફોન બાદ પતિ કામના સ્થળેથી ભાગ્યો હતો અને સતત ફોન કરતો હતો, પરંતુ તેનો ફોન અધવચ્ચે બંધ થઈ ગયો હતો. ત્યારબાદ સાંજે પતિના ફોન પર એક અજાણ્યા માણસે ફોન કરી કહ્યું હતું કે તેની પત્ની બે સંતાન સાથે કેનાલમાં કૂદી પડી હતી, જેમાંથી પત્ની અને નાના બાળકને બચાવી લેવાયા છે અને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે, જોકે મોટો દીકરો પાણીમાં તણાઈ ગયો હતો. મોટા દીકરાનો મૃતદેહ ૧૧ જૂને મળ્યા બાદ તેના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ પતિએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પતિએ કાજલ વિરુદ્ધ બન્ને દીકરાને મારી નાખવાના ઈરાદે કેનાલમા ફેંકી દેવા મામલે ફરિયાદ નોંધાવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન નર્મદા કેનાલમાં એક ૧૮ વર્ષીય યુવક અને ૧૭ વર્ષીય તરૂણીએ પણ આપઘાત કર્યાની ઘટના બહાર આવી હતી. બન્નેની સગાઇ થઈ ચૂકી હતી અને કાનૂની રીતે પુખ્તવયના થાય ત્યારબાદ લગ્ન થવાના હતા, તેમ પરિવારે જણાવ્યું હતું. યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો જ્યારે તરૂણીની શોધખોળ ચાલી રહી છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સિમકાર્ડના સ્વેપિંગ ફ્રોડમાં અમદાવાદના જ્વેલરે ₹ ૮૩ લાખ ગુમાવ્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉસ્માનપુરાના એક ૩૫ વર્ષીય જ્વેલરે ફરિયાદ કરી હતી કે સાયબર ગુનેગારોએ તેમના રજિસ્ટર્ડ સિમકાર્ડ પર કબજો મેળવી, તેમના નેટ બેંકિંગ ખાતાને ઍક્સેસ કરી રૂ. ૮૩ લાખની કથિત છેતરપિંડી કરી હતી.

શુક્રવારે સાયબર ક્રાઇમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, વેપારી સીજી રોડ પર એક જ્વેલરી શોરૂમ ચલાવે છે અને આર્થિક વ્યવહારો માટે ખાનગી બેંકમાં કંપનીના બેંક ખાતાનો ઉપયોગ કરે છે. ખાતા સાથે જોડાયેલા મોબાઇલ નંબરનો ઉપયોગ ઓટીપી અને ડેબિટ-ક્રેડિટ એલર્ટ મેળવવા માટે થતો હતો. ખાતામાં લગભગ ૧૪ કરોડ રૂપિયાની રોકડ ક્રેડિટ મર્યાદા પણ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૩૦ મેના રોજ, સાંજે ૭.૧૫ વાગ્યા પછી, જ્યારે તે અયોધ્યામાં હતો ત્યારે તેનું સિમ બંધ થઈ ગયું હતું. નેટવર્ક પ્રોબ્લેમને લીધે થયું હોવાનું તે સમયે તેને લાગ્યું હતું. આથી તેણે સિમ કાઢીને ફરીથી ઈન્સર્ટ કર્યું હતું, પરંતુ તેનાથી નેટવર્ક કનેક્શન ફરી થયું નહીં. તેણે વાઈફાઈ દ્વારા વોટ્સએપનો ઉપયોગ કર્યો હતો. ફરિયાદ અનુસાર ૧લી જૂનના રોજ જ્યારે તેમના અકાઉન્ટન્ટે બૅન્ક સ્ટેટમેન્ટ જનરેટ કરવાની કોશિશ કરી ત્યારે બૅંકે ઓટીપી માગ્યો હતો, પરંતુ નેટવર્ક ન હોવાને કારણે ઓટીપી આપી શકાયો ન હતો. તેઓ બીજા દિવસે અમદાવાદ આવ્યા ત્યારે ટેલિકોમ કંપનીએ જણાવ્યું હતું કે ફરિયાદની રિક્વેસ્ટને કારણે તેમનો મોબાઈલ નંબર બંધ કરી દેવામાં આવ્યો છે.

આ વાત બૅંકને કરવામાં આવતા વેરિફિકેશન બાદ તેમને નવો સિમ આપવામાં આવ્યો જે તરત જ ચાલુ થઈ ગયો. જોકે જ્યારે તેમણે પોતાનું બૅંક સ્ટેટમેન્ટ ચેક કર્યું ત્યારે તેમને માલૂમ પડ્યું કે તેમના ખાતામાંથી નાણાંની ઉચાપત થઈ છે. શરૂઆતમાં નવ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૩૩.૮ લાખ અને અન્ય સાત ટ્રાન્ઝેક્શન દ્વારા ૪૯.૪ લાખ ફરિયાદીના બૅંક અકાઉન્ટમાંથી ૧ અને ૨ જૂન દરમિયાન ઉપાડવામાં આવ્યા હતા. સાયબરક્રાઈમ પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતના ગાંધીનગરમાં કૉંગ્રેસની આગેવાનીમાં આજે ફાર્મર રાઈટ્સ ટ્રેક્ટર રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આજે કૉંગ્રેસની આગેવાનીમાં ફાર્મર રાઈટ્સ ટ્રેક્ટર રેલી યોજાનાર છે. પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપ સરકારની નીતિઓને કારણે ખેડૂતો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

કૉંગ્રેસે વધુમાં જણાવ્યું હતું કે કિસાન કૉંગ્રેસ અને કિસાન સંઘર્ષ સમિતિ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ રેલીમાં ગુજરાતના વિવિધ ભાગોમાંથી ખેડૂતો ભાગ લે તેવી અપેક્ષા છે. આ રેલી સવારે ૧૧ વાગ્યે શાંતિપુરા સર્કલથી શરૂ થશે. ગાંધીનગર તરફ જતી રેલીમાં લગભગ ૧,૧૧૧ ટ્રેક્ટર ભાગ લેશે. ત્યારબાદ ખેડૂતો રાજ્ય સરકાર સમક્ષ તેમની માંગણીઓ રજૂ કરશે. આ માગણીઓમાં જમીનનું યોગ્ય વળતર અને ખેડૂતોની દેવા માફીનો સમાવેશ થાય છે, પરંતુ મુખ્યત્વે સરકારી અધિકારીઓ દ્વારા ખાનગી કંપનીઓ માટે ખેતીની જમીનમાંથી પસાર થતી પાવરગ્રીડ વીજ લાઈન નાખવામાં આવી રહી છે, જેનો ખેડૂતો સખત વિરોધ કરી રહ્યા છે. આ રેલીમાં સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાંથી ખેડૂતો જોડાય તેવી સંભાવના છે. ■

# ભુજ એરપોર્ટની કાયાપલટઃ જુલાઈના અંત સુધીમાં નવીનીકરણ પૂર્ણ થશે, રાત્રિ વિમાની સેવા માટે વાયુસેના સહમત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સતત વધી રહેલા ઔદ્યોગિક અને પ્રવાસીય વિકાસને પગલે ભુજ હવાઈ મથકને વૈશ્વિક સ્તરનું બનાવવા માટે હાથ ધરાયેલું નવીનીકરણ આગામી જુલાઈ મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે. ૧૫મી જૂને ઊજવાનારા 'યાત્રી સુવિધા દિવસ' પૂર્વે ભુજ એરપોર્ટના ડાયરેક્ટર નવીનકુમાર સાગરે આ વિગતો જાહેર કરી હતી.

ગત એપ્રિલ ૨૦૨૪થી શરૂ થયેલા આ વિસ્તરણ પ્રકલ્પ બાદ ભુજ એરપોર્ટની યાત્રી ક્ષમતા અને વિમાની સેવાઓમાં ધરખમ વધારો થશે.

આ નવીનીકરણ બાદ ભુજ એરપોર્ટની પ્રવાસી ક્ષમતા વર્તમાન ૫૦૦થી સીધી વધીને ૧૨૦૦ની થશે. એરપોર્ટ ઓથોરિટી દ્વારા રન-વે નજીક ત્રણ મોટા અને બે નાના વિમાનો એકસાથે પાર્ક થઈ શકે તેવું આધુનિક એપ્રોન (પાર્કિંગ સુવિધા) પણ તૈયાર કરી લેવામાં આવ્યું છે. વિમાનો અને મુસાફરોની વધતી સંખ્યાને પહોંચી વળવા માટે ચેક-ઈન કાઉન્ટર્સની સંખ્યા વધારવામાં આવશે તેમજ એરપોર્ટના એન્ટ્રી અને એક્ઝિટ ગેટને પણ મોટા કરવામાં આવશે.

ભુજ એરપોર્ટ સંરક્ષણની દ્રષ્ટિએ વ્યૂહાત્મક હોવાથી ભારતીય વાયુસેના હસ્તક છે. સુરક્ષાના માપદંડો વચ્ચે રાત્રિ વિમાની સેવાઓ શરૂ કરવા અંગે વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ સાથે હકારાત્મક ચર્ચા થઈ છે. હાલમાં એરપોર્ટ ઓપરેશનનો સમય વહેલી સવારથી સાંજ સુધીનો જ છે, પરંતુ વાયુસેના આ સમયગાળો રાત્રે ૮ થી ૯ વાગ્યા સુધી લંબાવવા સહમત થઈ છે. ડાયરેક્ટર નવીનકુમારે ઉમેર્યું હતું કે, એરલાઈન્સ કંપનીઓ તરફથી પ્રથમ રાત્રિ ફ્લાઈટની દરખાસ્ત આવતાની સાથે જ વાયુસેનાએ તેમાં પૂરતો સહકાર આપવાની ખાતરી આપી છે. આ ઉપરાંત, એરપોર્ટની કામગીરી હાલ એક જ શિફ્ટમાં ચાલે છે, જેને પ્રવાસીઓના ધસારાને ધ્યાને રાખી કર્મચારીઓ અને સુરક્ષા તંત્ર માટે 'ડબલ શિફ્ટ' કરવા માટેની દરખાસ્ત ઉચ્ચ કક્ષાએ મોકલી દેવામાં આવી છે.

ભુજ એરપોર્ટના ડિપાર્ચર (પ્રસ્થાન) અને અરાઈવલ (આગમન) ક્ષેત્રમાં તૈયાર થઈ રહેલા અત્યાધુનિક વીઆઈપી લોન્જમાં પ્રવાસીઓને કચ્છી સંસ્કૃતિ અને કળાના દર્શન થશે.

લોન્જની દીવાલો પર કચ્છનું પ્રખ્યાત ભાતીગળ 'મડવર્ક' કરવામાં આવશે. દેશ-વિદેશના પ્રવાસીઓ કચ્છની ધરતી પર પગ મૂકતા જ અહીંની સમૃદ્ધ કળાથી આકર્ષિત થાય તે હેતુથી વિવિધ કલાકૃતિઓ પ્રદર્શિત કરાશે. ભુજ એરપોર્ટનું આ નવું કલેવર કચ્છના પ્રવાસન ઉદ્યોગ, ખાસ કરીને રણોત્સવ અને ઔદ્યોગિક રોકાણો માટે ગેમ-ચેન્જર સાબિત થશે તેવો આશાવાદ એરપોર્ટ પ્રશાસને વ્યક્ત કર્યો છે. ■

# ટૂંક સમયમાં શરૂ થશે અમદાવાદના સાબરમતી સ્ટેશન અને બીકાનેર વચ્ચે ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને રાજસ્થાનના લોકોને ટૂંક સમયમાં એક નવી રેલ સેવાની ભેટ મળવા જઈ રહી છે. કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ ટૂંક સમયમાં અમદાવાદ (સાબરમતી)બીકાનેર (લાલગઢ) એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. આ નવી રેલ સેવા અમદાવાદ અને બીકાનેર વચ્ચે સીધી, ઝડપી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ નવી એક્સપ્રેસ ટ્રેન પશ્ચિમ ભારતના બે મહત્ત્વપૂર્ણ પ્રવાસન ક્ષેત્રોને પરસ્પર જોડશે. હવે ગુજરાતના પ્રખ્યાત મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણીની વાવ અને અમદાવાદની સમૃદ્ધ વારસાગત સંસ્કૃતિનો આનંદ માણવો હોય કે રાજસ્થાનના ભવ્ય જૂનાગઢ કિલ્લો, કરણી માતા મંદિર, લાલગઢ પેલેસ તેમજ બીકાનેરની સમૃદ્ધ સંસ્કૃતિ અને રણપ્રદેશના પર્યટનનો અનુભવ કરવો હોય, આ નવી એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને સુવિધાજનક અને સીધી રેલ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવશે.

નવી ટ્રેનથી ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓ તથા રાજસ્થાનના જાલોર, બાલોતરા, જોધપુર, નાગૌર અને બીકાનેર જિલ્લાઓને લાભ મળશે. ટ્રેનના મુખ્ય સ્ટેશનોમાં સાબરમતી, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોદરાન, જાલોર, મોકલસર, સમદડી, લૂણી, જોધપુર, ગોટન, મેઢતા રોડ, નાગૌર, નોખા, બીકાનેર અને લાલગઢનો સમાવેશ થાય છે. ■

# જીએસઆરટીસીના અધિકારીના પુરુષ કર્મચારી સાથેના અડપલાંની ફરિયાદ, અધિકારી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા વિસ્તારમાં આવેલા જીએસઆરટીસીના ડિવિઝનલ વર્કશોપના અધિકારી સામે ૧૪ કર્મચારીએ ગંભીર ફરિયાદો કરતા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર કર્મચારીઓ દ્વારા એસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી કે ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર હરીન રાવલ કમર્ચારીઓને ઘરે બોલાવી ઘરના કામ કરાવતો હતો, જબરજસ્તી દારૂ પિવડાવતો હતો અને ત્યારબાદ કર્મચારીઓ સાથે શારીરિક અડપલાં કરતો હતો. આ પ્રકારનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. કર્મચારીઓની ગંભીર રજૂઆત બાદ એસટી વિભાગે તેમને સસ્પેન્ડ કર્યા હતા.

આ સાથે રાવલ જાહેરમાં અપમાનજનક અને જાતિવાદી શબ્દોનો પણ ઉપયોગ કરતો હતો. આ સાથે તે ડીઝલ છાંટી સળગાવી દેવાની ધમકીઓ આપતો અને માર મારતો હોવાની ફરિયાદો પણ થઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ મામલે કર્મચારીઓએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે પણ એફઆઈઆર નોંધાવવા અરજી કરી હોવાની માહિતી મળી હતી. ■

# ગોંડલની ઓઈલ મિલના મશીનમાં ફસાતાં ૫૫ વર્ષીય મહિલાનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે આવેલી અવની ઓઈલ મિલ (તેલની મિલ)માં એક મહિલા મશીનમાં ફસાઈ જવાથી કમકમાટીભર્યું મોત થયું હતું. મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ગોંડલની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટનાના પગલે ઓઇલ મિલમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જ્યારે પરિવારના સભ્યોના કરુણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. સમગ્ર ઘટના મિલમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે ગોંડલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ કરુણ ઘટનાની મળતી વિગત મુજબ, પંચમહાલ જિલ્લાના ગોલનપુર ગામના મૂળ રહેવાસી ૫૫ વર્ષીય મહિલા શ્રમિક શારદાબેન લક્ષ્મણભાઈ ખાંટ તાજેતરમાં જ તેમના પરિવાર સાથે કામની શોધમાં ગોંડલ આવ્યા હતા. તેમને ગોંડલ-ગુંદાળા રોડ પર આવેલી અવની ઓઇલ મિલમાં મજૂર તરીકે રાખવામાં આવ્યા હતા. તેઓ મિલના સંકુલમાં આવેલા એક રૂમમાં જ રહેતા હતા. વહેલી સવારે આ દુઃખદ ઘટના બની ત્યારે મિલમાં તેમનો કામનો બીજો દિવસ હતો. મિલમાં ફરજ બજાવી શારદાબેન ચાલુ મશીનમાં કપડું આવી જતાં અને અંદર ખેંચાઈ જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાને પગલે મિલના કર્મચારીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. તુરંત જ મશીન બંધ કરીને ફેક્ટરીના સંચાલકો, ફેક્ટરી મેનેજર અને કામદારોએ ખૂબ જહેમત બાદ મશીનના સ્પેરપાર્ટ્સ ખોલ્યા હતા અને મહામહેનતે મહિલાના ક્ષત-વિક્ષત અને વિકૃત થયેલા મૃતદેહને બહાર કાઢ્યો હતો. ■

# ભરૂચ જામા મસ્જિદઃ આજે મોટી સંખ્યામાં હિન્દુ-જૈન સમાજ એકત્ર થવાની સંભાવના, પોલીસનો ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા રાષ્ટ્રીય રક્ષિત સ્મારક ભરૂચની જામા મસ્જિદમાં જૈન અને હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિઓ મળ્યાના અહેવાલો બાદ આજે મોટી સંખ્યામાં જૈન-હિન્દુ સમાજના લોકો એકઠા થાય તેવી સંભાવના છે. આ દરમિયાન કોઈ તણાવનો માહોલ ઊભો ન થાય તે માટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઈ)એ સંરક્ષણની માગણી કરતા પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ સાથે જિલ્લા કલેક્ટર કચેરીએ પણ સૂચનાઓ આપી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

છેલ્લા કેટલાક દિવસોમાં, એક સામાજિક-ધાર્મિક જૂથ દાવો કરી રહ્યું છે કે મસ્જિદમાં હિન્દુ અને જૈન મૂર્તિઓ અને અવશેષો મળી આવ્યા છે અને તેમને વધુ રક્ષણ અને જાળવણીની જરૂર છે.

આ માટે લગભગ ૫૦૦૦ જેટલા જૈન-હિન્દુ સમાજના લોકો ૧૫મી જૂન, સોમવારે હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે એકત્ર થાય તેવી અપેક્ષા છે. અહીંથી તેઓ કલેક્ટર ઓફિસે જઈ આ મૂર્તિઓ અને અવશેષોની યોગ્ય જાળવણી માટેની માગણી કરતું નિવેદન રજૂ કરશે, તેમ ધાર્મિક જૂથના સૂત્રોએ જણાવ્યું હતું. એક અહેવાલમાં તેમણે જણાવ્યું હતું કે અમે શાંતિ ડહોળવા કે મસ્જિદમાં થતી ધાર્મિક પ્રવૃત્તિઓને કોઈ ખલેલ પહોંચાડવા માગતા નથી.

જ્યારે બીજી બાજુ જામા મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા એએસઆઈને આજના મેળાવડા મામલે ચિંતા વ્યક્ત કરતો પત્ર લખવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ રજૂઆતને ધ્યાનમાં લઈ એએસઆઈએ ભરૂચ કલેક્ટરને પત્ર લખીને જણાવ્યું હતું કે કેન્દ્રીય રીતે સંરક્ષિત સ્મારક પર મેળાવડાને બોલાવતા વીડિયો સોશિયલ મીડિયા પર ફરતા થઈ રહ્યા છે.

એએસઆઈ એ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે મસ્જિદ સંવેદનશીલ હોવાથી, અનિચ્છનીય ઘટનાઓ બનવાની શક્યતા છે. વધુમાં આશંકા વ્યક્ત કરી હતી કે આવા મેળાવડા સાંપ્રદાયિક સૌહાર્દને બગાડી શકે છે અને સંરક્ષિત માળખાને ભૌતિક નુકસાન પહોંચાડી શકે છે. તેમણે જિલ્લા વહીવટીતંત્રને સ્મારકની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી. ત્યારબાદ કલેક્ટરે જાહેરનામું બહાર પાડી લોકોને એએસઆઈના નિયમોને આધીન રહેવા અને પોલીસની સૂચનાઓને અનુસરવા કહ્યું હતું, તેમ અહેવાલો જણાવે છે.

આ મામલે ભરૂચ પોલીસ વિભાગ કે કલેક્ટર કચેરીનો સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

# ખેડાના ગળતેશ્વર નજીક શ્રદ્ધાળુઓથી ભરેલી ખાનગી બસ પલટીઃ એકનું મોત, ૨૧ યાત્રિક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાના ગળતેશ્વર નજીક યાત્રાળુઓથી ભરેલી એક ખાનગી લક્ઝરી બસ પલટી જતાં એક વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે ૨૧થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા થયા હતા. ઘટનાની જાણ થતાં સેવાલિયા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. ઇજાગ્રસ્ત તમામ મુસાફરોને સારવાર માટે તાત્કાલિક સેવાલિયા સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી કેટલાક ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ગોધરા ખાતે રીફર કરાયા હતા. બસની બ્રેક ફેઈલ થઈ હોવાથી ડ્રાયવરે કાબૂ ગુમાવતા બસ પલટી ખાઈ ગઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ સાણંદ જિલ્લાના ઇયાવા ગામના આશરે ૪૫થી વધુ મહિલા યાત્રાળુ અધિક માસ નિમિત્તે ખાનગી બસમાં સવાર થઈને પ્રવાસ પર નીકળ્યા હતા. આ તમામ યાત્રાળુઓ પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે રણછોડરાયના દર્શન કરીને ગળતેશ્વર તરફ જઈ રહ્યા હતા. તે દરમ્યાન ગળતેશ્વર-સેવાલીયા રોડ પર લહેરીપુરા નજીક ખાનગી બસ અચાનક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. બસ પલટી જતાં જ અંદર બેઠેલા મુસાફરોમાં ચીસાચીસ અને ભારે અફરાતફરી મચી ગઈ હતી.

અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સ્થાનિક લોકોની મદદથી બસમાંથી ઇજાગ્રસ્તોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. અકસ્માતમાં ભોગ બનેલા ૪૦થી વધુ મુસાફરો પૈકીના ગંભીર રીતે ઘવાયેલા ૨૧ જેટલા ઇજાગ્રસ્તોને ૧૦૮ મારફતે તાત્કાલિક ધોરણે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સિવિલ હૉસ્પિટલના તંત્ર દ્વારા પણ આ ઈમરજન્સી અને આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા માટે તાબડતોબ વધારાના તબીબોની ટીમ અને નર્સિંગ સ્ટાફને ઈમરજન્સી વિભાગમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે.

ગોધરા સિવિલ હૉસ્પિટલ ખાતે તમામ ઇજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે, આ ઈજાગ્રસ્તોમાં ૨ની હાલત નાજુક માનવામાં આવી રહી છે તબીબો તેમની તબિયત પર સતત નજર રાખી રહ્યા છે. ■

# વડોદરાના દખેડા પાસે ડમ્પરે ટક્કર મારતા બાઈકસવાર દંપતીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના વાઘોડિયા તાલુકાના દખેડા ગામ પાસે એક ભયંકર અકસ્માત સર્જાયો હતો, જેમાં યુવાન દંપતીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માતની મળતી માહિતી અનુસાર દંપતી બાઈકમાં દખેડાથી વાઘોડિયા જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બેફામ આવતા ડમ્પરે બાઈકને અડફેટે લેતા આખી બાઈક ડમ્પર નીચે ફસાઈ ગઈ હતી. જેમાં ૫૦ વર્ષીય ચંદ્રકાંતભાઈ વસાવા અને તેમના પત્ની ૪૫ વર્ષીય હંસાબેન વસાવાનું મોત નિપજ્યું હતું.

અકસ્માત થતાં જ સ્થાનિકો દોડી આવ્યા હતા. જોકે ડમ્પર ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. વાઘોડિયા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# નડિયાદમાં ભાજપ કિસાન મોરચાના મહામંત્રી પ્રકાશ પરમાર પર જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નડિયાદ શહેર ભાજપ કિસાન મોરચાના મહામંત્રી અને સમાજસેવક પ્રકાશભાઈ પ્રેમજીભાઈ પરમાર પર લગભગ ૪૦ જેટલા લોકોના ટોળાએ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં સમગ્ર શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. ગત ચૂંટણીમાં હારની અદાવત રાખી મહેન્દ્ર ચાવડાની આગેવાનીમાં ટોળાએ પ્રકાશભાઈ પર આ હુમલો કર્યો હતો. આ સમગ્ર હિંસક ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા છે, જે સોશ્યલ મીડિયા પર વાઇરલ થતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ ઘટનાની મળતી વિગત મુજબ, નડિયાદની ડી-માર્ટ ચોકડી નજીક દાવલીયાપુરાના મહેન્દ્ર ચાવડા અને તેના સાગરીતો સહિતના આશરે ૪૦ લોકોના ટોળાએ અચાનક પ્રકાશભાઈ પરમારને નિશાન બનાવ્યા હતા. હુમલાખોરોએ ગરદા-પાટુ અને મારપીટ કરી તેમને ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. હુમલો એટલો ગંભીર હતો કે, લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હૉસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર માટે રાધા સ્વામી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં તેમના સમર્થકો અને સ્થાનિક આગેવાનો હૉસ્પિટલ તથા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

જો કે સત્તારૂઢ ભાજપના જ સ્થાનિક નેતા પર થયેલા આ જીવલેણ હુમલાના પગલે શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલો ઉઠ્યા છે. પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસ હાથ ધરી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ કરવાની કામગીરી શરૂ કરી આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ધર્મતેજ

# વર્તમાન સમયની બુરાઈઓ માટે વર્તમાન સમાજ જવાબદાર હોય છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

વૃંદાવનના સાધુ- સંતોએ મીરાંને પૂછ્યું તો કૃષ્ણને ૫૦૦૦ વર્ષ થઈ ગયાં છે, છતાં દીવાની થઈને શું કામ ફરે છે ? શું મળ્યું તને ? તો મીરાંએ કહ્યું, પંડિતો, વગર વિચારે અને વગર જાણે નિવેદન ન કરો !. આપને કોઈકે ખોટી માહિતી આપી છે કે મીરાં કૃષ્ણને શોધવા નીકળી છે! હું કૃષ્ણને શોધવા નથી નીકળી, હું તો કૃષ્ણને શોધવામાં જે આનંદ આવે છે એ આનંદ લૂંટવા નીકળી છું. એક વસ્તુ યાદ રાખજો મારાં ભાઈ-બહેન, તમે લાખ આચરણ કરો એનાથી ઈશ્વર મળવાના નથી. તમે કહો કે હું ત્રિકાળ સંધ્યા કરું; પાંચ વખત બંદગી કરું; ચારધામની યાત્રા કરું. પરંતુ એનાથી ઈશ્વર નહીં મળે. સારું આચરણ વ્યવહાર માટે જરૂરી છે, પરંતુ ઈશ્વર આપણી પાસે ભીખ નથી માગતા.

તુલસીદાસજીએ વિનય પત્રિકામાં લખ્યું હતું કે તમે સુશીલ હોત તો પરમાત્મા મળે ? વિદ્યાવાન હો તો પરમાત્મા મળે? નહીં. તુલસી ક્રાંતિકારી મહાપુરુષ છે. એમણે કહ્યું, ભગવાન મળી જશે ત્યારે તમે પવિત્ર થઈ જશો; ભગવાન મળી જશે ત્યારે તમે સુશીલ થઈ જશો. જે સુશીલ હોય એને હરિ બાહોમાં લે છે એવું નથી. જેને હરિએ બાહોમાં લીધા છે એ સુશીલ છે. તુલસી ક્યારેક વાસંતી નામને ગણિકાને મળવા ગયા હતા. એટલા માટે હું દિપાવલી પછી પહેલી કથા અયોધ્યામા 'માનસ- ગણિકા' કરવા જઈ રહ્યો છું. મને ખબર છે કે ધર્મ જગત તપશે ! યસ, થોડી હલચલ શરૂ થઈ ગઈ છે ! પરંતુ જો તુલસી ગણિકા પાસે જઈ શકે તો તુલસીની કથા કેમ ન જઈ શકે? મારી વ્યાસપીઠે જેને સ્વીકારવા માટે કોઈ રાજી નથી એવા કિન્નરોની કથા ગાઈ. હવે મારા કદમ ઊઠી રહ્યા છે અયોધ્યા તરફ, જ્યાં માનસ ગણિકાનું ગાયન થશે. તમે પણ આવજો એ કથામાં. જેને કથાની જરૂર છે ત્યાં કોઈ કથા કેમ ન ગઈ ? આ કથા તો જન-જની ગાથા છે. એટલે ત્યાં પહોંચાડવી પડશે. આજના તડકા માટે જવાબદાર આજનો સૂરજ જ હોય છે.



આજે સમાજમાં કોઈ બુરાઈ હોય તો આજના લોકો જ એના માટે જવાબદાર છે. એને માટે જવાબદાર કોઈ ધર્મ કે વેદ નહીં હોય. એના માટે જવાબદાર કોઈ હોય તો આપણા જેવા લોકો છે અને આ ભગવાન બુદ્ધનું વાક્ય છે મારું વાક્ય નથી. બુદ્ધને એક માણસે ગાળો દીધી તો પણ બુદ્ધ ચૂપ રહ્યા. બીજે દિવસે એ જ માણસ આવ્યો અને કહેવા લાગ્યો, મને માફ કરશો, કાલે મેં શરાબ પીધી હતી એટલે આપને ગાળો દીધી! તો બુદ્ધે કહ્યું, નહીં બેટા, આજે નવો સૂરજ ઊગી ગયો છે. વર્તમાન ધર્મ પ્રેક્ટિકલ બને !

હું ગયો અલ્હાબાદ પાસે શૃંગવેરપુર, નિષાદોની ભૂમિ પર, જ્યાંથી ભગવાન રામે વનવાસ દરમિયાન ગંગાપાર કરી હતી. ત્યાં એક કથા હતી. કથા દરમિયાન સામાન્ય રીતે સાંજે હું ભિક્ષા માગવા માટે નીકળી જતો હોઉં છું. આખું ગામ નિષાદોનું હતું. એક સાંજે હું નીકળી ગયો અને એક ઝૂપડામાં ગયો. મારી સાથે બે ત્રણ પોલીસ પણ હતા. મેં ના પાડી કે રહેવા દો, લોકો ડરી જશે; મારે પોલીસની જરૂર નથી. મને એકલો જવા દો. તેમ છતાં એ ગામના મુખી મારી પાછળ પાછળ આવ્યા. હું ગયો એક ઝૂંપડામાં. આ મારી વાત છે એટલે નથી કહેતો, મારા શ્રોતાઓને પ્રેરણા મળે એટલા માટે કહું છું. આ વાત એટલા માટે કહું છું કે તમારા બાપુને ગુરુદક્ષિણામાં આ જ કે તમે પણ આવું કંઈક કરો. હું ગયો તો એક ઝૂંપડામાં એક મા બેઠી હતી. એક-બે બાળકો હતા. મેં કહ્યું કે હું અહીં બેસી શકું? એણે કહ્યું હા બેસો. મેં કહ્યું કે હું ગંગાજળ આપું; મા, આપ મારા માટે એક રોટી બનાવી દેશો ? તો કહે આપ અમારી રોટી ખાશો? એક તો લોકો અમને ગામની બહાર પણ નથી રહેવા દેતા, એમાં જો એક સાધુને રોટી ખવડાવીએ તો અમને ક્યાંયના નહીં રહેવા દે! માફ કરજો બાપુ ! મેં કહ્યું, નહીં, માતાજી તમે ચિંતા ના કરો. લોટ હોય તો રોટલી બનાવી દો. પછી તો એ માતાજી એટલાં ખુશ થયાં કે ના પૂછો વાત ! ઘઉંનો લોટ લઈ આવ્યાં. મેં ગંગાજળ આપ્યું. એણે અગ્નિ જલાવ્યો.. રોટી બનાવી. એણે બનાવેલી અને પીરસેલી રોટી મેં ભિક્ષામાં ખાધી.

હું જ્યારે બહાર નીકળ્યો ત્યારે ત્યાંના મુખી મને કહે, બાપુ, અમારા ગામમાં આપ આવ્યા છો અને આમ ગમે ત્યાં, ગમે તેના ઘરમાં ચાલ્યા જાઓ છો ! જરા અમને પૂછો તો ખરા ! આ સાવ દલિતનું ઘર છે અને ત્યાંથી આપે રોટલી લીધી? ધર્મનું શું થશે? કેટલાક લોકો જાણે ધર્મનો ઠેકો લઈને બેઠા છે ! મેં કહ્યું કે સાંભળો મુખિયાજી, ગંગાજળ પવિત્ર છે કે નહીં ? તો કહે, હા છે. મેં કહ્યું અગ્નિ પવિત્ર છે કે નહીં? કહે છે. અને અન્ન બ્રહ્મ છે કે નહીં ? તો કહે હા. તો પછી જવાબ આપો કે હું કેટલી બધી પવિત્રતા પાસે ગયો હતો ! એક તો ગંગાજળ પવિત્ર, અન્ન પવિત્ર, એ માની આંખમાંથી આંસુ પડતાં હતાં એના જેવું પવિત્ર બીજું જળ ક્યું હોઈ શકે ? એ આંસુ પવિત્ર અને એણે એટલા ભાવથી રોટી બનાવી હતી તો પછી હું ભ્રષ્ટ કેવી રીતે થઈ શકું? બાપ ! માણસ કર્મોથી ભ્રષ્ટ થાય છે, તથાકથિત ધર્મથી નહીં. હું મારા અનુભવની આવી કેટલીક વાતો આપને એટલા માટે કહી રહ્યો છું કે આપ મારા શ્રોતા છો, આટલા રસપૂર્વક, આટલો સમય કાઢીને મને સાંભળી રહ્યા છો, તો તમે પણ આવું કંઈક કરો.

- સંકલનઃ જયદેવ માંકડ ■

---

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# જીવ ને આત્મા



સનાતન ધર્મની મૂળભૂત વિચારસરણીમાં 'આત્મા'નું મહત્ત્વનું સ્થાન છે. સૃષ્ટિની રચનામાં આત્માને મૂળભૂત અને સૌથી મહત્ત્વનું તત્ત્વ માનવામાં આવે છે. આત્મા અસ્તિત્વનું સનાતન ચેતન તત્ત્વ છે. દરેક સજીવમાં સમાન આત્મા હોય છે, પછી તે કીડી હોય કે હાથી, ગરીબ હોય કે શ્રીમંત, જ્ઞાની હોય કે અજ્ઞાની. આત્મા એટલે જીવનનું અંતિમ સત્ય સ્વરૂપ. આત્મા એટલે જેનો વિનાશ ન થઈ શકે તે અવિનાશી, જે કાયમ માટે અસ્તિત્વ ધરાવે તે શાશ્વત, જેને નથી જન્મ કે મરણ તે અજન્મા, જેનામાં કોઈ પ્રકારનો વિકાર સંભવ નથી તે નિર્વિકાર, જેનામાં કોઈ પરિવર્તન શક્ય નથી તે અપરિવર્તનશીલ, જે સર્વત્ર હોય છે તે સર્વવ્યાપી, ક્યારે ચલિત ન થાય તેવું અચળ અને સ્થિર, સૌથી પ્રાચીન એટલે કે પુરાતન, જે કાર્યમાં સંલગ્ન થતું નથી પરંતુ માત્ર ત્યાં તેની હાજરી હોય છે તે સાક્ષી અર્થાત દ્રષ્ટા માત્ર. આત્મા શરીર નથી, શરીરથી અલગ અસ્તિત્વ છે; અને તેથી શરીર મૃત્યુ પામે પરંતુ આત્મા અજરામર હોય. દરેક જન્મમાં જે એક શરીરમાંથી બીજા શરીરમાં ગતિ કરે છે તે આત્મા. શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ; અને તેમની સ્થિતિ તેમજ પરિસ્થિતિ બદલાતાં રહે પરંતુ જે તત્ત્વ ક્યારેય બદલાતું નથી તે આત્મા છે. આત્મા પ્રત્યેક સંસારિક, સાંજોગિક કે સાંદર્ભિક અસરથી મુક્ત છે.

ગીતાના કથન અનુસાર આત્માને શસ્ત્ર કાપી શકતું નથી, અગ્નિ બાળી શકતું નથી, પાણી ભીંજવી શકતું નથી કે પવન સૂકવી શકતું નથી. તે નિત્ય છે, અવિનાશી છે, અજન્મા છે, અવ્યય છે. કઠ ઉપનિષદ મુજબ 'અણોરણીયાન્ મહંતો મહીયાન્' અર્થાત્ આત્મા અણુ કરતાં પણ સૂક્ષ્મ અને બ્રહ્માંડ કરતાં પણ વિશાળ છે. છાન્દોગ્ય ઉપનિષદના 'તત્વમસિ', સિદ્ધાંત મુજબ, આત્મા બધામાં છે - બ્રહ્મ સર્વત્ર છે અને આત્મા બધામાં છે અર્થાત્ બ્રહ્મ અને આત્માનું અહીં ઐક્ય સ્થાપિત થાય છે. બૃહદારણ્યક ઉપનિષદ મુજબ આત્માને કર્તા તરીકે નહીં, ભોક્તા તરીકે નહીં, પરંતુ સાક્ષી તરીકે, માત્ર દ્રષ્ટા તરીકે જણાવવામાં આવ્યો છે. સાંખ્યદર્શનમાં આત્માને 'પુરુષ' કહેવામાં આવે છે. જ્યારે યોગદર્શનમાં આત્માને 'દ્રષ્ટા' કહેવામાં આવ્યો છે. અદ્વૈત સિદ્ધાંતમાં આત્મા અને બ્રહ્મ વચ્ચે કોઈ ભેદ નથી તેમ જણાવવામાં આવ્યું છે. સનાતન વિચારધારામાં, સનાતન ધર્મમાં, આત્મા એટલે જીવનનું અવિનાશી સત્ય તત્વ જે વિનાશી શરીરથી અલગ છે. આત્મા બ્રહ્મ સાથે એકરૂપ છે. આત્માનું જ્ઞાન મેળવવું એ જ જીવનનું પરમ લક્ષ્ય માનવામાં આવે છે. આત્માની અનુભૂતિ એટલે મોક્ષ.

સનાતન દર્શનમાં આત્મા અને જીવ વચ્ચે સૂક્ષ્મ પરંતુ મહત્ત્વનો ભેદ બતાવવામાં આવ્યો છે. ઘણી વખત આત્મા અને જીવને સામાન્ય રીતે એકસરખાં માની લેવાય છે, પરંતુ શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે આ બંને ભિન્ન અસ્તિત્વ છે.અવિદ્યા એટલે કે માયાને કારણે આત્માનો સંબંધ જ્યારે શરીર-મન-બુદ્ધિ સાથે સ્થાપિત થાય ત્યારે તે જીવ કહેવાય. સુખ-દુઃખનો અનુભવ કરનાર જીવ છે આત્મા નહીં. આત્મા ચેતના છે જ્યારે જીવ એ તે ચેતનાની જડતામાં રૂપાંતરિત થવાની અને તેને હકીકત માનવાની પ્રક્રિયા છે. મુંડક ઉપનિષદમાં બે પક્ષીનું દ્રષ્ટાંત આપવામાં આવે છે; એક પક્ષી એક ડાળીથી બીજી ડાળે ઉડે છે, ફળ ખાય છે, અવાજ કરે છે જ્યારે બીજું માત્ર પહેલાં પક્ષીની સમગ્ર ગતિવિધિ નિહાળે છે. પહેલું પક્ષી ભોક્તા-જીવ છે જ્યારે બીજું પક્ષી દ્રષ્ટા-આત્મા છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે જ્યારે જીવ અવિદ્યાથી આવરિત ચેતન છે. આત્માને કોઈ અનુભૂતિ નથી જ્યારે જીવ સુખ-દુઃખ, જન્મ-મરણ, ઘડપણ-રોગ, ભાવ-અભાવ, લાભ-હાનિ જેવા વિવિધ પ્રકારનાં ભાવનો અનુભવ કરી શકે છે. આત્મા માત્ર સાક્ષી સ્વરૂપ હોવાથી તેને કોઈપણ કર્મનું બંધન લાગતું નથી જ્યારે જીવ બંધનગ્રસ્ત થઈ શકે છે. જીવનું લક્ષ બંધનમાંથી મુક્તિ મેળવવાનું છે જ્યારે આત્મા મુક્ત જ છે. વેદાંતના અદ્વૈત સિદ્ધાંત મુજબ આત્મા અને જીવ વાસ્તવમાં એક જ છે, તેમાં જે ભેદ દેખાય છે તેનું કારણ 'અવિદ્યા' છે. જ્યારે જીવને જ્ઞાન થાય કે 'અહં બ્રહ્માસ્મિ', હું જ બ્રહ્મ છું, ત્યારે જીવનું બંધન સમાપ્ત થાય છે. આ સિદ્ધાંત પ્રમાણે અવિદ્યા દૂર થાય ત્યારે જીવનું સાચું સ્વરૂપ, આત્મા તરીકે પ્રગટ થાય છે. અષ્ટવક્ર ગીતા જીવનું કારણ 'અજ્ઞાન' છે એમ જણાવે છે.

જીવ એ આત્માનું બંધનગ્રસ્ત અસ્તિત્વ છે. અહીં એક પ્રશ્ન થાય. જો આત્માને શસ્ત્ર છેદી ન શકે તો આત્માને કોઈ બાંધી કેવી રીતે શકે. જો આત્મા દરેક પ્રકારનાં બંધનથી મુક્ત હોય તો તેને બંધન કેવી રીતે લાગી શકે. જો આત્મા માત્ર સાક્ષી સ્વરૂપે જ હોય, દ્રષ્ટા સ્વરૂપે જ હોય તો તેનાં પર કોઈપણ કાર્યનું પરિણામ ક્યાંથી સ્થાપિત થાય. આત્મા જ્યારે શરીર, મન, બુદ્ધિ, સ્થળ અને સમય સાથે પોતાને જોડાયેલો 'માને' છે ત્યારે તે જીવ તરીકે ઓળખાય. અહીં એ વાત સ્પષ્ટ થાય છે કે આત્મા પોતે એવું માની લે છે કે પોતાને બંધન છે; વાસ્તવમાં આત્માને કોઈ બંધન હોતું નથી, આત્માને કોઈ બાંધી શકતું નથી. અષ્ટાવક્ર ગીતામાં જણાવ્યા પ્રમાણે 'સ્વયં'નું બંધન માની લેવું એ જ બંધન છે. વ્યક્તિ જ્યારે એમ માની લે કે પોતે શરીર નથી, પોતે મર્યાદિત છે, પોતે જે તે પરિસ્થિતિ અને કાર્ય સાથે સંલગ્ન છે ત્યારે આ 'માન્યતા' જ બંધન બની રહે. જ્યારે એની પ્રતીતિ થાય કે પોતે શરીર નથી, શરીર પોતાનું નથી, પોતે કર્તા નથી કે નથી ભોક્તા, પોતે તો ચૈતન્ય સ્વરૂપ સાક્ષી માત્ર છે ત્યારે પોતાનું આત્મ-સ્થ અસ્તિત્વ જાણમાં આવે. ■

---

# જો તમે યુદ્ધમાં વિજેતા બનશો તો હું કામધેનુને છોડી દઈશ...

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

દેવગુરુ બૃહસ્પતિ ગભરાયેલા દેવરાજને કહે છે, 'હું તમારી સાથે જ છું કે જ્યાં સુધી માતા કામધેનુ સ્વર્ગલોક પરત ન આવી જાય. આપણે માતા કામધેનુની ત્રણ દિકરીઓને મળી ચૂક્યા છીએ, હવે તેમની જ્યેષ્ઠ પુત્રી સૌરભીને મળવા જવું જોઈએ, માતા કામધેનુ ત્યાં અવશ્ય મળી જશે.' બીજી તરફ માતા કામધેનુ પશુપૂજક (ભગવાન શિવ) પાસે આવે છે. પશુપૂજક કહે છે, 'કામધેનુ તમારે જરાયે ચિંતા કરવાની જરૂર નથી, તમે અહીં અમારા આશ્રમમાં તો રહી જ શકો છો પણ તમારી ઇચ્છા હોય તો કૈલાસ ખાતે નિવાસ કરો.' પણ માતા કામધેનુ પોતાની પુત્રીઓને મળી એમની સાથે થોડો સમય વ્યતિત કરવાની ઇચ્છા ધરાવતા હોય છે.' માતા કામધેનુ ભગવાન શિવની માફી માગતા ભગવાન શિવ કહે છે, 'કામધેનુ તમારે જરાયે ક્ષોભ અનુભવવાની જરૂર નથી, તમે કાંઇ એવું નથી કર્યું કે જે અનુચિત હોય. દેવરાજ ઇન્દ્રને પોતાની ભૂલનો અહેસાસ કરાવવો જરૂરી છે.' માતા કામધેનુ તેમની પુત્રીઓને મળવા પ્રયાણ કરે છે. એજ સમયે મહામંત્રી મણિકા ત્યાં આવે છે અને કહે છે, મહારાજા આર્યવર્તનનો દૂત મને મળવા આવ્યો છે. મને પૂછે છે કે શું દસ સહસ્ત્ર અશ્વોની ખરીદી થઈ ગઈ. તમે માતાને લઈ અહીંથી ચાલ્યા જાઓ, હું એમને સમજાવી દઈશ કે તમારી કોઈ ભૂલ નથી, દંડનો પાત્ર તો હું જ છું. આટલા અશ્વો મળવા મુશ્કેલ છે. ભગવાન શિવના ઈશારાથી એ જ સમયે અશ્વોનું મોટું ધણ ત્યાં આવી પહોંચે છે, એ જોઈ મણિકા ખૂબ પ્રસન્ન થઈ જાય છે. પશુપૂજકના આશ્રમમાં હવે મણિકાને જોઈએ એથી વધુ અશ્વો હતા. વાતની જાણ થતાં જ રાજા આર્યવતન ત્યાં આવી પહોંચે છે. એની પાછળ પાછળ એક સૈનિક આવી જણાવે છે કે, તેમના અશ્વ શાળામાં એકપણ અશ્વ નથી રહ્યા. બધા અહીં આવી ગયા છે. રાજા આર્યવર્તનઃ 'હે પશુપૂજક, તમને વિનંતી કરું છું કે આ અશ્વો અમને સોંપી દો.' એટલું બોલતાં જ ત્યાં રહેલા બધા અશ્વો અદૃશ્ય થઈ જાય છે. રાજા આર્યવર્તન ખૂબ ક્રોધિત થાય છે. તેઓ કહે છે કે આ બધી સમસ્યાની જડ મણિકા છે, એને મૃત્યુ દંડ આપવામાં આવે. રાજાનો ઈશારો થતાં



જ સૈનિકો મણિકાનું મસ્તક શરીરથી છૂટું કરવાં જાય છે એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી ત્યાં ઉપસ્થિત થાય છે ક્રોધિત માતા પાર્વતી કહે છે, 'રાજા આર્યવર્તન તમે મહાદેવના ભક્તને જ નહીં, મૂંગા પશુઓને અખંડ પ્રેમ કરનારા મહાન વ્યક્તિને મૃત્યુ દંડ આપવાનો પ્રયાસ કર્યો છે. તમે મહાન માનવીની બલી ચઢાવનાર હતા, આજ સુધી તમે રાજ્યને શક્તિશાળી બનાવવા માટે પશુઓની બલિ ચઢાવતા હતા, હવે તમારે અને તમારા રાજ્યએ પ્રકૃતિનો પ્રકોપ ભોગવવો પડશે.' પોતાના રાજ્યનો નાશ નક્કી છે એ સમજાતાં રાજા આર્યવર્તન માફી માગે છે. ભગવાન શિવની વિનંતીથી માતા પાર્વતી શાંત થઈ જાય છે. રાજા આર્યવર્તન કહે છે, 'માતા તમે અને પ્રભુ મારા પરિવાર સહિત રાજ્ય પર કૃપા વરસાવતા રહેજો. હું તમને વચન આપું છું કે આજ પછી મારા રાજ્યમાં બલી પ્રથા બંધ થશે.

***

ભગવાન શિવના આશીર્વાદ લેતા મહામંત્રી મણિકાઃ 'માફ કરો પ્રભુ! તમારી આટલી નજદીક તમારા સાંનિધ્યમાં રહીને પણ તમને ઓળખી ન શક્યો.'

ભગવાન શિવઃ 'મણિકા જેણે સ્વને (પોતાને) ઓળખી લીધો હોય તેણે અન્યને ઓળખવાની શું જરૂર?'

મહામંત્રી મણિકાઃ 'પ્રભુ મારા માટે શું આદેશ છે?'

ભગવાન શિવઃ 'જાઓ મણિકા સંસારમાં ભ્રમણ કરો અને પશુઓના કલ્યાણ અને તેમની સુરક્ષા માટેનો સંદેશ જ્યાં સુધી પહોંચાડી શકો ત્યાં સુધી ભ્રમણ કરો. તમારા શબ્દો અને તમારાં કાવ્યોથી જેટલા પણ મનુષ્યોના હૃદયમાં પશુઓ પ્રત્યેની સંવેદનશીલતા જાગ્રત કરી શકો ત્યાં સુધી ભ્રમણ કરો. એજ તમારો માર્ગ છે અને મંઝિલ પણ.'

મહામંત્રી મણિકાઃ 'પ્રભુ મારા શબ્દો અને કાવ્યોનો સ્રોત તો તમારી અને માતાની ભક્તિ છે. બધું જ એમાંથી ઉત્પન્ન છે. એના એક એક શબ્દમાં તમે સમાયેલા છો. હું સમસ્ત સંસારમાં ભ્રમણ કરી તમારી ભક્તિનો પ્રચાર પ્રસાર કરીશ અને તમારી અને માતાની ભક્તિનો મહાત્મ્ય કહીશ, પણ પ્રભુ સચ્ચાઈ તો એ છે કે જેના હૃદયમાં આપ અને માતા પ્રત્યેની સાચી ભક્તિનો વાસ થશે તે પશુઓની ઉપેક્ષા કદાપિ નહીં કરે.'

ભગવાન શિવના આશીર્વાદ લઈ મહામંત્રી મણિકા અને રાજા આર્યવર્તન પોતાના રાજ્ય તરફ વિદાય થાય છે.

***

બીજી તરફ દેવગુરુ બૃહસ્પતિ અને દેવરાજ ઇન્દ્ર માતા કામધેનુની જ્યેષ્ઠ પુત્રી સૌરભીને મળવા આગળ વધે છે. થોડા જ સમયમાં તેઓ સૌરભીને શોધવામાં સફળ થાય છે.

સૌરભીઃ 'દેવગુરુ બૃહસ્પતિ અને દેવરાજ ઇન્દ્રને પ્રણામ.'

દેવગુરુ બૃહસ્પતિઃ 'સૌરભી તમારી માતા કામધેનુ સ્વર્ગને ત્યાગી અહીં આવ્યાં છે?'

સૌરભીઃ 'નહીં, દેવગુરુ મને નથી ખબર માતા ક્યાં છે?'

દેવરાજ ઇન્દ્રઃ 'સૌરભી તમે ખોટું તો નથી બોલતા તમારી માતાના કહેવાથી?'

સૌરભીઃ 'દેવરાજ તમે અહીંથી જઈ શકો છો પણ હું તમને એટલું કહીશ કે મેં પંચતત્ત્વ દેવતાઓને કોઈની સાથે ઉત્તર પૂર્વ તરફ જતા જોયા છે.'

***

સૌરભીના કહેવાથી દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિ ઉત્તર પૂર્વ તરફ પ્રયાણ કરે છે.

એ જ સમયે માતા કામધેનુની ચીખ તેમને સંભળાય છે તેઓ તે તરફ દોડે છે. તેઓ જુએ છે કે એક અસુર માતા કામધેનુને પ્રતાડિત કરતો નજરે પડે છે.

દેવરાજ ઇન્દ્રઃ 'એ અસુર થોભી જા, કોણ છે તું, કામધેનુને છોડી દે.'

અસુરઃ 'હું અરુણાસુર છું...'

દેવરાજ ઇન્દ્રઃ 'હે અરુણાસુર તને તારા પ્રાણ પ્યારા નથી લાગતા, હું તને ચેતવણી આપું છું કામધેનુને છોડી દે.'

અરુણાસુરઃ 'તમે કોણ છો? કામધેનુ મારી સેવક છે. અહીંથી ચાલ્યો જા.'

દેવરાજ ઇન્દ્રઃ 'હું દેવરાજ ઇન્દ્ર દેવતાઓનો રાજા, સ્વર્ગલોકનો આધિપતિ, કામધેનુ સ્વર્ગલોક નિવાસી છે, એને છોડી દે.'

અરુણાસુરઃ 'ઓહ, તમે દેવરાજ ઇન્દ્ર છો, હું તમને પડકારું છું, જો તમે યુદ્ધમાં વિજેતા બનશો તો હું કામધેનુને છોડી દઈશ.'

દેવરાજ ઇન્દ્રઃ 'મને મંજૂર છે, પહેલો વાર હું કરીશ.'

દેવરાજ ઇન્દ્ર અને અરુણાસુર વચ્ચે યુદ્ધ થાય છે. દેવરાજ ઇન્દ્ર અરુણાસુર પર વજ્રથી ઘાત કરે છે. અરુણાસુર પર વજ્ર કોઈ અસર કરતું નથી. એ જોઈ અરુણાસુર અટ્ટહાસ્ય કરે છે. અરુણાસુર એના શસ્ત્રથી ઘાત કરતાં દેવરાજ ઇન્દ્ર મૂર્છિત થઇ જાય છે.

અરુણાસુર દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુને બંદી બનાવી પોતાની સાથે લઈ જાય છે.

એ જ સમયે આકાશ માર્ગે દેવર્ષિ નારદ ત્યાં પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'રોકાઈ જા અરુણાસુર, હું તને ચેતવણી આપું છું.'

અરુણાસુરઃ 'દેવર્ષિ નારદ તમારું કામ નથી યુદ્ધ કરવાનું, હમણાં જ દેવરાજ ઇન્દ્ર મારી સાથે યુદ્ધ કરતાં મૂર્છિત થઇ ગયા છે, તો તમારી શું વિસાત? અહીંથી ચાલ્યા જાવ અને પશુપતિનાથને જઈને કહો કે, પંચતત્ત્વ દેવતાઓ, બૃહસ્પતિ અને કામધેનુ મારા કબજામાં છે. તમારામાં શક્તિ હોય તો એમને છોડાવી લઈ જાવ. અન્યથા મારી મૃત માતાને જીવિત કરી આપો હું દેવતાઓને છોડી દઈશ.'

***

અરુણાસુરને રોકી ન શકતાં દેવર્ષિ નારદ કૈલાસ પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'પ્રભુ! અરુણાસુરે પંચતત્ત્વ દેવતાઓ, દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુને બંદી બનાવ્યા છે, તે કહે છે કે પશુપતિનાથને કહો કે મારી મૃત માતાને જીવિત કરી આપો હું દેવતાઓને છોડી દઈશ. (ક્રમશઃ)■

---

# સ્મૃતિગ્રંથ ને ધર્મગ્રંથ આદર્શ સમજાવે છે

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

મહાભારતના પૂર્વકાળમાં વેદ આવે, આપણી સંસ્કૃતિના પ્રાચીનતમ ગ્રંથો. તેમાં મરુત્ત દેવો (બહુવચન)ની એક જ સાધારણી (Common) પત્ની રોદસીનો ઉલ્લેખ છે. વિશ્વે દેવોની સાથે પણ એક જ સ્ત્રી હતી. અશ્વિની દેવો જોડિયા છે. હંમેશાં સાથે જ. તેમની લાવણ્યમયી પત્ની હતી સૂર્યા, સવિતાદેવ સૂર્યની પુત્રી. અશ્વિનોને સૂર્યાના 'પતી' એમ કહેવાયા છે, જે સંસ્કૃત ભાષાના વ્યાકરણ પ્રમાણે 'પતિ' શબ્દનું દ્વિવચનરૂપ છે. વધૂવેશમાં સાથે જતી સૂર્યા બે અશ્વિનોના રથમાં ગઈ, જેમાં ત્રણ બેઠક અને ત્રણ ચક્ર હતાં. આ અશ્વિનાનો 'નાસત્યૌ' પણ કહેવાય છે. અન્ય વૈદિક દેવો ઈંદ્ર, વરુણ, મિત્ર અને નાસત્યૌ થોડા ઉચ્ચારભેદ સાથે પણ સ્પષ્ટ ઓળખાય તેવા આ દેવોનાં નામ પ્રાચીન મિત્તાની અને હિટાઈટ લોકોના પ્રાચીન સંધિપત્રમાં મળે છે. આ સંધિપત્ર લગભગ ૩,૫૦૦ વર્ષ પહેલાંનો છે. ઈન્ડો-આર્યન કહેવાતા જૂથના આ દેવો છે. આ સુમેર પ્રદેશમાં બહુપતિત્વની પ્રથા હતી. આપણી પ્રાચીન સંસ્કૃતિનું આદાનપ્રદાન પ્રાચીન સુમેર સાથે હતું. ઈન્ડો-યુરોપિયન કહેવાતા લોકોમાં પણ Polyandryની પ્રથા હતી. કાસ્પિયન સમુદ્ર આસપાસનો વિસ્તાર, બેક્ટ્રિયા. સોગ્દિયાના, મીડ્સ, મધ્ય એશિયા, અઝરબૈજાન, હિંદુકુશની જનજાતિઓ વગેરેમાં આ પ્રથા પ્રચલિત હતી. ભારતની ૨૩ જેટલી અનુસૂચિત જાતિઓમાં યુ.પી., હરિયાણા, દિલ્હી, પંજાબ, અરુણાચલ, હિમાચલ, કેરળ, તામિલનાડુ અને સિક્કિમમાં પણ ઓછેવત્તે અંશે આ પ્રથા જોવા મળે છે. આપસ્તંબ જેવા ખૂબ પ્રાચીન વિદ્વાનો monogamyનો આદર્શ ફેલાવી ગયા, તે પણ Polyandryથી પરિચિત તો હતા, જે તેમને જચતું ન હતું. પી. વી. કાણે ધર્મશાસ્ત્રોના પ્રસિદ્ધ અભ્યાસમાં જણાવે છે કે આ પ્રાચીન પુસ્તકો બહુપતિત્વની પ્રથાથી પરિચિત હતાં.

વિષ્ણુપુરાણ પ્રમાણે વૃક્ષોની પુત્રી મારિષાને પાલક પિતા સોમે દસ રાજર્ષિઓને આપી હતી, જેનાથી દક્ષ પ્રજાપતિનો જન્મ થયો. મત્સ્યપુરાણ પ્રમાણે આહુકિના લગ્ન 'અવન્તિઓ' સાથે થયાં હતાં. આ નિંદનીય ન હતું. સ્મૃતિગ્રંથો અને ધર્મગ્રંથો આદર્શો સમજાવે છે, જે દરેક સમયખંડને અનુરૂપ હોય તે પ્રમાણે પોતાનાં સ્વપ્ન, વિચાર, આચાર વગેરેને સમાજવ્યવસ્થામાં વણે છે. ■

# આઈ નાગબાઈ : સોરઠી ઈતિહાસનું તથ્ય ને તત્ત્વ એમાંથી પ્રગટે છે...

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay

જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના મોણિયા ગામે આવેલા આઈ નાગબાઈના મઢે-સ્થાનકે મારે બે-એક વખત જવાનું થયું છે. ઈ.સ.૧૯૯૩ના નોરતામાં રતુદાન રોહડિયા અને મારા પીએચ.ડી.ના વિદ્યાર્થી વિક્રમસિંહ સાથે, પછી ફરીથી અંબાદાનજી સાથે, ત્યારે ચારણ બોર્ડિંગમાંથી શ્રી લખુભાઈ ગઢવી પણ જુનાગઢથી સાથે જોડાયેલા.

આ માટે ખરી હકીકત અને પ્રસંગ છે એ સમજીએ. રાખેંગાર અને નાગબાઈ સંદર્ભે ઉદ્ભવેલ પ્રસંગોને ઈ.સ.૧૪૬૫ થી ૭૦ની વચ્ચેની ઘટના ગણી શકાય. આપા માણસુર નેચડા અને આઈ નાગબાઈ દંપતી ગીર કાંઠાનાં મોણિયા ગામે ધામધૂમથી નોરતાં ઉજવતા. ભર્યો ભાદર્યો સુખી પરિવાર. પારાવાર પશુધન. લાડકો દીકરો ખૂટકરણ એમના પત્ની મીણબાઈ પણ જોગમાયા જેવા. એમને બે દીકરાઓ અને ત્રણ દીકરીઓ. મોટા દીકરાનું નામ નાગાજણ અને બીજો દીકરો સહોદી. બન્ને ઉપર રામાંડલિકને અપાર પ્રેમ નાગાજણ તો પાછો તેજસ્વી કવિ. એની વાત મુકવાની-છંદ ગાવાની લઢણથી રામાંડલિક ખૂબ ખુશ. મોટેભાગે ડાયરો ભરાય એમાં નાગાજણ તો આવે જ. નાગાજણને ઘોડા ખેલવવાનો, ઉછેરવાનો પણ શોખ વિજયાદશમીના શસ્ત્રપૂજન સમયે રામાંડલિકની સવારી વખતે નાગાજણ નવા ઉછેરેલ વછેરાને પલાણ માંડીને ઘોડા ખેલવવા ગયા. ઘોડાની ચાલ, રૂપ અને કાનસોરીથી રાજવી રામાંડલિક મોહિત થયા. ઘોડાનું મોઢે માગ્યું મૂલ્ય આપવા તૈયાર થયા. પણ નાગાજણ કહે. ના જી મારે વેચવાનો નથી, પણ મારી પ્રતિજ્ઞા છે કે જે આ ઘોડાના વખાણ કરશે એને ભેટમાં આપી દઈશ. તમે વખાણો એટલે તમારો. રાજવી કહે વખાણ કરવાનું કામ અમારું નહીં તમારું. અમે તો કિંમત આપી જાણીએ. ગામ માગે તો ગામ કે એનો ગરાસ આપું. દશેરાનાં તહેવારે જુવાન ચારણ મિત્ર સાથે આવી ચડભડ વડછડ થઈ. નાગાજણ ઘેર આવ્યો. દાદીમા નાગબાઈ ઉદાસી પરખી ગયા વિગત જાણી દુઃખી થયેલા.

રામાંડલિકના કાકા રાવિકાજી સરવૈયા કે રાયજાદા ગીરગઢડા એમનો ગરાસ. એમની ખાંભી નવા સૂરજદેવળ નજીક નવાગામની સીમમાં ટેકરીની ધાર ઉપર છે. રાણીવાસના ઈર્ષ્યાભાવથી ગાદી વારસના ધણી રાવિકાના એકના એક દીકરા ભૂપતસિંહની અકાળે હત્યા થઈ કે મોત થયું. રાવિકાએ આથી ગુસ્સે થઈને માંડલિક સામે બહારવટુ માંડેલું. રાવિકાને માંડલિક અને નાગાજણ વચ્ચે થયેલી વડછડ-અશ્વના રૂપની ખબર પડી. આ કારણથી એક વખત ઘોડો જોવા ગામ મોણિયે આવ્યા. આઈ નાગબાઈને પગે લાગ્યા અને ઘોડારમાં ઘોડો જોતા આંખો ચાર થઈ ગઈ. એની પીઠના, કાનસોરીના અને આંખના વખાણ કરતા થાકતા ન હતા.



નાગાજણ રાજી-રાજી થઈ ગયો. કહે વિકાજી આ ઘોડો આપે વખાણ્યો પણ માગ્યો નહીં, હું આપને આપું છું. આજથી એ આપનો. પછી તો વીકાજી બમણા જોરથી બહારવટા ખેડવા લાગ્યા. માંડલિકને ખબર પડી. મને ન આપેલો ઘોડો મારા દુશ્મનને આપ્યો. નાગાજણ પરનો ગુસ્સો આખા મોણિયા અને નાગબાઈ ઉપર ઉતારવા એક વખત મોણિયા નાગબાઈ આઈને નાગાજણનો, વીકાને મદદ કરવા અંગેનો ઠપકો આપવા જાય છે. ત્યાં રીસ, ક્રોધ અને રાજવટને કારણે આઈને ગામ-હદ-છોડી જવા કહે છે. નાગબાઈનો રોષ ભભૂકે, તું ધરતીનો ધણી કેટલા વખતનો. કોઈ ક્યાં કાયમી રહ્યું છે અને હવે જયારે મુસલમાનો મંદિર તોડી મસીદ કરી રહ્યા છે ને એમાં અમારો નેસ રેઢો મુકી અમારે ક્યાં જવું. આમાં તું ધરતીનો ધણી કેટલા દિ વાળી વાતનું વિરોધી વિચારકોએ વતેસર કર્યું. આઈને દુભવ્યાનો પશ્ચાતાપ સંસ્કૃતિનિષ્ઠ રાજવીને થાય અને પોતાનાં દુશ્મનને પોતાનો મિત્ર નાગાજણ મદદરૂપ થયાં એનો ધોખો પણ હોય, આ બધું સ્વાભાવિક છે. પણ દંતકથા રચનારાને કે ઈર્ષ્યાળુને તો વાતનું એવું વરવું અર્થઘટન કરી વતેસરને પ્રવાહિત કરવામાં અને મલાવવામાં મજા પડે. હકીકતે નાગાજણનાં અનુજ બંધુ સહોદર ઉપર રાખેંગારને સ્નેહ સંબંધ અખંડ રહેલો. એટલે તો એને રાખેંગારે પોતાની પરમાર રાણીથી થયેલો પુત્ર ભળાવીને પોતે છ મહિના સુધી મુકાબલારૂપ યુદ્ધ કરીને, પછી ઈડરના જંગલ તરફ નીકળી ગયેલ. ત્યાં સમાચાર મળ્યાં કે આઈ નાગબાઈ રાખેંગાર સાથે થયેલી વડછડના આકરાં બોલનું પાતક ધોવાં હેમાળો ગાળવા વેલડામાં હરિજન ગાડા ખેડુ દંપતિને લઈને નીકળી રહ્યા છે. માંડલિક ક્ષમા પ્રાર્થવા અને હેમાળો ગાળવા ન જવા માટે વિનવવા નીકળ્યો. બગસરાને પાદર સાતલ્લી નદીના પટમાં એમનો ભેટો થયો. વેલડાં-ગાડા આડો ફરી માફી માગીને ગાડાંના પૈડા ઉપર પોતાનું માથુ પછાડી આઈની રાજપૂતી સંસ્કારથી માફી માગી. આઈએ કહ્યું મારા આશીર્વાદ છે તારા રાજપુતી સંસ્કારને, તું રાજપૂત જ રહીશ, અને અમર થઈ જઈશ.

બગસરામાં આજે પણ એ પાળિયો છે અને જુનાગઢ જિલ્લાના વીસાવદર તાલુકાના મોણિયા ગામે આઈ નાગબાઈ, આઈ મીણબાઈ, ખૂટકરણ અને નાગાજણના ફળાં છે. ખોળામાં ખાંભી રૂપે હરિજન દંપતીને પણ સ્થાન મળેલ છે. સમરસ અને સમભાવનું આ સ્મારક અર્વાચીન સમયે મોટો આદર્શ પ્રસરાવતું તીર્થ સ્થાનક છે. એટલે હવે પૂર્વે પ્રસરેલી દંતકથાત્મક વિકૃત-ખોટી સામગ્રીને રદ કરવાની હોય, કથાલેખકોએ નાગબાઈના કહેલા દંતકથામાં ગુંથાયેલા દુહા અને કથા રદ્ ગણીને એની સામે દસ્તાવેજી આધારરૂપ હસ્તપ્રત આધારરૂપ ખરું સત્ય અને તથ્ય પ્રાપ્ત થયું. હસ્તપ્રતમાંથી પ્રાપ્ત બીજા પાંચ નાગબાઈઆઈએ કહેલા દુહા આસ્વાદીએ.

**ગંગાજળ ગઢેચા,**
**પંડ તાળુ હુતુ પવત્ર;**
**ગો ઈએ રગતે ગા,**
**મણ કી તાળા માંડળિક**

હે ગંગાજળિયા રાજવી, માંડલિક, તારી કાયા પવિત્ર હતી એના પ્રતાપે તો રક્તપિત્ત (વીંજા વાજાનાં) મટયાં હતાં, ત્યાં તારા મનની(નિર્મળતા અંગે) તો શું વાત કરવી?

**ગઢે તૂ ગારિઆ તણે,**
**નરસુ નીપજતનાં;**
**કાંઈક વરાંસુ વિરામ ઈ,**
**થીઅલ માંડળિક**

હે રામાંડલિક, કંઈક મોઢાં જોયાં ફેર થયો હશે નહિ તો રાગ્રહરિપુના ઘરે તારા જેવો દુર્ભાગી જન્મ ન લે.

**તે ટીલૂં જુના તણું,**
**મૂકી મોદળ રા;**
**બગસરે બિઠા, માંડેલ હુતુ માંડલિક**

આ રીતે જૂનાગઢની ગાદી મૂકીને કે મોદળ(ગિરનાર)ના રાજવી, તું બગસરે આવીને બેઠો છે. આ તો લલાટમાં લખાયેલું હશે કે અહીં ખપીજવાનું હશે.

**દઆચિ દુવેલ નઈ,**
**વપ મિપિ વેળા;**
**ક્વિાં કારડિઆ,**
**મું સૂં ક્વચન માંડળિક**

હે રામાંડલિક, પોતાની હયાતીમાં દાતાર રાડયાસે કદી અમને દૂભવેલા નહિ, તો હવે ભૂમિવિહીન થયેલા રાતારે અમને કડવાં વેણ શાનાં કહેવાનાં હોય?

**નવઘણ દૂવેલ નઈ,**
**વડ મિપિ વસરા;**
**કવિચન કારડિઆ,**
**મું પર કેવાં માંડળિક**

પોતાના વસમા સમયે પણ રાનવઘણે પણ ચારણોને દૂભવેલ નથી. તો ભૂમિવિહીન અને પરાજિત થયેલા રામાંડલિક, હવે તારે અમને કડવાં વેણ શાનાં કહેવાં પડે?

હસ્તપ્રતમાં સાજણશી સુરુએ એ સમયના રામાંડલિકના ચરિત્રને મૂલવતા તેર દુહા પણ આલેખ્યા છે. અહીં નાગબાઈ કથિત દુહામાંથી શાપ નથી નીકળતો મનદુઃખ, ખટકો પ્રગટે છે એને મલાવી-જનમનરંજન કરતું ઉમેરણ કરાયું હોવાનું જણાય છે. અહીં આ દુહાઓમાંથી આઈ નાગબાઈનો ક્રોધ ભારે વિવેકથી પ્રગટતો અવલોકવા મળે છે. ઉલટાના વિધર્મીથી પ્રરાજિત થઈને ભટકવાનું વલણ નાગબાઈ વખોડતા અહીં દૃષ્ટિગોચર થાય છે. આઈ નાગબાઈએ કથેલ દુહાનું તથ્ય અને તત્ત્વ આપણી સંસ્કૃતિનું દ્યોતક છે. એમાં વાત્સલ્યસમેત્ત આક્રોશ, ઠપકાનો સૂર અવશ્ય સંભળાય છે. એમાં ચારણ આઈનું એ સત્ અને ઋત આજે પણ અનુભવાય છે. સોરઠી ઈતિહાસનું તથ્ય અને તત્ત્વ એમાંથી પ્રગટે છે. ■

---

# કેશવ રચિત 'પાંડવોનો આંબો' કથાત્મક ભજન...

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com



પાવનકારી એવો પુરુષોત્તમ માસમાં ગવાતાં ધોળ અને કીર્તનોમાં 'પાંડવોનો આંબો' પ્રસંગને લઈને આપણે ત્યાં ઘણા સંત-ભક્ત કવિઓએ જે પદ્ય રચનાઓ આપી છે તેમાંથી ગયા લેખમાં કલા ભગતની ધોળ રચના આપેલી, આજે કવિ કેશવરામ રચિત કથાત્મક ભજન લેવું છે.

*ધન ઘડી, ધન આનંદ, લીલા, મારા ગોરજી મોલ પધાર્યા,*
*દુર્યોધન દુરવાસાને તેડાવે, તમેં છો ગોર અમારા ;*
*પાંચ પાંડવને સતે સરાપો, પછી મોલ પધારોને મારા..*
*દુરવાસા કહે તું સુણ દુરજોધન, વાત લેજે વિચારી*
*પાંચ પાંડવ છે દેવ સ્વરૂપી, તું છે ભારી એહંકારી*
*જે વસ્તુ માંગશું તે લાવી આપશે, પાંડવ નહીં જાય સત હારી...*
*ભુંજેલ બી રાજા દુર્યોધન ભેજે, શત્રુની કરવા ખુવારી;*
*ભુંજેલા બીજ ભૂમિમાં નહીં ઊગે, પાંડવ જાશે સત હારી...*
*દુર્વાસા મુનિ જ્યારે દ્વારે પધાર્યા, પાંડવ દિયે આદર ભાવ સવાયા*
*પ્રદક્ષિણા કરી મુનિને પાયે લાગ્યા, માતા કુંતા એ પૂજન કરિયાં,*
*ચરણ ધોઈ ચરણામૃત લીધાં, કહો ગોર દાદા ઈચ્છા તમારી*
*વાવો આંબો રસના જમણ જમીએ, પ્રભુ પત રાખે તમારી...*
*રૂષિનાં વચન રાયે સાંભળ્યાં, મનમાં ચિંતા ધારી ;*
*વાવો આંબો સતનાં જળ સીંચી, પ્રભુ પત રાખે તમારી...*
*માતા કુંતા કહે હું સાતમાં સમ લેખે, કહેવા ઉપર ઉપકારી ;*
*મારા ને મારી બેનના એક કરી જાણ્યા હોય તો, ઉગે આંબો મોરારી...*
*ઊગ્યો આંબો ને અરજુન બોલ્યા, હું છું નર નીમા ધારી;*
*ભાગ્યા જીવ વાંસે ઘા નવ કીધો હોય તો, આંબા પાન પસારી...*
*આંબે પાન આવ્યાં ને સહદેવ બોલ્યા, હું છું નર નીમા ધારી ;*
*વણ પૂછ્યા મેં જોશ જોયા હોય તો આંબા ડાળ પસારી...*
*આંબે ડાળ આવી ને નકુળ બોલ્યા, હું છું નર નીજારી ;*
*ત્રણવાર મેં અવની ઊટાંકી હોય તો, આંબા કોલ પસારી...*
*આંબે કોલ બેઠાં ને ભીમ બોલ્યા, ભોજન જમું બહુ ભારી ;*
*પંચાળીનાં ચીર જ્યારે દુઃશાસને તાણ્યાં, તિયારે વચને રચ્યો તો હું વારી...*
*આંબે ફળ લાગ્યાં ને રાજા ધરમ બોલ્યા, હું છું નર નિમાધારી;*
*શત્રુ ને મિત્ર મેં એક કરી જાણ્યો હોય તો, આંબા ગણ હારી..*
*ઉતરી આંબા અસુર દેખે, દ્રૌપદિએ આશ પસારી;*
*પાંડવો ને ઘેર આનંદ વર્ત્યો, ગૌર સોઈ જમે બહુ ભારી...*
*પાંચે પાંડવ છે રાજા પંડ રૂખના, બહુ છે આત્મહારી;*
*ખેહ હોજો પાંડવોના દુશમનની, જગો જગનું તન મારી...*
*પાંચ પાંડવ ને માતા કુંતા, દ્રૌપદિ અવિચળ નારી ;*
*પાંડવોની પ્રતિગ્યા હરિએ પાળી, કેશવ બોલ્યા બલિહારી...* ■

---

# સ્પષ્ટવકતા સુખી ભવેત?

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com



એક પળ જેને નકારે છે જગત એ જમાનાઓ સુધી પૂજાય છે.

બે પ્રકારના સ્પષ્ટવકતાઓ દેખાય છે.

* એક જે પોતાના સ્વાર્થ, સુખ-સગવડ, અહંકાર માટે બીજાને સ્પષ્ટ રીતે પોતે દોરેલી લક્ષ્મણરેખામાં જણાવી દેતા હોય છે અને...

* બીજા પ્રકારના સ્પષ્ટવકતા ઇશ્વરને ગમે, ઇશ્વરમાન્ય સિદ્ધાંતો-નિયમોને અનુરૂપ હોય, સર્વ જીવોના કલ્યાણ અર્થે હોય તેવું બોલનારા (ફકત પોતાનાં સુખ-સમૃદ્ધિ વધે તેવું બોલનારા નહીં) હોય છે.

- પોત-પોતાના કર્મક્ષેત્ર અને જ્ઞાન-આવડત મુજબનું સ્પષ્ટ બોલનારાઓની નામાવલીની નોંધ બનાવીએ તો તેમાં

* જિસસ
* ભગવાન મહાવીર
* ભગવાન બુદ્ધ
* હઝરત મહંમદ સાહેબ
* મીરા,
* સંત કબીર,
* અબ્રાહમ લિંકન,
* મહાત્મા ગાંધી,
* ઓશો,
* સોક્રેટિસ,
* જે. કૃષ્ણમૂર્તિ જેવા અનેક મહાત્માઓ, અવતારો આવે.

યાદ રહેવું ઘટે કે આ પહેલા પ્રકારના સ્પષ્ટ વકતાઓમાં

* ખંડણી માગનારાઓ.
* લાંચ રુશ્વત માંગનારા તથા
* લૂંટારાઓનો પણ સમાવેશ થઇ જાય છે. જેઓ ખુલ્લેઆમ-સામી છાતીએ ડરાવી-ધમકાવીને સ્પષ્ટ રીતે માંગણી કરતા હોય છે.
* અમુક જયોતિષો તથા વાસ્તુશાસ્ત્રવાળા પણ સ્પષ્ટ રીતે ગભરાવીને પોતાનું સુખ વધારતા હોય છે.
* બીજાની નિંદા કરનારા પણ પોતાને સ્પષ્ટવકતા માને છે.
* ચૂંટણી વખતે સામા પક્ષના નેતાની 'ભૂલો' હિંમતભેર મીઠું, મરચું, ઉમેરી-તડકા મારકે રજૂ કરતા હોય છે અને પોતાને 'સ્પષ્ટવકતા' જ નહીં, પણ 'સત્યવકતા' પણ વણમાગ્યા સ્વીકારી-લેતા હોય છે.
* પૈસા ઉછીના લીધા પછી, 'આપી શકું એમ નથી' કહેનારા
* ધાર્મિક ગ્રંથો પર હાથ મૂકી સ્પષ્ટ સોગંદ - કસમ ખાનારા-ખોટી જુબાની આપનારા, ગવાહી દેનારા.
* લગ્ને-લગ્ને 'કુંવારો છું' એમ કહી મહિલાઓને ફસાવનારા.
* આતંક ફેલાવ્યા પછી 'અમે આ પરાક્રમ કર્યું છે ને જવાબદારી લઇએ છીએ' તેમ બોલનારા અને છેલ્લે
* લગ્ન પ્રસંગે ફટાણારૂપે સ્પષ્ટ રીતે સામા પક્ષવાળાને સંગીત સાથે સંભળાવનારા, કૂખ્તાય થયા તો બીજી બાજુ.
* જેમણે સૌના ભલા માટે પોતાના જીવના જોખમે સ્પષ્ટ, સત્યયુકત વકતવ્ય આપ્યું તેઓ અમર થયા, પૂજવાને લાયક થયા.
* લાખ્ખો લોકોની અંધશ્રદ્ધા
* માન્યતા,
* કુરિવાજો,
* અન્યાયો,
* ગુલામી,
* લાચારી,
* જુલમો-સિતમમાંથી મુક્તિ અપાવી અને તે દ્વારા
* જીવન વધુ સારું-જીવવા જેવું - યોગ્ય બનાવ્યું, આ મુક્તકની જેમ :-

કોઇ એ માને ન માને તું કહે 'અનવર'
સત્ય કહેતા કેમ તું ગભરાય છે,
એક પળ, જેને નકારે છે જગત
એ જમાનાઓ સુધી પૂજાય છે.

***

ખુશીને શોધી કાઢો

જે રીતે આપણે સારી વર્તણૂક કરવાનું શીખીએ છીએ તે રીતે આપણે જ ખુશ રહેવાનું પણ શીખી શકીએ છીએ.

* જીવનના સુખદ પ્રસંગોને યાદ કરીને તે સમયની ખુશીને વર્તમાનમાં લાવો.
* આ કામ તમે ગમે તે સ્થળે અને ગમે તે સમયે કરીને તમારા મનને હસી ખુશીમાં, આનંદમાં રાખી શકો છો. ■

---

# પ્રેમ ચંદનના ઝાડવાઃ દાસી જીવણની ભીતરની અમીરાત

સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@
bombaysamachar.com



સૌરાષ્ટ્રની સંત પરંપરામાં રવિ-ભાણ સંપ્રદાયના તેજસ્વી નક્ષત્ર એટલે સંત કવિ દાસી જીવણ. જેમની વાણીમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ છે. તેમનાં ભજનો માત્ર ગેય પદ નથી, પણ સાધકની આધ્યાત્મિક યાત્રાના માર્ગચિહ્નો છે. દાસી જીવણની આ વાણી સંતવાણીનું એક એવું 'કાવ્યતીર્થ' છે જ્યાં સાધકનું પરમાત્મા તરફનું આકર્ષણ ગુરુ-શરણાગતિમાં પરિણમે છે. માવાની મોરલીયે મારા મનડા હેર્યા રે,

**મનડા હેર્યા રે મારા દલડા હેર્યા રે...**
**પ્રેમ ચંદન ના ઝાડવા રે ભાઈ,**
**મારી દેહ્યું માં રોપ્યા રે... માવાની મોરલીયે.**
**આંસુડે ભીંજાય કંચવો માવા,**
**ભીંજાય આછા ચીર રે... માવાની મોરલીયે.**
**માવો માવો શું કરો ભાઈ,**
**માવો મારી પાસ છે... માવાની મોરલીયે.**
**મનડું મારું તલખે માવા, દલડું મારું તલખે,**
**મેં તો ઘરબાર છોડ્યા રે... માવાની મોરલીયે.**
**દાસી જીવણ સત ભીમના ચરણા,**
**આજે લ્હેરમ લ્હેરા રે... માવાની મોરલીયે.**

દાસી જીવણ વાણીનો આરંભ પરમ તત્ત્વ પ્રત્યેના દિવ્ય આકર્ષણથી થાય છે. માવો એ પરમાત્મા માટેનો એક અત્યંત સ્નેહાળ અને તળપદો શબ્દ પ્રયોગ છે. અહીં મોરલી એ કોઈ સામાન્ય વાંસળી નથી, પરંતુ ગુરુકૃપાથી સાધકના અંતરમાં ગુંજતા અનહદ નાદનું પ્રતીક છે. આ ભીતરના સૂક્ષ્મ ધ્વનિના શ્રવણ માત્રથી સાધકનું મનડું જે તર્ક-બુદ્ધિમાં ડોલે છે અને દલડું જે ભાવ-શ્રદ્ધા ચૂર છે, એ બંને સાંસારિક વિષયોમાંથી પાછા વળીને તે પરમ ચૈતન્યમાં એકાકાર થઈ જાય છે. 'પ્રેમ ચંદન ના ઝાડવા રે ભાઈ, મારી દેહ્યું માં રોપ્યા રે' - આ પંક્તિ દાસી જીવણના દર્શનનું હાર્દ છે. પ્રેમ ચંદન એ ઈશ્વરીય પ્રેમનું ઉત્કૃષ્ટ રૂપક છે. ચંદનની શીતળતા જેમ તાપને શાંત કરે, તેમ આ પ્રેમ સંસારના સંતાપોને હરી લે છે. અહીં છોડ નહીં પણ ઝાડવા શબ્દ પ્રયોજાયો છે, જે ભક્તિની પરિપક્વતા સૂચવે છે. સૌથી ક્રાંતિકારી વાત એ છે કે આ પ્રેમ કોઈ કૈલાશ કે કાશીમાં નહીં, પણ સાધકની પોતાની દેહ્યુંમાં, પોતાના શરીરમાં રોપાયો છે. જે દેહને માયાનું બંધન ગણવામાં આવતું, તેને જ દાસી જીવણે ભક્તિની પ્રયોગશાળા બનાવી દેહ-મંદિરનો મહિમા ગાયો છે. પ્રેમલક્ષણા ભક્તિમાં વિરહ એ મિલનની પૂર્વશરત છે. 'આંસુડે ભીંજાય કંચવો' પંક્તિમાં સાધકની ઉત્કટતા દર્શાવી છે. અહીં 'કંચવો' અને 'ચીર' જેવા સ્ત્રી-પરિધાનને લગતા પ્રતીકો દ્વારા દાસી જીવણનો દાસી-ભાવ પ્રગટે છે. તાત્ત્વિક દ્રષ્ટિએ, 'આછા ચીર' એ જીવાત્મા અને પરમાત્મા વચ્ચે રહેલા માયાના અત્યંત સૂક્ષ્મ પડદાનો સંકેત છે. ભક્તિના પ્રેમાશ્રુ જ્યારે વહે છે, ત્યારે માયાનો એ પાતળો પડદો પણ ઓગળી જાય છે. સાધના પરિપક્વ થાય ત્યારે બહારની શોધ પણ બંધ થઈ જાય છે. 'માવો મારી પાસ છે' એ અદ્વૈતની અનુભૂતિનો રણકાર છે. ઈશ્વર ક્યાંય દૂર નથી, તે તો શ્વાસની પણ નજીક છે. પરંતુ આ આંતરિક હાજરી જાણ્યા પછી પણ પૂર્ણ લય માટે જે તલસાટ જાગે છે, તેના કારણે દાસી જીવણ કહે છે - 'મેં ઘરબાર છોડ્યા રે'. અહીં ઘર એટલે અહંકાર અને બાર એટલે બાહ્ય વાસનાઓ. આ આંતરિક ત્યાગ જ પરમ મિલનનો દ્વાર છે. વાણીના અંતે દાસી જીવણ પોતાની આધ્યાત્મિક સિદ્ધિનો તમામ શ્રેય પોતાના ગુરુ 'સત ભીમ' એટલે કે ભીમ સાહેબનાં ચરણોમાં અર્પણ કરે છે. સમર્પણ વિનાની ભક્તિ અધૂરી છે. અંતિમ ચરણમાં આવતો શબ્દ 'લ્હેરમ લ્હેરા' એ કોઈ ક્ષણિક સુખ નથી, પણ બ્રહ્માનંદના સાગરમાં ઉછળતી મસ્તી છે. જ્યાં વિરહ શમી જાય છે અને કેવળ અખંડ શાંતિનો (અ-પ થાય છે. આજના ભૌતિકવાદી યુગમાં, જ્યારે માણસ શાંતિ માટે બહાર ભટકી રહ્યો છે, ત્યારે દાસી જીવણની આ વાણી આપણને સ્વયંની ભીતર રહેલા 'પ્રેમ ચંદન'ને ઓળખવાની પ્રેરણા આપે છે. ■

# દેહવાસના-લોકવાસના-શાસ્ત્રવાસના

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



વાસના બંધનનું એક મહત્ત્વનું કારણ છે. કોઈપણ પ્રકારની દ્રઢ ઈચ્છા થાય, અર્થાત્ જ્યારે વાસના જાગ્રત થાય ત્યારે સમગ્ર અસ્તિત્વ તેને પામવા પ્રયત્ન કરવા માંડે. મન તેનું ચિંતન કરે, બુદ્ધિ વિવેકને બાજુમાં મૂકીને તેની પ્રાપ્તિના માર્ગ શોધે, પોતાની પાસે સંગ્રહાયેલી માહિતી અને ભાવનાને આધારે ચિત્ત ચોક્કસ પ્રકારની પ્રેરણા આપે અને અહંકાર તો વાસના તૃપ્ત કરવા તૈયાર જ હોય. આ પરિસ્થિતિને કારણે બધી જ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પોતપોતાનાં કામમાં લાગી જાય. વાસના જાણે સમગ્ર અસ્તિત્વ પર કાબૂ મેળવી લે. બધી જ ક્રિયા, બધાં જ નિર્ણય, બધાં જ પ્રયત્ન, બધાં જ પુરુષાર્થના કેન્દ્રમાં વાસના હોય છે. વાસના અર્થાત તીવ્ર ઈચ્છા, તીવ્ર લાલસા કે તીવ્ર આકર્ષણ. તે વ્યક્તિના મનમાં ઊભી થતી તીવ્ર ઈચ્છા અને ભાવનાને પ્રદર્શિત કરે, જેની અસર શારીરિક, માનસિક, ધાર્મિક, સામાજિક કે આધ્યાત્મિક સ્તરે રહેતી હોય છે.

સનાતની સંસ્કૃતિના તત્ત્વજ્ઞાન પ્રમાણે વાસના ત્રણ પ્રકારની હોય - દેહવાસના, લોકવાસના અને શાસ્ત્રવાસના. શરીર સાથે જોડાયેલી લાલસા, શરીર સંલગ્ન જોડાયેલી ઈચ્છા, શરીરની માંગ પ્રમાણે ઉદ્ભવતી તીવ્ર અપેક્ષા એટલે દેહવાસના. આમાં આહારની ઈચ્છા, આરામની ઈચ્છા, શારીરિક સુખ-સગવડ જેવી બાબતો સાથે કેટલીક કામ આધારિત ભાવના પણ જોડાયેલી હોય. કોઈ કોઈ જગ્યાએ કામવાસનાને દેહવાસનાથી ભિન્ન ગણવામાં આવે છે. પરંતુ આ યોગ્ય નથી, કારણ કે કામ એ દેહ દ્વારા તૃપ્ત કરાતી વાસના છે, ભલે પછી તેનું કેન્દ્રસ્થાન મનમાં હોય. આહાર, નિદ્રા, ભય અને મૈથુનના મૂળમાં દેહવાસના છે એમ કહી શકાય.

કહેવાય છે કે કંચન - કામિની -કીર્તિ, એ ત્રણમાંથી સૌથી વધારે કઠિન કીર્તિનો ત્યાગ છે. કંચન અર્થાત્ પૈસાનો મોહ છૂટી શકે. કામવાસના પણ છૂટી શકે, પરંતુ આ બધું છોડ્યા પછી પણ જે બાકી રહે તે કીર્તિ માટેની ચાહના છે. મોટાભાગની વ્યક્તિને સામાજિક માન્યતા, પ્રસિદ્ધિ તથા માન-સન્માનની વાસના હોય છે. વધતાં કે ઓછાં પ્રમાણમાં આ બધાંને હોય છે. બધાંની એવી ઈચ્છા હોય છે કે સમાજમાં તેને એક સ્થાન મળે, તેના કાર્યની કદર થાય, તેના અભિપ્રાયને મહત્ત્વ આપવામાં આવે, તેની વિચારસરણીનું અનુસરણ થાય, તેની સન્માનનીયતા બધાંને માન્ય હોય. કોઈપણ સંજોગોમાં કોઈપણ વ્યક્તિ દ્વારા તેનો વિરોધ ન થાય. આ પ્રકારની માનસિકતાથી છૂટવું મુશ્કેલ છે. એમ માનવામાં આવે છે કે જો પાસે સંપત્તિ હોય તો લોકો નાથિયાને પણ નાથાલાલ કહે. આવા સંજોગોમાં લોકવાસના સંતોષવા માટે ક્યારેક અર્થવાસના ઊભી થાય. અર્થવાસના એટલે ધન, સંપત્તિ, સામગ્રી, સંસાધનો જેવી ભૌતિક બાબતોની લાલસા.

આ ત્રણેય પ્રકારની વાસનામાં સૌથી કઠિન તોડ શાસ્ત્રવાસનાનો છે. શાસ્ત્ર હોય, ગુરુદેવના વચન હોય, તીર્થ સ્થાન હોય, ધાર્મિક કર્મ હોય, સત્સંગ હોય કે આવી જીવનની કોઈપણ સકારાત્મક અને સાત્વિક બાબત હોય તો સ્વાભાવિક છે કે તેના પ્રત્યે લગાવ સ્થાપિત થાય. શાસ્ત્રવાસના ધર્મ, શાસ્ત્રો અને આધ્યાત્મિક જીવન તરફનો વધુ પડતો ઝુકાવ દર્શાવે છે. આ બધા દ્વારા જીવનને ઊંચા ધ્યેય તરફ દોરી જવાનો પ્રયત્ન આ વિચારમાં દર્શાવાયો છે, પણ તેમાં અતિશયોક્તિ થતી હોય છે. એ સમજવાની જરૂર છે કે આ બધી બાબતો નિસરણી સમાન છે. એકવાર ઉપર પહોંચી ગયા પછી નિસરણીની લાલસા ન રખાય - નિસરણી માટે વાસના ન રહેવી જોઈએ. જો એમ થાય તો વ્યક્તિ નિસરણી પર અટકી જાય અને ઉપર ન પહોંચી શકે. જો તેમ થાય તો સાધન એ અંતિમ ધ્યેય બની જાય. આ ઇચ્છનીય પરિસ્થિતિ નથી. કેટલાક શાસ્ત્રવાસનાની શ્રેણીમાં મોક્ષવાસનાનો પણ સમાવેશ કરે છે. મોક્ષવાસના એ ભેદી પરિસ્થિતિ છે. અષ્ટાવક્ર ગીતામાં જણાવ્યું છે કે તું બંધનમાં છું એ માન્યતા જ બંધન છે. તે પરિપ્રેક્ષ્યમાં મોક્ષ માટેના પ્રયત્ન જ બંધનનું એક ઘનિષ્ઠ સ્વરૂપ છે. અર્થાત્ મોક્ષ વાસના પણ છૂટવી જોઈએ. જ્યારે બધું જ છૂટી જાય ત્યારે આપમેળે મોક્ષ પ્રાપ્ત થાય. દેહવાસનાને બાદ કરીએ તો ઘણા એમ કહેવાય છે કે લોકવાસના અને શાસ્ત્રવાસના અમુક રીતે સારી હોઈ શકે. જેમ કે જો લોકવાસના હોય તો સમાજમાં સન્માન મેળવવા માટે સારું કામ કરવાની પ્રેરણા થાય. આનાથી લાંબા ગાળે સમાજને ફાયદો થાય. તેવી જ રીતે શાસ્ત્રવાસના શાસ્ત્ર પ્રત્યેનો લગાવ વધારવામાં મદદરૂપ થાય, જેનાથી શાસ્ત્ર વધારે સારી રીતે સમજી શકાય. પણ અમુક તબક્કા પછી આ બંને છોડવા પડે. અમુક હદ સુધી તો દેહવાસના પણ યોગ્ય છે, જો અમુક પ્રકારની દેહવાસના હોય તો શરીર તંદુરસ્ત રહી શકે અને ઉત્તરદાયિત્વ સમાન કાર્ય વધુ સરળતાથી નિભાવી શકાય. પ્રશ્ન તેની પાછળ રહેલા આશયનો અને એક મર્યાદાનો છે. વાસના મનને અશાંત બનાવે. ચિત્ત વિહવળ થાય. કશાનું ભાન ન પડે. વિવેક ન રહે. સંયમ ન જળવાય. લોકલાજ ભૂલી જવાય. જીવનના લક્ષ્ય પ્રત્યે બેધ્યાન થઈ જવાય. બાહ્ય પદાર્થમાં વારંવાર ફસાતા જવાય. ક્યારેક તો તર્ક વિનાના નિર્ણયો લેવાય. જીવનમાં અમુક પ્રકારનો અંધાપો આવી જાય. આ બધાની અસર માનસિક તેમજ શારીરિક સ્વાસ્થ્ય પર પણ પડે. કૌટુંબિક જીવનમાં પણ ખલેલ ઊભી થાય. ક્યારેક હાસ્યસ્પદ કે દયાજનક સ્થિતિ સર્જન. તેની સામે વાસનાના નિયંત્રણથી વ્યક્તિ શાંત બને, સંતુલિત રહી શકે, નિષ્પક્ષતા તેમજ તટસ્થતા જાળવી શકે અને જીવન હકારાત્મક ઊર્જાથી ભરાતું જાય. સતપુરુષોના સત્સંગથી, શાસ્ત્રના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાથી, ગુરુ વચનમાં શ્રદ્ધા રાખી તે પ્રમાણે કાર્યરત થવાથી, શાસ્ત્રીય પદ્ધતિથી યોગમાં સંમિલિત થવાથી, આધ્યાત્મિક વિચારધારાને અનુસરવાથી, ધ્યાન ધરવાથી, ભક્તિ કરવાથી અને શુભ ચિંતન કરવાથી વાસના નિયંત્રણમાં આવી શકે.

સંપૂર્ણતામાં તો એમ કહેવાય કે વાસનાથી મુક્તિ માટેની વાસના પણ ન હોવી જોઈએ.

# હરિ! તમારા પ્રતાપથી

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



ગત અંકમાં ધ્યાનયોગના મર્મને જણાવીને હવે ભગવાન કૃષ્ણ ભગવાન ભક્તવત્સલ અને ભક્ત રક્ષક છે, તે સમજાવે છે.

ભગવાનના પ્રતાપથી સર્વ દુર્ગ તરી જવાય છે ગીતાનું આ વાક્ય દરેક ભક્ત માટે કેવળ આલંબન નહીં, પરંતુ સુરક્ષાનું કવચ છે. અહીં દુર્ગનો અર્થ માત્ર બહારની મુશ્કેલીઓ નથી; દુર્ગ એટલે જીવનના એવા કઠિન કિલ્લા, જ્યાંથી બહાર નીકળવાનો માર્ગ દેખાતો નથી; અહંકાર, આસક્તિ, ભય, શોક, સંશય અને અજ્ઞાન જેવા અભેદ્ય કિલ્લાઓને ભેદવાની સહાય અહીં ભગવાન આપી રહ્યા છે.

ગીતા કહે છે કે જ્યારે માનવી પોતાને ભગવાનને સમર્પિત કરે છે, ત્યારે પ્રભુ કૃપા વરસાવે છે અને અભેદ્ય દુર્ગોનાં દ્વાર ઉઘડી જાય છે. ભગવાનની કૃપા કે પ્રતાપનો અર્થ અહીં ચમત્કારિક શક્તિ નહીં, પરંતુ ભગવાનની સન્નિધિથી મળતી આંતરિક શક્તિ, દઢતા અને સચેતતા છે.

દુષ્કર કાર્ય ત્યારે જ દુષ્કર લાગે છે, જ્યારે માણસ પોતાને એકલો માને છે. જીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે, જ્યાં બુદ્ધિ થાકી જાય છે, શક્તિ ચૂકી જાય છે અને આશા પણ ઝાંખી પડે છે. જીવનમાં મોટાં વિઘ્નો આવે ત્યારે તો માણસ તૂટી જાય છે. એ ક્ષણે જો અંતરમાં ભગવાન પરનો વિશ્વાસ દીવો બની પ્રગટે, તો કૃપા પ્રકાશથી અંધકાર પાછળ હટે છે. હા, ભગવાનની કૃપા માણસને મુશ્કેલીઓમાંથી પસાર થવાની શક્તિ આપે છે. વિઘ્નો જ પ્રગતિની સીડીઓ બની જાય છે. જીવનમાં દુઃખોનું આવવું અસ્વાભાવિક નથી; દુઃખ સામે માણસ કેવી રીતે ઊભો રહે છે, એ જ તેની આધ્યાત્મિક ઓળખ છે.

માણસ જ્યારે પોતાના બળ પર જ બધું કરવા જાય છે, ત્યારે અહંકારનું ભારણ તેને થકવી નાખે છે. હું કરી લઉંનો ભાવ જ્યારે હું તો હરિનો દાસ છુંમાં રૂપાંતર પામે છે, ત્યારે કૃપાનું દ્વાર ખૂલે છે. ભગવાનની કૃપા એટલે ભાગ્યનો સાથ નહીં, પરંતુ યોગ્ય દિશામાં ચાલવાની પ્રેરણા. એ પ્રેરણા માણસને વિઘ્નોથી ભાગવાનું નહીં, પરંતુ વિઘ્નોને પાર કરવાની હિંમત આપે છે. કૃપા મળવાથી માર્ગ સહેલો થાય છે, એવું નથી; પરંતુ માર્ગ પર ચાલવાની શક્તિ વધે છે. પવન વિરુદ્ધ વહેતી નાવ પવનને ગાળો આપતી નથી; તે તો પાંખા યોગ્ય રીતે ગોઠવે છે. તેવી જ રીતે, કૃપા માણસને પરિસ્થિતિ બદલે નહીં, પરંતુ દૃષ્ટિ બદલે છે. દૃષ્ટિ બદલાય ત્યારે દુષ્કર કાર્યમાં પણ અર્થ દેખાવા લાગે છે. કાર્ય બોજો નથી રહેતું; એ સાધના બની જાય છે. હા, આ હરિની કૃપા છે, પ્રતાપ છે, અને ભક્તની ખરી રક્ષા છે.

છતાં માણસ અજ્ઞાનવશ બહારની સુરક્ષામાં વધુ વિશ્વાસ રાખે છે, શરીર, ધન, પદ, પ્રતિષ્ઠાની રક્ષા જ રક્ષા મનાય છે. પરંતુ આ બધું ક્ષણભંગુર છે. હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ બાળપણથી જ ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. પિતાએ વારંવાર તેને ભગવાનની ભક્તિ છોડાવવા પ્રયાસ કર્યો, પરંતુ પ્રહ્લાદ અડગ રહ્યો. ગુરુઓએ સમજાવ્યું, ધમકાવ્યો, પણ પ્રહ્લાદે નારાયણનું સ્મરણ ન છોડ્યું. ક્રોધિત હિરણ્યકશિપુએ ઝેર આપ્યું, અગ્નિમાં નાખ્યો, પર્વત પરથી ફેંક્યો, સાપો છોડ્યા, પરંતુ દરેક વખતે ભગવાને તેની રક્ષા કરી. અંતે, હિરણ્યકશિપુએ સ્તંભમાં ભગવાન વિશે પ્રશ્ન કર્યો; ત્યારે નરસિંહ સ્વરૂપે ભગવાન પ્રગટ થયા અને હિરણ્યકશિપુનો નાશ કર્યો. પ્રહ્લાદની અડગ ભક્તિથી તેની સંપૂર્ણ રક્ષા થઈ.

પરંતુ પ્રહ્લાદ નરસિંહ ભગવાનને પ્રાર્થનામાં કહે છે કે 'પ્રભુ, આપે મારા શરીરની રક્ષા કરી, પણ ખરી રક્ષા તો ત્યારે માનીશ જયારે આપ મને કામ, ક્રોધ, માન, જેવા શત્રુઓથી બચાવશો.'

કૃપા તો એવી સમજ છે, જે આઘાતમાંથી શીખવાની બુદ્ધિ આપે છે. નુકસાનમાં પણ માણસ તૂટતો નથી, કારણ કે એને ખબર હોય છે કે હાથ પકડીને કોઈ અજાણી શક્તિ ચાલે છે. એ શક્તિ દેખાતી નથી, પરંતુ અનુભવાતી રહે છે. જેમ દૂરથી સુગંધ ફૂલને દેખાડતી નથી, છતાં વાતાવરણને સૌરભથી ભરી દે છે. જે માણસ આ કૃપાને જીવનના કેન્દ્રમાં રાખે છે, તેના માટે મોટાં વિઘ્નો પણ જીવનના પાઠ બની જાય છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે ધ્યાનથી જોઈએ તો ભગવાનની કૃપા અને પ્રતાપનો અનુભવ થયા વગર રહે જ નહીં ! મોટાં વિઘ્નો તરી જવાય ત્યારે, દુષ્કર કાર્ય સહેલું લાગે ત્યારે અને અજાણી રીતે રક્ષા અનુભવાય ત્યારે ખબર પડે એમ નહીં, પણ સ્વાદ, લોભ, કામ વૃત્તિમાં મન ન જાય, એ કેટલી મોટી રક્ષા છે! જે આ કૃપાને ઓળખી લે છે, તેનું જીવન ભારણ નહીં રહે, પણ ભજન બની જાય છે. ■

# વિકલ્પથી નિર્વિકલ્પની યાત્રા એ જ ધર્મનું ધ્યેય

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com



આપણે સંકલ્પ ઉપર ચર્ચા કરી. આપણા સંકલ્પોને શિથિલ કોણ બનાવે છે? આપણું મન. કેવી રીતે આપણા સંકલ્પો શિથિલ થાય છે. આપણું મન દ્વિધામાં અટવાયેલું રહે છે. સંસારમાં ડગલે ને પગલે આપણું મન વિકલ્પોમાં ફસાયેલું રહે છે. આપણે સાધારણ શબ્દોમાં તેને દ્વિધા કહીએ છીએ. પરંતુ દ્વિધા અને વિકલ્પ વચ્ચે સૂક્ષ્મ અંતર છે. મુખ્ય તફાવત એ છે કે વિકલ્પો એ કાર્ય કરવા માટે ઉપલબ્ધ 'પસંદગીઓ અથવા માર્ગો' છે, જ્યારે દ્વિધા એ 'મુશ્કેલ માનસિક સ્થિતિ' છે જ્યાં ઉપલબ્ધ બધા વિકલ્પો એકસરખા (અથવા સમાન રીતે પ્રતિકૂળ) દેખાય છે.

વિકલ્પની સ્થિતિમાં મનમાં રાગ-દ્વેષ સમાયેલા હોય છે. કુરુક્ષેત્રમાં અર્જુનની સ્થિતિ બહુ વિકટ હતી. તેના મનમાં દ્વિધા તો હતી જ. સાથે તેનું મન વિકલ્પથી પણ ઘેરાયેલું હતું. એક તરફ બાળપણથી લઈને વનવાસ સુધી કૌરવો તરફથી થયેલા અન્યાયનો દ્વેષ-ડંખ હતો, તો બીજી તરફ પિતામહ ભીષ્મ, દ્રોણાચાર્યથી લઈને અનેક મહાનુભાવો પ્રત્યે ઊંડો સ્નેહ, અપાર આદર પણ હતો, પાછા બધા જ કોઈ ને કોઈ રીતે સંબંધી હતાં. તેથી જ, કુરુક્ષેત્રના યુદ્ધમાં કહેવાયેલી આખી ગીતા આ વિકલ્પમાંથી મનને બહાર લાવવાનો ઉપદેશ છે.

અર્જુન તો એક ઉદાહરણ છે. આપણા બધાની સ્થિતિ પણ આવી જ નથી શું? માત્ર સાંસારિક બાબતોમાં જ નહીં, ધર્મની બાબતમાં પણ મન વિકલ્પોથી ઘેરાયેલું રહે છે. કયા દેવ પૂજવા, ભક્તિ કરવી કે જ્ઞાનનો માર્ગ અપનાવવો કે તપશ્ચર્યા કરવી? સાધુ બનવું કે સંસારી રહેવું? મનમાં કેટકેટલાય વિકલ્પો સતત રહે છે.

'વિકલ્પ' શબ્દ બે સંસ્કૃત મૂળમાંથી બન્યો છે: વિ + કલ્પ. અને વિઃ આ ઉપસર્ગનો અર્થ 'ભિન્ન', 'અલગ', અથવા 'વિશેષ' થાય છે. કલ્પઃ આનો અર્થ 'વિચાર', 'સર્જન', અથવા 'નિયમ' થાય છે. વિકલ્પો હોવા એ બેધારી તલવાર જેવું છે. આ વિચાર આપણા મનમાં સતત શંકા પેદા કરી શકે છે. પરિણામે, આપણે એક જ નિર્ણય પર ટકી શકતા નથી. પસંદગી કર્યા પછી, વ્યક્તિ પસ્તાવો અનુભવી શકે છે, વિચારી શકે છે કે શું અન્ય વિકલ્પો વધુ સારા હતા. આ આપણને આપણા વર્તમાન નિર્ણયનો આનંદ માણતા અટકાવે છે. વિકલ્પો હોવા એ જીવનનો એક ભાગ હોઈ શકે છે, પરંતુ તેમાં ફસાઈ જવું એ સમજદારી નથી. આવા કાલ્પનિક વિકલ્પો આપણા મનને સત્યથી દૂર લઈ જાય છે અને ભ્રમ પેદા કરે છે. ધર્મનું ધ્યેય આ બધી માનસિક વધઘટને શાંત કરીને *નિર્વિકલ્પ* (વિકલ્પ રહિત ચેતના)ની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે.

રોબર્ટ ફ્રોસ્ટની પ્રસિદ્ધ કવિતા છે, 'ધ રોડ નોટ ટેકન'. તેની અંતિમ પંક્તિઓ

એક જંગલમાં બે રસ્તા અલગ થઈ ગયા, અને મેં......

**મેં ઓછો પ્રવાસ કરેલો રસ્તો પસંદ કર્યો,**
**અને બધું પરિવર્તન તેને કારણે જ આવ્યું....**

આપણને સહુને અજાણ્યા રસ્તે જવાનો એક અજાણ્યો ભય સતાવતો હોય છે. આપણે જાણીતો રસ્તો લેવાનું જ પસંદ કરીએ છીએ. કારણકે તે સરળ હોય છે. ભલે, કદાચ એ વધુ લાંબો હોય તો પણ. ધર્મનું ક્ષેત્ર પણ આપણા માટે આ અજાણ્યા રસ્તા જેવું છે. સંસારનો જાણીતો રસ્તો જીવ માટે ઘણો લાંબો હોય છે. ઘણો, ઘણો, લાંબો......તેમ છતાં આપણે સંસારના આ રસ્તાને છોડી શકતા નથી. એ જ, અજાણ્યા રસ્તાનો ભય...જ્યાં આપણી અંદરનો રસ્તો જ આપણા માટે અજાણ્યો હોય, પોતાનો આત્મા જ આપણા માટે અજાણ્યો હોય ત્યાં કયા રસ્તે જવું?

બસ, આ જ સવાલનો જવાબ આપણે ગોતવાનો છે. જે દિવસે આપણે નિર્વિકલ્પ થઇ જઈશું, તે દિવસે આ સવાલનો જવાબ જડી જશે.

'નિર્વિકલ્પ'નો શાબ્દિક અર્થ 'વિકલ્પ' થી રહિત અથવા 'કોઈપણ વિકલ્પ વિના' થાય છે. નિર્વિકલ્પ હોવું એ ફક્ત પસંદગીઓનો અભાવ નથી; બલ્કે, મનની તે સર્વોચ્ચ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું છે જ્યાં પસંદગી કરવાનો બોજ જ સમાપ્ત થઈ જાય છે. તે એક અખંડ અને અટલ અવસ્થા છે જ્યાં વ્યક્તિ તેના સાચા સ્વભાવ - શાંત, સ્થિર અને સંપૂર્ણ - માં સ્થાપિત થાય છે. તે શંકાથી નિશ્ચિતતા અને બહુવિધતાથી એકતા તરફની યાત્રાનો અંતિમ મુકામ છે.

સંકલ્પથી આપણે આપણા નિર્ણયોમાં અડગ રહીએ છીએ; વિકલ્પ આપણને ચિંતન કરવાની તક આપે છે પરંતુ ક્યારેક મૂંઝવણ તરફ દોરી શકે છે; જ્યારે નિર્વિકલ્પ આપણને સંપૂર્ણ શાંતિ અને સ્થિરતાની સ્થિતિ તરફ દોરી જાય છે. ■

# હરિદ્વાર ભારતનું ધાર્મિક પાટનગર છે

તીર્થયાત્રા

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

જેઓ ભારતના સાધુસમાજનો પરિચય મેળવવા ઈચ્છતા હોય તેમને માટે કુંભમેળો ઉત્તમ તક છે. કુંભમેળો ભારતનું એક મહાન પર્વ છે.

હરિદ્વાર ભારતનું ધાર્મિક પાટનગર છે. ભારતની અનેક ધાર્મિક સંસ્થાઓનાં મધ્યસ્થ કેન્દ્રો હરિદ્વારમાં છે. તાતાનગર જેમ ઔદ્યોગિક નગર છે અને તેનો ઉદ્ભવ અને વિકાસ ઉદ્યોગને લીધે છે, તેમ હરિદ્વારનો ઉદ્ભવ અને વિકાસ ધર્મને લીધે છે.

હરિદ્વારમાં અનેક દર્શનીય સ્થાનો છે. આપણે મહત્ત્વનાં દર્શનીય સ્થાનો વિશે અહીં વિચાર કરીશું.

૧. હર કી પૈડીઃ

ગંગાસ્નાન હરિદ્વારની તીર્થયાત્રાનું સૌથી મહત્ત્વનું અંગ છે. ગંગાસ્નાન માટે ગંગાજીના કિનારે અનેક ઘાટ બાંધવામાં આવ્યા છે. હર કી પૈડી ગંગાજીનો મુખ્ય ઘાટ છે. હર કી પૈડી વિશાળ ઘાટ છે, એટલે બહુ મોટી સંખ્યામાં યાત્રીઓ અહીં એકસાથે સ્નાન કરી શકે છે. હર કી પૈડીમાં પગથિયાં ઊતરીને ગંગાકિનારે પહોંચાય છે. પૈડી એટલે પગથિયાં. પગથિયાંને લીધે જ તેને પૈડી કહે છે અને શિવજી તો હિમાલયનાં અધિષ્ઠાતા દેવ છે, તેથી આ ઘાટનું નામ હરકી પૈડી પડ્યું છે. હરકી પૈડીનાં પગથિયાં ઊતરીએ એટલે બ્રહ્મકુંડ આવે છે. આ બ્રહ્મકુંડમાં સ્નાનનું વિશેષ મહત્ત્વ છે. ગંગામૈયા આ બ્રહ્મકુંડમાંથી પસાર થાય છે. એક બાજુથી ગંગાજીનો પ્રવાહ આ બ્રહ્મકુંડમાં આવી બીજી બાજુથી બહાર નીકળે છે, તેથી કુંડ હોવા છતાં અહીં વહેતી ગંગા છે. હરિદ્વારના કુંભમેળા દરમિયાન સાધુઓનું મુખ્ય સ્નાન અહીં બ્રહ્મકુંડમાં થાય છે. ભારતભરમાંથી લોકો પોતાનાં મૃત સ્વજનોનાં અસ્થિ ગંગાજીમાં પધરાવવા માટે અહીં આવે છે અને અસ્થિવિસર્જન આ બ્રહ્મકુંડમાં થાય છે. ગંગાસ્નાન તો હરિદ્વારમાં અનેક સ્થળે થઈ શકે છે. તેમાં હર કી પૈડી પર ગંગાસ્નાનનું વિશેષ મૂલ્ય છે.

હર કી પૈડી પર પણ ગંગાસ્નાન અનેક સ્થળે થઈ શકે છે. તેમાં બ્રહ્મકુંડમાં સ્નાન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. બ્રહ્મકુંડની વચ્ચે ગંગામૈયાનું અષ્ટકોણ મંદિર છે. યાત્રીઓ સ્નાન કરી ગંગામૈયાના મંદિરમાં દર્શન માટે જાય છે. ગંગાનો પ્રવાહ એ ગંગામૈયાનું આધિભૌતિક સ્વરૂપ છે. મંદિરમાં ગંગામૈયાની મૂર્તિ છે તે ગંગામૈયાના આધિદૈવિક સ્વરૂપની પ્રતિમા છે અને માનવીના શરીરમાં રહેલી પિંગલા નાડીનો પ્રવાહ તે ગંગામૈયાનું આધ્યાત્મિક સ્વરૂપ છે. એક જ દૈવતનાં અનેક સ્વરૂપ હોઈ શકે. ગંગા એક નદી પણ છે, એક દેવી પણ છે અને એક શક્તિ પણ છે. ગંગાસ્નાનથી માનવીનું શરીર તો સ્વચ્છ થાય છે, પણ શું ચિત્ત પણ પાવન થઈ શકે? હા, જો પૂરી શ્રદ્ધાથી અને યોગ્ય વિધિથી ગંગાસ્નાન કરવામાં આવે તો ચિત્તશુદ્ધિ અને જીવનશુદ્ધિમાં પણ તેનાથી સહાયતા મળે છે. મૃતાત્માનાં અસ્થિનું ગંગામાં વિસર્જન કરવામાં આવે તો તેનાથી મૃતાત્માને મદદ મળે છે. પ્રયોગશાળામાં સાબિત થાય તેટલું જ સાચું અને બાકીનું બધું ખોટું એવું નથી. જીવન ઘણું ગહન છે. દશ્યમાન જગત સિવાય સૂક્ષ્મ જગત પણ છે અને સૂક્ષ્મ જગતને તેના નિયમો હોય છે. આ નિયમોને જાણીને આર્ષદ્રષ્ટા ઋષિઓએ જે વિધિવિધાનો આપ્યાં છે, તેમાં સત્ય છે અને તેને આંખો મીંચીને અવગણવાથી આપણે કેટલીક મૂલ્યવાન બાબતોથી વંચિત રહી જઈએ છીએ.

ગંગાજીના કિનારે, બ્રહ્મકુંડની આજુબાજુમાં ગંગાજીનાં એક કરતાં વધુ મંદિરો છે. સાંજે અહીં ગંગાજીની આરતી થાય છે. આ સાયં-આરતીનું વાતાવરણ ખૂબ સરસ હોય છે. સંધ્યાનો સમય, ભગવતી ગંગાનો વેગથી વહેતો પ્રવાહ, અનેક મંદિરોમાં એકસાથે થતો ઘંટરાવ, આરતીના પ્રકાશિત અનેક દીપકો, ગંગાના પ્રવાહમાં વહેતા અનેક દીવડાઓ, ભાવવિભોર અને શ્રદ્ધાનત ભક્તજનોનો વિશાળ સમૂહ, હરિદ્વાર જેવા પવિત્ર તીર્થનું વાતાવરણ, ચારે બાજુ શિવાલિકના પહાડો - આ બધાં પરિબળો એક અલૌકિક વાતાવરણ ઊભું કરે છે. ગંગાજીની આરતીમાં હાજર રહેવું તે હરિદ્વારયાત્રાનો સૌથી મહત્ત્વનો ભાગ છે.

આરતી પૂરી થઈ ગયા પછી ગિરદી ઓછી થવા માંડે છે. રાત્રિના સમયે અહીં શાંતિ હોય છે, એટલે રાત્રે નવ વાગ્યા પછી અહીં ગંગાકિનારે બેસવામાં એક અનેરો આનંદ આવે છે. આવાં સ્થાનોનું દૈવત રાત્રિના શાંત વાતાવરણમાં અનુભવવા મળે છે. આવી તક મળે તો મેળવવા જેવી ખરી!

સંધ્યાસમયે અહીં દીપદાનનો પણ રિવાજ છે. ફૂલ અને વાટવાળા દીવડાઓ અહીં તૈયાર મળે છે. સંધ્યાસમયે યાત્રીઓ આ દીવડાઓ પ્રગટાવીને ગંગાના પ્રવાહમાં વહેતા મૂકે છે. આ દશ્ય આહ્લાદક હોય છે.

હરિદ્વારની યાત્રાએ આવનાર યાત્રીઓ પોતાની સાથે ગંગાજળ લઈ જતા હોય છે. આ ગંગાજળ અહીં હર કી પૈડી પરથી જ ભરાય છે. આ માટેના લોટા, લોટીઓ અનેકવિધ નાનાં-મોટાં પાત્રો અહીંથી મળે છે. હર કી પૈડીની આજુબાજુ સુંદર બજાર છે. પૂજાને લગતી અનેકવિધ સામગ્રી અહીં મળે છે. શાલિગ્રામ, શિવલિંગ, રુદ્રાક્ષ, વિવિધ પ્રકારની માળાઓ, જુદા-જુદા પ્રકારનાં નંગો, મૂર્તિઓ, પૂજા માટેનાં સિંહાસન, મૂર્તિઓ માટેનાં વસ્ત્રો તથા અલંકારો, મૃગચર્મ, દર્ભાસન, મુગટા, ધાર્મિક પુસ્તકો વગેરે અનેકવિધ વસ્તુઓ અહીં મળે છે. અહીંનું ઊનનું બજાર પણ સારું છે. હિમાલયની યાત્રાને લગતી વસ્તુઓ પણ અહીં મળે છે. હર કી પૈડીને જ ગંગાદ્વાર પણ કહે છે.

**गङ्गाद्वारे कुशावर्ते, बिल्वके नापर्वते ।**
**स्नात्वा कनखल तीर्थे पुनर्जन्म न विद्यते ॥**

આ પાંચેય તીર્થો હરિદ્વારમાં છે અને તેમાં સ્નાન કરવાનું વિશેષ માહાત્મ્ય છે.

(ક્રમશઃ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# નવો ઈતિહાસ રચાયો મોરોક્કોની ટીમનો એકેય ખેલાડી મોરોક્કોમાં જન્મેલો નથી!



ન્યૂ જર્સી: ભારતીય સમય મુજબ રવિવારે વહેલી સવારે બ્રાઝિલના ખેલાડીઓએ અહીં મોરોક્કો સામેની મૅચને ડ્રૉમાં લઈ જઈને નિરાંતનો શ્વાસ લીધો હશે, કારણકે પોતાનાથી ઊતરતા ક્રમની મોરોક્કોની ટીમ સામે પરાજય ન જોવો મળ્યો એનો બ્રાઝિલિયનોને હાશકારો થયો હશે. જોકે આ મુકાબલો રમનાર ખુદ બ્રાઝિલના તમામ ખેલાડીઓને મોરોક્કોની લડાયક ટીમ વિશેની એક રસપ્રદ હકીકત જાણમાં નહીં હોય. મોરોક્કોની ટીમે આ વખતે એક અનોખો ઇતિહાસ રચ્યો છે. આ મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. ફિફા રૅન્કિંગમાં બ્રાઝિલ છઠ્ઠા અને મોરોક્કો સાતમા નંબરે છે.

ઉત્તર આફ્રિકામાં અલ્જિરિયા તેમ જ સ્પેનના તાબા હેઠળના કેટલાક ટાપુઓની પાડોશમાં આવેલા મોરોક્કો દેશના ગોલકીપર સહિતના જે ૧૧ ખેલાડી બ્રાઝિલ સામેની મૅચમાં રમ્યા એ ઇલેવનમાંથી એકેય ખેલાડી મોરોક્કોમાં જન્મેલો નહોતો. ખરેખર તો મોરોક્કોના આ ટૂર્નામેન્ટ માટેના કુલ ૨૬માંથી ૨૦ ખેલાડીમાં બીજા દેશમાં જન્મેલા છે. આમાંથી મોટા ભાગના પ્લેયર યુરોપના દેશોમાં અથવા કૅનેડામાં જન્મેલા છે.

મોરોક્કોમાં ૯૯ ટકા ઇસ્લામ લોકોની વસતી છે. આ દેશના ફૂટબૉલ ફેડરેશને આ મૅચમાં મોરોક્કોમાં ન જનમ્યા હોય એવા તમામ ૧૧ ખેલાડીઓને મેદાન પર ઊતારીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. મોરોક્કો એવો પ્રથમ દેશ બન્યો છે જેણે ફૂટબૉલ વર્લ્ડ કપમાં એવી સ્ટાર્ટિંગ ઇલેવનને રમવા ઊતારી જેના તમામ ખેલાડીઓ મોરોક્કો સિવાયના દેશમાં જન્મેલા છે. ખેલાડીઓની આ લાઇન-અપ બતાવે છે કે ફૂટબૉલની ટૅલન્ટ વિશ્વભરમાં ફેલાયેલી છે. ■

## મોરોક્કોની ફૂટબૉલ ટીમનો કયો ખેલાડી કયા દેશમાં જન્મ્યો?

(૧) ગોલકીપર બૉનો (કૅનેડા)
(૨) નૉસેઇર મૅઝરૌની (નેધરલૅન્ડ્સ)
(૩) ઇસ્સા ડિયૉપ (ફ્રાન્સ)
(૪) શૅડી રિઆદ (સ્પેન)
(૫) અશરફ હાકિમી (સ્પેન)
(૬) નિલ અયનૉઇ (ફ્રાન્સ)
(૭) અયુબ બૉઉડી (ફ્રાન્સ)
(૮) શેમ્સડાઇન તલ્બી(બેલ્જિયમ)
(૯) બિલાલ ખાનૌસ (બેલ્જિયમ)
(૧૦) સામિર મૉરાબેટ (ફ્રાન્સ)
(૧૧) ઇસ્માઇલ સૈબેરી (સ્પેન).

## આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ?

સ્વિડન-ટ્યુનિશિયા, સવારે ૭.૩૦
સ્પેન-કેપ વર્ડે, રાત્રે ૯.૩૦
બેલ્જિયમ-ઇજિપ્ત, મધરાત બાદ ૧૨.૩૦
સાઉદી-ઉરુગ્વે, મધરાત બાદ ૩.૩૦

## ૧૮ ફૂટ ઊંચી ટ્રોફી



કોલકાતામાં કસબીઓએ લાકડીઓ અને કાગળથી ફિફા વર્લ્ડ કપની ટ્રોફીની ૧૮ ફૂટ ઊંચી રેપ્લિકા બનાવી છે. (પીટીઆઇ)

# ક્રિકેટના મેદાન પરથી...

## ભારતે મહિલા વર્લ્ડ કપમાં પાકિસ્તાનને કચડી નાખ્યું

### બન્ને કૅપ્ટન વચ્ચે 'નો હૅન્ડશેક': દીપ્તિએ ઓવરમાં ત્રણ વિકેટ લઈને ખેલ ખતમ કર્યો

બર્મિંગમ: ભારતની મહિલા ટી-૨૦ ટીમે અહીં રવિવારે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૬૪ રનથી હરાવીને એને વર્લ્ડ કપના ઇતિહાસમાં વધુ એક નાલેશી તરફ મોકલી હતી. વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતની આ સૌથી મોટી જીત છે. ટી-૨૦ વિશ્વ કપમાં ભારત હવે પાકિસ્તાન કરતાં ૭-૨થી આગળ છે. બૅટિંગમાં સ્મૃતિ મંધાના (૬૮ રન, ૪૪ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને બોલિંગમાં દીપ્તિ શર્મા (૪-૦-૧૦-૫)નો દમદાર પર્ફોર્મન્સ હતો. દીપ્તિએ વિક્રમજનક બોલિંગમાં પહેલાં બે વિકેટ લીધી હતી અને મૅચની આખરી બનેલી ૧૭મી ઓવરમાં આખરી ત્રણ વિકેટ લઈ લીધી હતી.

બન્ને કૅપ્ટન વચ્ચે ધાર્યા મુજબ 'નો હૅન્ડશેક'ની નીતિ ચાલુ રહી હતી. જોકે હરમનપ્રીતે હરીફ સુકાની ફાતિમા સના સાથે ટૉસ વખતે હાથ મિલાવવાનું ટાળ્યું એમ કહીએ તો પણ ખોટું નથી.

પાકિસ્તાન ૧૭૧ રનના લક્ષ્યાંક સામે ૧૦૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. બીજી સ્પિનર શ્રી ચરનીએ ત્રણ અને શેફાલી વર્માએ એક વિકેટ મેળવી હતી. વિકેટકીપર ઓપનર મુનીબા અલીના ૪૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા. પાકિસ્તાન વર્લ્ડ કપમાં ૧૦ વર્ષથી ભારત સામે નથી જીત્યું એ જોતાં આ મૅચમાં પણ ભારત જીતવા ફેવરિટ હતું.

**સ્મૃતિનો ભારતીય વિક્રમ**

એ પહેલાં, ભારતે બૅટિંગ પસંદ કરીને છ વિકેટે ૧૭૦ રન કર્યા હતા. સ્મૃતિ મંધાના ભારત વતી ટી-૨૦માં સૌથી વધુ સિક્સર ફટકારવાનો હરમનપ્રીતનો રેકૉર્ડ તોડી નાખ્યો છે. હરમનની ૮૬ સામે હવે મંધાનાની ૮૭ સિક્સર છે. ભારતની ઇનિંગ્સમાં હરમનપ્રીત કૌર (૩૬ રન, ૩૫ બૉલ, ચાર ફોર) અને વિકેટકીપર રિચા ઘોષ (૩૪ રન, ૧૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર)ના પણ મહત્વના યોગદાન હતા. ■

# વર્લ્ડ કપના સ્ટેડિયમમાં જોવા મળ્યા આઘાતજનક અને સારાં દૃશ્યો



બે છોકરી વચ્ચે મારામારી



૧૯૯૦ના દાયકામાં (ડાબે) અને ગઈ કાલે રોનાલ્ડો અને રોનાલ્ડિન્યો

ન્યૂ યૉર્ક: વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટ હોય ત્યારે કંઈક અનોખી હકારાત્મક ઘટના બનતી હોય, દિગ્ગજ ખેલાડીઓનું મિલન થતું હોય અને કયારેક અઘટિત કે અણગમતી ઘટના પણ બનતી હોય છે. અમેરિકામાં ચાલી રહેલા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં આવી જ કેટલીક ઘટના બનતી જોવા મળી.

## મહિલા પ્રેક્ષકની ઝપાઝપી

ભારતીય સમય અનુસાર રવિવારે વહેલી સવારે ન્યૂ યૉર્કમાં બ્રાઝિલ અને મોરોક્કો વચ્ચે મૅચ રમાઈ હતી. ભારે રસાકસી વચ્ચે ટૉપ-૧૦ રૅન્કવાળી આ બે ટીમની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. જોકે સ્ટેડિયમમાં એક અનિચ્છનીય ઘટના બની ગઈ જેનો વીડિયો કે ફોટા જોવા કોઈને પણ ન ગમે. એક સ્ટૅન્ડમાં બ્રાઝિલ અને મોરોક્કો, બન્ને ટીમની મહિલા પ્રેક્ષક વચ્ચે મારામારી થઈ હતી. પહેલાં તો બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી અને પછી તેઓ મારપીટ પર ઊતરી આવી હતી. આસપાસ લોકો જોતા ઊભા રહ્યા હતા અને કેટલાકે તેમને છોડાવવાને બદલે વીડિયો ઉતારવાનું પસંદ કર્યું હતું.

## હરીફ ટીમના પ્રેક્ષકો ભેગા થઈને નાચ્યાં

અન્ય એક ઘટના ઘટના પૉઝિટિવ હતી જેમાં બ્રાઝિલ અને મોરોક્કો, બન્ને દેશ તરફી પ્રેક્ષકો સ્ટેડિયમમાં ભેગા મળીને નાચ્યા હતા અને ફિફા વર્લ્ડ કપનો રમતોત્સવ દિલથી માણ્યો હતો. એનો વીડિયો પણ ખૂબ વાઇરલ થયો હતો.

## દો સિતારોં કા મિલન

બ્રાઝિલનો મહાન ફૂટબોલર રોનાલ્ડો લુઇસ નૅઝારિયો અને તેના જ દેશનો બીજો ગ્રેટ ફૂટબોલર રોનાલ્ડિન્યો રવિવારે મોરોક્કો સામેની મૅચ વખતે એકમેકને મળ્યા હતા, ખૂબ ભેટ્યા હતા અને ભૂતકાળની તથા વર્તમાનની ઘણી વાતો કરી હતી. રોનાલ્ડો ૪૯ વર્ષનો અને રોનાલ્ડિન્યો ૪૬ વર્ષનો છે. ■

# બૅક ટુ બૅક મૅચ ડ્રૉ, પણ સ્કૉટલૅન્ડનો ૩૬ વર્ષે પ્રથમ વિજય



ઓસ્ટ્રેલિયાએ તુર્કીને ૨-૦થી હરાવ્યું. મેલબર્નમાં હજારો લોકોનું સેલિબ્રેશન. આવી ઉજવણી ક્રિકેટના વર્લ્ડ કપ વખતે પણ નથી જોવા મળી.

ન્યૂ યોર્ક: ૨૩મા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં (ભારતીય સમય અનુસાર) રવિવારે ત્રીજા દિવસે વધુ મૅચોના રોમાંચક તેમ જ અણધાર્યા પરિણામ જોવા મળ્યા. ખાસ કરીને બ્રાઝિલ જેવા સૌથી વધુ પાંચ વર્લ્ડ કપ ટ્રોફી જીતી ચૂકેલા દેશની ટીમે પહેલી જ મૅચમાં વિજયથી વંચિત રહેવું પડ્યું છે.

## કતારને બક્ષિસમાં પોઇન્ટ

સૅન ફ્રાન્સિસ્કોમાં શનિવારે મધરાત બાદ ૨૦૨૨ વર્લ્ડ કપના યજમાન કતાર અને સ્વિટ્ઝરલૅન્ડ વચ્ચેની રોચક મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. મૅચ ડ્રૉમાં જતાં કતારને પણ એક પોઈન્ટ મળ્યો હતો અને એના ફિફા ઇતિહાસમાં આ પહેલો જ પોઇન્ટ હતો, કારણ કે અગાઉના વર્લ્ડ કપમાં કતાર એની તમામ મૅચો હારી ગયું હતું. શનિવારે રાત્રે બ્રીલ એમ્બોલોએ મૅચની ૧૭મી મિનિટમાં પેનલ્ટી કિક દ્વારા સ્વિસ ટીમને ગોલ અપાવવાની સાથે ૧-૦થી સરસાઈ પણ અપાવી હતી. મૅચની મુખ્ય ૯૦ મિનિટ બાદ ચોથી મિનિટ (કુલ ૯૪મી મિનિટ) સુધી એવું લાગતું હતું કે સ્વિટ્ઝરલૅન્ડ આ મૅચ ૧-૦થી જીતી જ લેશે. જોકે ૯૪ મિનિટમાં (સ્ટોપેજ ટાઈમમાં) એશિયન ચેમ્પિયન કતારના ખેલાડી બૌલેમ ખોઉકીના હેડરે બાજી પલટી નાખી હતી.

## હારેલી મૅચ ડ્રૉમાં ફેરવી

ખોઉકીના હેડરથી બૉલ ગોલ પોસ્ટ તરફ જઈ રહ્યો હતો એવામાં જ ખોઉકીના દબાણમાં સ્વિસ ખેલાડી મિરો મુહિમથી જ બૉલ નેટમાં જતો રહ્યો હતો. એ રીતે કતારને ઑન ગોલનો લાભ મળ્યો અને એ ગોલ થકી કતારે સ્વિટ્ઝરલૅન્ડ સાથેની મૅચ ૧-૧થી ડ્રૉ કરાવી હતી.

## મોરોક્કોએ બ્રાઝિલને ન જીતવા દીધું

ન્યૂ જર્સીમાં બ્રાઝિલ અને મોરોક્કો વચ્ચેની મૅચ પણ વધુ એક રોમાંચ અપાવનારી બની ગઈ હતી. ઈજાગ્રસ્ત નેમાર વિનાની બ્રાઝિલની ટીમ નબળી જરૂર પડી ગઈ હતી, પરંતુ વિનિસિયસ જુનિયરે બ્રાઝિલને મોટી નામોશીથી બચાવી લીધું હતું. ઈસ્માઈલ સૈબારીએ ૨૧ મિનિટમાં મોરોક્કોને મૅચનો પ્રથમ ગોલ અપાવ્યો હતો. બ્રાઝિલ ત્યારે ૦-૧થી પાછળ હતું. જોકે થોડી જ વારમાં (૩૨ મિનિટમાં) વિનિસિયસે ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. મૅચમાં છેક સુધી બંનેમાંથી એક પણ ટીમનો વધુ ગોલ નહોતો થયો. મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. વિનિસિયસે ગોલ ન કર્યો હોત અને બ્રાઝિલ હારી ગયું હોત તો બ્રાઝિલ ૧૯૩૪ બાદ પહેલી વાર વર્લ્ડ કપની પહેલી મૅચમાં પરાજિત થયું હોત. મોરોક્કો આફ્રિકન ચેમ્પિયન છેઅને એણે દક્ષિણ અમેરિકાની કોઈ ટીમ સામે વર્લ્ડ કપમાં ગોલ કર્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે. બ્રાઝિલ અને મોરોકકો બંને ટીમને એક-એક પોઇન્ટ મળ્યા હતા.

## હૈતી હતાશ, સ્કૉટલૅન્ડને મળ્યા ત્રણ પોઈન્ટ

બૉસ્ટનમાં સ્કૉટલૅન્ડે હૈતી સામેની મૅચ ૧-૦થી જીતી લીધી હતી. મૅચનો આ ગોલ્ડન ગોલ સ્કૉટલૅન્ડના કેપ્ટન જોન મેકગિને કર્યો હતો. હૈતીના ખેલાડીઓએ સ્કૉટિશ ટીમને જોરદાર લડત આપી હતી. જોકે સ્કૉટલૅન્ડે જીતીને ૩૬ વર્ષમાં પહેલી વખત વર્લ્ડ કપમાં વિજય માણ્યો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તબીબ | થોડું |
| તમસ | બેપરવાઈ |
| તમા | નિઃસ્પૃહતા |
| તમામ | પ્રકાશ |
| તમન્ના | દરદી |

## માતૃભાષાની મહેક

કાઠી ખમીરવંતી જાતિ. કોઈની સત્તા તેમને સ્વીકાર્ય નહીં. સમર્થ સામે પણ શીશ ઝુકાવે નહીં. આ ખુમારીનું વર્ણન કરતો દુહો છે: ભલે ઉગ્યા ભાણ, ભાણ તુમ્હારા ભાવણાં, જનમ મરણ લગ માણ, રાખો કશ્યપરાઉત. ભાણ એટલે સૂર્ય. માણ એટલે સ્વમાન, ગર્વ. કશ્યપરાઉત એટલે સૂરજ જે શક્તિનું પ્રતીક છે.

## ગુજરાત મોરી મોરી રે

અકબરના દરબારમાં મલ્હાર રાગ ગાઈ તાનસેનને દીપક રાગની પીડાથી મુક્તિ આપનારી તાના રીરી બહેનો કયા શહેરની હતી?

અ) સુરત
બ) વડનગર
ક) મહેસાણા
ડ) પાલનપુર

## ઈર્શાદ

દીનતા વિન પ્રવીણતા, લૂણ વિનાનું ભોજ,
સ્વપ્નવિહોણી જિંદગી, એ ત્રણ નિષ્ફળ બોજ.

---- લોકરચના

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. સંતાકૂકડીની રમત (૫) (હિ)
૪. પડતી, દુર્દશા (૪)
૬. - - - કરવું=વધારે પડતું બોલવું (૪)
૮. લગની, તાન (૨)
૧૦. શિષ્ટતા, વિવેક (૩)
૧૨. નિરોગી, નર્યું (૩)
૧૩. કીર્તિ (૨)
૧૪. પતિ (૩)
૧૫. વિસાત, પૂંજી (૨)
૧૬. દર (૨)
૧૭. પત્નીની બહેન (૨)
૧૮. શરીરનો બાંધો (૨)
૨૦. જેનું કોઈ ઓસડ નથી તે (૩)
૨૧. ભૂતપૂર્વ, અગાઉ થઈ ગયેલું (૨)
૨૨. સત્ત્વ, સાર (૩)
૨૪. ચાકર (૩)
૨૭. સ્ત્રી (૨)
૨૮. ચાલવાનો અવાજ (૪)
૩૦. તાલાવેલી, અતિ ઉત્સુકતા (૪)
૩૧. જૂનું, ફાટી તૂટી ગયેલું (૫)

### ઊભી ચાવી

૧. હિલચાલ, ચળવળ (૪)
૨. પંચાત (૩)
૩. શેવાળ (૨)
૪. અપ્રાપ્ય (૩)
૫. સત્તા આગળ જે નકામું છે (૪)
૭. લોકસંખ્યા (૩)
૯. આશ્ચર્ય, નવાઈ (૩)
૧૧. સાર, તાત્પર્ય (૩)
૧૩. તર્ક, વિચાર (૨)
૧૫. ફૂલ ઝાડ ઉછેરનાર (૨)
૧૬. શરમિંદું (૨)
૧૭. --- કરવો=વિરોધ કરવો, સામે થવું (૩)
૧૮. મુસલમાન ન્યાયાધીશ (૨)
૧૯. કાળજી, સંભાળ (૩)
૨૦. બરાબર મધ્યમાં (૪)
૨૧. રસ્તો (૩)
૨૩. ધાર્મિક વિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)
૨૫. છળ પ્રપંચ કરનારું (૩)
૨૬. નકામો બબડાટ (૩)
૨૯. ઝીણી ધૂળ (૨)

## ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?



યુએસમાં ઘણાં હિન્દુ મંદિરો છે. સેન ફ્રાન્સિસ્કો શહેરમાં સ્થિત 'ઓલ્ડ ટેમ્પલ ઓફ ધ વેદાંત સોસાયટી' સાથે કોનું નામ સંકળાયું છે?

અ) રામકૃષ્ણ પરમહંસ બ) અરવિંદ ઘોષ
ક) સ્વામી વિવેકાનંદ ડ) જિદ્દુ કૃષ્ણમૂર્તિ

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'માહ મહિનાનું માવઠું' પંક્તિમાં માવઠુંનો અર્થ શું થાય એ જણાવો.

અ) મોજીલો સ્વભાવ બ) અચાનક આક્રમણ
ક) માથે મુસીબત ડ) કમોસમી વરસાદ

## માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. 'ક્વોન્ટસ એરલાઈન્સ' તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે?

અ) જર્મની બ) ઓસ્ટ્રેલિયા ક) જમૈકા ડ) બ્રાઝિલ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૬ | ૮ | | | | |
| ૧ | | ૮ | | | ૭ | | | |
| | ૯ | | | | | | | ૮ |
| ૯ | ૪ | | | | ૫ | | | ૩ |
| | ૨ | | | | | | ૪ | |
| ૮ | | | ૧ | | | | ૯ | ૭ |
| ૨ | | | | | | | ૩ | |
| | | | ૮ | | | ૨ | | ૪ |
| | | | | ૨ | ૯ | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૧ | ૮ | ૯ | ૫ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૨ | ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૯ | ૪ | ૬ | ૧ | ૮ | ૭ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૫ | ૭ | ૨ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૬ | ૧ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ |
| ૬ | ૧ | ૮ | ૨ | ૯ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૫ | ૧ |
| ૯ | ૩ | ૫ | ૪ | ૭ | ૧ | ૮ | ૨ | ૬ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તડકો | છાંયડો |
| તડજોડ | અસમાધાન |
| તડામાર | મંદ |
| તથ્ય | ખોટું |
| તદ્દન | સહેજ |

**ગુજરાત મોરી મોરી રે:** કચ્છ

**ઓળખાણ પડી?** ઉજ્જૈન

**માઈન્ડ ગેમ :** નેધરલેન્ડ્સ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** ચડતી પડતી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪) ભામીની સંપટ (૫) પ્રતિમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) નિખીલ બંગાળી (૧૮) અમીષી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલીયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજીતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેન્દ્ર લોઢાવિયા (૪૪) પ્રવીણ વોરા (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) ઈનાક્ષીબેન દલાલ (૪૭) હીનાબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી

### ‘ઓપરેશન ટાઈગર’નો ખોફ

# ઉદ્ધવ જૂથની તાકીદની બેઠક યોજાઈઃ નવે નવ સાંસદોએ હાજરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના કેટલાક સાંસદો પક્ષ બદલી શકે છે તેવી તીવ્ર અટકળો વચ્ચે પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે તેમના જૂથના લોકસભા સાંસદોની બેઠક યોજી હતી, જેમાં બધા નવ સાંસદો વર્ચ્યુઅલી અથવા રૂબરૂ હાજર રહ્યા હતા.

બેઠક પછી, પાર્ટીના એકમાત્ર રાજ્યસભા સભ્ય સંજય રાઉતે જણાવ્યું હતું કે બધા સાંસદો પાર્ટી સાથે મજબૂત રીતે જોડાયેલા છે. ચાર સાંસદોએ રૂબરૂ બેઠકમાં હાજરી આપી હતી, જ્યારે ચાર અન્ય લોકોએ વર્ચ્યુઅલી હાજરી આપી હતી અને એક સાંસદે ફોન પર ઠાકરે સાથે વાત કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

બપોરે બાંદ્રા પૂર્વ વિસ્તારમાં આવેલા ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન ‘માતોશ્રી’ ખાતે (જુઓ પાનું ૪) ▶▶

### મીટિંગમાં ઉદ્ધવ ઠાકરેએ ઉઠાવેલા મુદ્દા

૧. લોન માફી સામે તમારો અવાજ ઉઠાવો... લોન માફી અંગે સરકારને પ્રશ્નો પૂછો..
૨. બધા સાંસદો તમારી સાથે છે, તમે કોઈના સંપર્કમાં નથી... કેટલીક જગ્યાએ કાર્યકરોમાં ઉભી થયેલી મૂંઝવણ દૂર કરો
૩. મોંઘવારી, લોન માફી, ખેડૂતોના પ્રશ્નો પર તમારો અવાજ ઉઠાવો...
૪. જેમ સાંસદોની મીટિંગ યોજી હતી, તેમ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે જિલ્લા પ્રમુખોની ઝૂમ મીટિંગ પણ યોજશે
૫. ઉદ્ધવ ઠાકરે જિલ્લાના વડાઓ પાસેથી જિલ્લાની સમસ્યાઓ વિશે જાણકારી મેળવશે
૬. ઉદ્ધવ ઠાકરેએ સાંસદોની મીટિંગને સંગઠનાત્મક દૃષ્ટિકોણથી પણ માર્ગદર્શન આપ્યું હતું. ■

### વ્યક્તિગત રીતે હાજર સાંસદો

૧) સંજય દિના પાટિલ
૨) અરવિંદ સાવંત
૩) રાજાભાઉ વાજે
૪) અનિલ દેસાઈ

### ઓનલાઈન હાજર સાંસદો

૧) ઓમરાજે નિંબાળકર
૨) ભાઈસાહેબ વાઘચૌરે
૩) સંજય દેશમુખ
૪) સંજય જાધવ
૫) નાગેશ પાટીલ આષ્ટિકર



**શ્રદ્ધાના શિખરેથીઃ** મંદિરના શિખર પરથી ઊડતું આ વિમાન શ્રદ્ધા, સંસ્કૃતિ અને આધુનિકતાનો સુંદર મિલાપ દર્શાવે છે. ઊંચી ઉડાણ ભરતી વખતે પોતાની પરંપરા જાળવી રાખવાનો સંદેશ આ તસવીર આપે છે. (અમય ખરાડે)

# ‘સફેદ પટ્ટા’નો વિવાદ વકર્યો

### દાદર બાદ હવે ચર્ની રોડ વિસ્તારમાં સફેદ પટ્ટા જોવા મળ્યા મનસેએ વિરોધ નોંધાવી કાળો રંગ લગાવ્યો

મુંબઈ : છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈમાં ચાલી રહેલો ‘સફેદ પટ્ટી’ વિવાદ હવે વધુ વકરે તેવી શક્યતા છે. દાદરમાં થયેલા વિવાદ બાદ, આ મુદ્દો હવે ઠેઠ દક્ષિણ મુંબઈ સુધી ફેલાઈ ગયો છે. દક્ષિણ મુંબઈના ચર્ની રોડ વિસ્તારમાં રાત્રિના અંધારામાં ફૂટપાથ અને રસ્તાઓ પર સફેદ પટ્ટાઓ પર કાળો રંગ લગાવવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાક્રમથી ગિરગાંવ અને ચર્ની રોડ વિસ્તારોમાં તણાવ વધવાની શક્યતા છે. છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈના (જુઓ પાનું ૪) ▶▶

### પાલિકાએ પોલીસ વિભાગને પત્ર લખ્યો

મુંબઈ મહાનગર પાલિકાએ પોલીસને પત્ર લખીને રસ્તાઓ પર અનધિકૃત સફેદ પટ્ટાઓ બનાવનારાઓ સામે કાર્યવાહી કરવા અને આવી ઘટનાઓ અટકાવવા પગલાં લેવાની માગ કરી છે. વિવિધ રસ્તાઓ પર અનધિકૃત સફેદ પટ્ટાઓ દોરવામાં આવ્યા હોવાના કિસ્સાઓની ગંભીર નોંધ પાલિકાએ (જુઓ પાનું ૪) ▶▶

### ‘આમ કરવાથી મત મળતા નથી’ ફડણવીસનો મનસેને ઠપકો

સફેદ પટ્ટાઓનો મુદ્દો હાલમાં મુંબઈમાં ચર્ચામાં છે. આ બાબતે મનસે અને જૈન સમુદાય વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. મનસેએ સફેદ પટ્ટાઓનો સખત વિરોધ કર્યો છે, જ્યારે જૈન સમુદાયે આ મુદ્દાને ધાર્મિક પરિમાણ આપવાનો પ્રયાસ કર્યો છે. પરિણામે, મુંબઈના કેટલાક ભાગોમાં તણાવ વધ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▶▶



### ૩૧ ઑગસ્ટ સુધી ખેતી માટે પાણી નહીં

# ઘટતા જળસંગ્રહને ધ્યાનમાં રાખીને પ્રધાનનો પીવા માટે પાણી અનામત રાખવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં અપૂરતા વરસાદની પૃષ્ઠભૂમિમાં અને ડેમોમાં ઉપલબ્ધ પાણીના સંગ્રહને ધ્યાનમાં લેતા રાજ્યના જળ સંસાધન ખાતાના પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી નાગરિકોને પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની સૂચનાઓ આપી છે. તેમણે વિભાગના અધિકારીઓને ગેરકાયદે પાણી ઉલેચનારાઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા પણ સૂચના આપી હતી.

કૃષ્ણા અને ગોદાવરી ખોરે વિસ્તારો હેઠળના ડેમોમાં પાણીનો સંગ્રહ અને આગામી ચોમાસાની પરિસ્થિતિ અંગે સિંચાઈ ભવનમાં જળ સંસાધન પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલની હાજરીમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હાલની પરિસ્થિતિમાં રાજ્યના બંધોમાં કુલ ઉપયોગી પાણીનો જથ્થો ૩૫૭.૫ ટીએમસી (૨૫ ટકા) છે, જે ગયા વર્ષ કરતાં ઓછો છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે આ વર્ષે ખૂબ જ ઓછા વરસાદને કારણે નવું પાણી ડેમમાં આવ્યું નથી. ખાસ કરીને પુણે ક્ષેત્રમાં ઉપયોગી પાણીનો જથ્થો ગયા વર્ષ કરતા ઓછો હોવાથી, વિખે- (જુઓ પાનું ૪) ▶▶

### ભેળસેળિયાઓ સામેની કડક કાર્યવાહી

# એફડીએના કમિશનરની ફરી બદલીની અટકળો વહેતી

ધારાશિવ : ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન કમિશનર તુકારામ મુંઢે દ્વારા ભેળસેળ કરનારાઓ સામે શરૂ કરાયેલ આક્રમક કાર્યવાહી રાજ્યભરમાં ચર્ચાનો વિષય બની રહી છે. રાજ્યમાં પાનના સ્ટોલ પણ તેમના ડરથી ખુલતા નથી. તુકારામ મુંઢેએ આદેશ આપ્યો હતો કે જો ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ જોવા મળે તો કડક મકોકા કાયદો લાગુ કરવામાં આવે, ત્યારબાદ ભેળસેળ કરનારાઓ ભયથી ધ્રૂજી રહ્યા છે. તેમના દ્વારા શરૂ કરાયેલા સાહસિક અભિયાનની રાજ્યભરમાં પ્રશંસા થઈ રહી છે. જોકે, ભૂતકાળના અનુભવોને જોતાં, તુકારામ મુંઢેની ટ્રાન્સફર અંગે અટકળો શરૂ થઈ ગઈ છે.

હિંમતવાન, નીડર કાર્યશૈલી અને કડક અમલીકરણ માટે પ્રખ્યાત વરિષ્ઠ સનદી કર્મચારી તુકારામ મુંઢેની સેવા (જુઓ પાનું ૪) ▶▶

# શાહિદ કપૂર, રશ્મિકા અને કૃતિ સેનનને ધક્કે ચઢાવતા ફેન્સ



પુણે : પુણેમાં બોલિવૂડના જાણીતા સ્ટાર્સ સાથે ધક્કમુક્કીની એક ચોંકાવનારી ઘટના બનતા, ભારે હોબાળો મચી ગયો હતો. આ ઘટના શાહિદ કપૂર, રશ્મિકા મંદાના અને કૃતિ સેનનની હાજરી વાળા એક કાર્યક્રમ દરમિયાન બની હતી.

બોલિવૂડ અભિનેતા શાહિદ કપૂર, રશ્મિકા મંદાના અને કૃતિ સેનન આ ત્રણેય કલાકારો પુણેના વિમાન નગર વિસ્તારમાં આવેલા ફિનિક્સ મોલમાં એક કાર્યક્રમ માટે પહોંચ્યા હતા. આ કાર્યક્રમ માટે કોઈ પાસ કે ટિકિટની રાખવામાં આવ્યા નહોતા અને તે બધા માટે ખુલ્લો હતો. જોકે, પાસ સિસ્ટમના અભાવે તેમના મનપસંદ સ્ટારની એક ઝલક જોવા માટે મોટી ભીડ (જુઓ પાનું ૪) ▶▶

### આપત્તિ સમયે બચાવકાર્ય માટે

# ૨૮ કરોડ રૂપિયામાં રિમોટ કંટ્રોલ રોબોટિક ક્રાફ્ટ બોટ ખરીદી કરાશે

મુંબઈઃ રાજ્ય સરકારે શોધ અને બચાવ કામગીરી માટે આપત્તિ સમયે કામ કરતા દળો માટે ૧૨૫ રિમોટ કંટ્રોલ રોબોટિક ક્રાફ્ટ બોટ ખરીદવાનો નિર્ણય લીધો છે. પ્રત્યેક બોટનો ખર્ચ આશરે બાવીસ લાખ રૂપિયા અને કુલ બજેટ આશરે ૨૮ કરોડ રૂપિયા હશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બોટ માનવરહિત, નાના કદના વોટરક્રાફ્ટ છે જે રિમોટ કંટ્રોલ અને ઓટોમેટેડ સિસ્ટમથી સજ્જ છે. આ બોટ ઘણીવાર માનવ જીવનને જોખમમાં મૂક્યા વિના ડૂબી રહેલા લોકો સુધી ઝડપથી પહોંચવા માટે તહેનાત કરવામાં આવે છે. આ વ્યવસ્થા પાણીની ઊંડાઈનો નકશો બનાવવા, પાણીની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા અથવા તળાવો અને તળાવોમાં કાદવના જથ્થાનું મૂલ્યાંકન કરવા માટે જીપીએસ સજ્જ સોનારથી સજ્જ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ એ કુલ ૨૩૩ બોટની માગણી કરી હતી. જોકે, રેફરન્સ કમિટીની સંમતિથી આપત્તિગ્રસ્ત/દરિયાકાંઠાના જિલ્લાઓને પાયલોટ ધોરણે સાધનો પૂરા પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને પછી ઉપયોગિતા અને જરૂરિયાતની સમીક્ષા કર્યા પછી બાકીના જિલ્લાઓ અને પ્રતિભાવ તંત્રને સાધનો પૂરા પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.’

વધુ માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર એક બહુવિધ આપત્તિગ્રસ્ત રાજ્ય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપત્તિ જોખમ ઘટાડવા માટે ૧૦ મુદ્દાનો એજન્ડા જાહેર કર્યો છે. આ કાર્યક્રમ ટકાઉ સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન પ્રણાલીઓને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આપત્તિઓનો ઝડપથી જવાબ આપવા માટે સ્થાનિક એજન્સીઓને આપત્તિ વ્યવસ્થાપન સામગ્રી/તાલીમ સાથે સશક્ત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ૧૫મા નાણા પંચના ધોરણો મુજબ, પ્રતિભાવ એજન્સીઓને તૈયારી અને ક્ષમતા નિર્માણ ઘટક હેઠળ જોગવાઈઓ દ્વારા શોધ અને બચાવ કામગીરી માટે જરૂરી સાધનો અને મશીનરી પૂરી પાડવામાં આવશે.’ ■

# મુંબઈ એરપોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈઃ મુંબઈમાં મુખ્ય પ્રધાન કાર્યાલય, મુંબઈ તથા પુણેમાં મેયરની ઓફિસ, બીએસઇ બિલ્ડિંગ સહિત અન્ય સ્થળોએ બોમ્બધડાકાની ધમકી આપતા ઇમેઇલ મળ્યાને હજી અઠવાડિયું વીત્યું નથી ત્યારે મુંબઈ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઇમેઇલ મળતાં સુરક્ષા વધારવામાં આવી હતી. એરપોર્ટ તથા આસપાસના વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરાઇ હતી, પણ કોઇ વાંધાજનક વસ્તુ મળી ન આવતાં બોમ્બની વાત અફવા સાબિત થઇ હતી.

મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી આપતો ઇમેઇલ શનિવારે પ્રાપ્ત થયો હતો. અજાણી વ્યક્તિએ મોકલેલા ઇમેઇલમાં જણાવવામાં આવ્યું હતું (જુઓ પાનું ૪) ▶▶

# માર્ગ અકસ્માત-મૃત્યુનો આંકડો ચિંતાજનક પણ મહારાષ્ટ્ર સલામતી પરિષદને મીટિંગ લેવાનો પણ સમય નથી

મુંબઈઃ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન એક લાખથી વધુ અકસ્માતો અને ૫૦ હજારથી વધુ મૃત્યુ માર્ગ અકસ્માતમાં થયા હોવા છતાં મહારાષ્ટ્રે ત્રણ વર્ષથી વધુ સમયથી રાજ્ય માર્ગ સલામતી પરિષદની બેઠક બોલાવી નથી એવી જાણકારી અધિકારીઓએ આપી હતી. પરિવહન ખાતાના પ્રધાનની અધ્યક્ષતામાં રાજ્ય માર્ગ સલામતી પરિષદની છેલ્લી બેઠક ચોથી એપ્રિલ, ૨૦૨૩ના દિવસે થઈ હતી. એ દિવસ પછી ૩૮ મહિના પસાર થઈ (જુઓ પાનું ૪) ▶▶

# તારીખ પે તારીખ! ભાયંદરનો ત્રીજો પુલ ક્યારે શરૂ થશે?

મુંબઈઃ દૈનિક પ્રવાસમાં મુશ્કેલી ઊભી કરતી પરિસ્થતિઓનો ઉકેલ નથી આવી રહ્યો ત્યારે એક મહત્વનો પ્રોજેક્ટ પૂરો થયો હોવા છતાં જનતાના ઉપયોગમાં એ નથી આવી રહ્યો. પરિણામે ટ્રાફિક જામની સમસ્યાથી પરેશાન નાગરિકોનો સંતાપ વધી ગયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મુંબઈમાં ટ્રાફિક જામની સમસ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સાંકડા રસ્તાઓ જેવી ઘણી બાબતોને કારણે આ સમસ્યા સર્જાય છે. આ સમસ્યામાંથી છૂટકારો મેળવવા ભાયંદર ખાતે ફ્લાયઓવર બનાવવામાં આવ્યો હતો. આ પુલ અંગે મહત્ત્વના સમાચાર જાણવા મળ્યા છે.

ભાયંદરના ગોલ્ડન ચોક ખાતે ટ્રાફિક જામના ઉકેલ માટે બોટલ નેક બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે અને તે વાહનવ્યવહાર માટે ખુલ્લો છે. જોકે, આ માર્ગ પર નાગરિકોને દરરોજ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. છત્રપતિ શિવાજી મહારાજ ચોકથી ગોલ્ડન નેસ્ટ સુધીનો માર્ગ મીરા-ભાયંદર શહેરમાં પ્રવેશવા માટે એક મહત્વપૂર્ણ માર્ગ માનવામાં આવે છે. આ મુખ્ય માર્ગને ઘણા રસ્તાઓ જોડતા હોવાથી, આ ચોક પર ટ્રાફિક જામ રહે છે. મેટ્રો લાઇનની સમાંતર તેના પર ત્રણ ફ્લાયઓવર બનાવવાનું નક્કી થયું હતું.

આ યોજના હેઠળના ત્રણ પુલમાંથી બે પુલ પહેલાથી જ ટ્રાફિક માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. જોકે, શરૂઆતથી જ ગોલ્ડન ચોક ખાતે ત્રીજા પુલ પર વિવાદ હતો. ■

# કોંગ્રેસમાં ભળવાની જગ્યાએ એનડીએમાં સામેલ થઇ જાઓ

### આઠવલેની શરદ પવારને સલાહ

મહારાષ્ટ્રઃ મહારાષ્ટ્રના રાજકારણમાં આજકાલ પક્ષપલ્ટાની ખબરો સામે આવી રહી છે. કોંગ્રેસ અને શરદ પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ વચ્ચે ગઠબંધનની અટકળો લગાવવામાં આવી રહી છે. એવા સમયે કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેનું નિવેદન સામે આવ્યું છે. આઠવલેએ શરદ પવારને સલાહ આપી હતી. તેમણે કહ્યું કે એનસીપી-એસપીએ કોંગ્રેસમાં જવાના બદલે (જુઓ પાનું ૪) ▶▶



# વિદેશી રોકાણકાર સંસ્થાઓની ₹ ૨૪,૦૯૨.૨૦ કરોડનું નેટ સેલિંગ

મુંબઇઃ શેરબજારને ઘણા લાંબા સમય બાદ રાહત આપનારા સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં ખાસ કરીને બેન્કસ અને એફએમસીજી શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે આઈટી શેર્સ સર્વાધિક ધોવાણ જોવા મળ્યું હતું. વિદેશી રોકાણકાર સંસ્થાઓની રૂ.૨૪,૦૯૨.૨૦ કરોડની નેટ વેચવાલી નોંધાવી હતી. શુક્રવાર તા.૧૨ જૂન, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના ૭૪,૭૭૫.૭૪ના બંધ સામે ૧,૨૮૪.૬૧ પોઈન્ટ્સ (૧.૭૩ ટકા) વધ્યો હતો. એકંદરે સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ ૧.૭ ટકા વધ્યો અને નિફ્ટી એક ટકા વધ્યો હતો. સોમવાર, આઠમી જૂનના રોજ સેન્સેક્સ ૭૩,૪૨૧.૬૧ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૩,૩૧૮.૯૪ સુધી, જ્યારે શુક્રવાર, ૧૨ જૂન, ૨૦૨૬ના રોજ ઊંચામાં ૭૫,૬૦૮.૦૨ સુધી જઈ ૭૫,૫૨૭.૯૫ બંધ રહ્યો હતો. એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૬૨.૦૦ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૬૧.૬૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૦.૪૦ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. અમેરિકા દ્વારા ઇરાન યુદ્ધની સમાપ્તીની ઘોષણા અને તેને પરિણામે ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા મોટા ઘટાડા સાથે રૂપિયાના મૂલ્યમાં ડોલર સામેના સુધારા અને ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં તેજીના પ્રવાહ વચ્ચે સ્થાનિક બજારમાં સેન્સેક્સે શુક્રવારે જોરદાર ઉછાળા સાથે ૧૬૫૦ પોઇન્ટની છલાંગ લગાવી હતી અને નિફ્ટી ૨૩,૬૦૦ની ઉપર પહોંચ્યો હતો. શુક્રવારે ભારતીય રૂપિયો ૯૫.૭૫ના પાછલા બંધ દરની સરખામણીમાં ડોલર સામે ૬૪ પૈસા વધીને ૯૫.૧૧ પર બંધ થયો હતો. બીએસઇ-લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂડીકરણ લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા વધીને ૧૬૨.૦૨ લાખ કરોડ રૂપિયા થયું હતું. એકંદરે શેરબજારના તીવ્ર ઉછાળાના કારણોમાં, આ સપ્તાહના અંતે યુએસ-ઈરાન શાંતિ કરાર પર હસ્તાક્ષર થવાની યુએસ પ્રમુખ ટ્રમ્પની જાહેરાત, ક્રૂડ ઓઇલના ભાવનો ઘટાડો, ગ્લોબલ ઇક્વિટી માર્કેટનો સુધારો અને રૂપિયાના મૂલ્યમાં મજબૂતીનો સમાવેશ થાય છે. ભારતીય શેરબજારોમાં શુક્રવારે જોવા મળેલી મજબૂત તેજીનું પ્રથમ કારણ અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોમાં પ્રગતિ સૂચવતા અહેવાલો હતા. ટ્રમ્પના ઇરાન સાથેનું યુદ્ધ સમાપ્ત થયું હોવાના કથન સાથે ભૂ-રાજકીય જોખમો અંગે ચિંતા ઓછી થવા સાથે ખાસ કરીને ક્રૂડના ભાવ ઘટાડા અને રૂપિયાની મજબૂતીને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં જબ્બર સુધારો જોવા મળ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં આ સપ્તાહે લિયોટેક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ક્લે ક્રાફ્ટ ઇન્ડિયા, દીક્ષા પોલિમર્સ, લીપફ્રોગ એન્જિનિયર્સ સર્વિસિસ અને એવએિન્સ બાયોમેડિકલ્સનો સમાવેશ છે. આ તમામ એસએમઇ કંપની છે. ટીસીએસએ કોલકાતા ખાતે દેશની પ્રથમ ઓરેકલ એઆઇ પ્લેટફોર્મ લેબ અને સેન્ટર ઓફ એક્સલન્સ લોન્ચ કર્યું છે. અમેરિકાની ટ્રાઇફેક્ટાએ ગિફ્ટ સિટીના એક્સચેન્જમાં લિસ્ટિંગ મેળવવા ઇન્ટરનેશનલ ફાઇનાન્શિઅલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી પાસે આઇપીઓના પેપર્સ ફાઇલ કરાવ્યા છે.

વેદાંત રિસોર્સિસે તેની રૂ. ૪૬,૪૦૦ કરોડની વ્યાપક રિફાઇનાન્સિંગ યોજનાના ભાગ રૂપે રૂ. ૩૦,૯૬૦ કરોડનો બોન્ડ બાયબેક પ્રોગ્રામ શરૂ કર્યો છે. અગ્રણી પશુચિકિત્સા નિદાન કેન્દ્ર ફ્રેડના વેટ ડાયગ્નોસ્ટિક્સે ઘાયલ ઇન્ડિયન સ્પેક્ટેકલ્ડ કોબ્રા પર સફળતાપૂર્વક એડવાન્સ્ડ કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (સીટી) સ્કેન કર્યું છે, જે એક્ઝોસ્ટિક વાઇલ્ડલાઇફ વેટરનરી કેર સેક્ટરમાં અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક ઇમેજિંગના ઉપયોગમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું છે. કંપની રેડિયોલોજી, સીટી ઇમેજિંગ, પેથોલોજી અને પશુ નિદાનમાં નિષ્ણાત છે. સેન્સેક્સમાં સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં કોટક ૬.૪૧ ટકા, એક્સિસ બેન્ક ૬.૦૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૫.૮૩ ટકા, ઈન્ડિગો ૪.૮૯ ટકા અને સ્ટેટ બેન્ક ૩.૮૫ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી વધુ ઘટેલા શેરમાં ઈન્ફોસિસ ૭.૨૧ ટકા, ઈટર્નલ ૫.૩૯ ટકા, ટાટા સ્ટીલ ૪.૫૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૪.૦૮ ટકા અને ટેક મહિન્દ્ર ૩.૭૩ ટકા ગબડ્યો હતો. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૯૭ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૬૭ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૫૭ ટકા વધ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૦.૮૫ ટકા ઘટ્યો અને બીએસઈ આઈપીઓ ૦.૮૭ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન બીએસઈ બેન્કેક્સ ૪.૦૮ ટકા, પીએસયુ બેન્ક ૩.૧૬ ટકા, એફએમસીજી ૧.૧૯ ટકા, હેલ્થકેર ૧.૦૨ ટકા, ઓટો ૦.૪૯ ટકા અને રિયલ્ટી ૦.૨૪ ટકા વધ્યા હતા, જ્યારે આઈટી ૩.૭૩ ટકા, મેટલ ૨.૮ ટકા, પાવર ૨.૬૪ ટકા, ટેક ૨.૨૮, ઓઈલ એન્ડ ગેસ ૧.૫૨ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૪ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૧.૦૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૯ ટકા અને પીએસયુ ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૫૨ કંપનીઓ વધી અને ૪૭ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી. બીએસઈ ૨૦૦માં ૯૬ કંપનીઓ વધી અને ૧૦૩ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી.

# સામુદ્રધુનીમાં શાંતિનો સંદેશ મળશે તો શેરબજારમાં સોમવારે જબ્બર ઉછાળો જોવા મળશે

## શેર બજાર

નિલેશ વાઘેલા

મુંબઇઃ એક તરફ અખાતી દેશો મિસાઇલ અને ડ્રોન એટેકથી ત્રાહીમામ પોકારી ગયા છે અને બીજી તરફ વિશ્વના અનેક દેશ ઇંધણ સંકટ સામે લડી રહ્યા છે. આ બધાની અસરરૂપે સતત ધોવાઇ રહેલા રોકાણકારો પ્રાર્થના કરી રહ્યા છે કે યુદ્ધ વહેલી તકે સમાપ્ત થાય. હાલ મલી રહેલા અહેવાલો અનુસાર ઇરાન અને અમેરિકા વચ્ચે શાંતિ કરાર અંતિમ ચરણમાં છે અને જો ડ્રાફ્ટ એમઓયુની વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો હોર્મુઝ સ્ટ્રેઇટ ખૂલી જવાની આશા વચ્ચે બજારમાં સોમવારે મોટા, જબ્બર ઉછાળાની આશા રાખી શકાય. આમ તો આખા જગતની નજર જીનીવા પર એટલે મંડાયેલી હતી કે ઇરાન અને અમેરિકા વચ્ચે કથિતરૂપે અને રોઇટર સહિતની સમાચાર સંસ્થાઓના અહેવાલ અનુસાર જે ડ્રાફ્ટ એમઓયુ પર વર્ચ્યુઅલ હસ્તાક્ષર થયા છે તેમાં ઇરાન અને અમેરિકાની જે કઠીન શરતો હતી, તેમાંની મોટાભાગની શરતો પર સહમતી સધાઇ હોવાની વાતો છે. જો આ સાચુ હોય તો બજારમાં જોરદાર ઉછાળાની ચાલ જોવા મળે એવી અપેક્ષા છે.

ઇરાની અધિકારીએ જાહેર કરેલા ડ્રાફ્ટ એમઓયુ અમેરિકા ઇરાન પરના પ્રતિબંધો હટાવવા અને હોર્મુઝ સ્ટ્રેઇટ પરનો બ્લોકેડ દૂર કરવા સહમત થયું છે. આ ઉપરાંત ઇરાનની લગભગ ૨૫ અબજ ડોલરની વિદેશ સ્થિત સંપત્તિ પણ છૂટી કરવાનો માર્ગ મોકળો કરવાની અમેરિકાએ સહમતી આપી છે. સામે પક્ષે ઇરાન કોઇ નવી અણુ કે યુરેનિયમ સાધનો વિકસાવવાનું બંધ કરશે એવું ડ્રાફ્ટ એમઓયુ જણાવે છે. જોકે આ બધી પ્રક્રિયામાં ૬૦ દિવસનો સમય લાગશે એવી વાત પણ છે. ગ્લોબલ ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટ પર જોકે આની તાત્કાલિક અસર જોવા મળે એવી સંભાવના છે. ઇરાન અને અમેરિકાના કરાર ઉપરાંત વિશ્લેષકો અનુસાર રોકાણકારો ફુગાવાના આંકડા, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય અને ક્રૂડ ઓઇલના ભાવના વલણો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ખાસ કરીને, યુએસ-ઈરાન કરાર પર હસ્તાક્ષરની સાચી સ્થિતિ, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને ગ્લોબલ માર્કેટમાં ગતિશીલતા પણ સ્થાનિક ઇક્વિટી બજારના સેન્ટિમેન્ટને દોરશે.

એક ટોચના માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, બજારની દિશા મુખ્ય મેક્રોઇકોનોમિક ડેટા પોઇન્ટ્સથી પ્રભાવિત થશે, જેમાં સ્થાનિક ડબલ્યુપીઆઇ ઇન્ફ્લેશન, ચીનનું ઔદ્યોગિક ઉત્પાદન અને આગામી યુએસ ફેડ નિર્ણયનો સમાવેશ થાય છે. ભારતીય ઇક્વિટી એક વિસ્તૃત એકત્રીકરણ સમયગાળાના અંતની નજીક હોય તેવું લાગે છે. મજબૂત સ્થાનિક પ્રવાહિતાએ વારંવાર ગ્લોબલ મેક્રોઇકોનોમિક વિક્ષેપો સામે બજારને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જે વિદેશી આઉટફ્લોને સરભર કરવામાં અને રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.

આ તબક્કો ગ્લોબલ ઇન્વેસ્ટર્સથી વધુ સ્થિતિસ્થાપક સ્થાનિક સહભાગીઓ તરફ ઇક્વિટી માલિકીમાં સતત પરિવર્તનનો પણ સંકેત આપે છે. એફઆઇઆઇ વેચાણમાં ઘટાડો અથવા ફેડરલ રિઝર્વની નીતિ દિશા પર સુધારેલ દૃશ્યતા એક ટ્રિગર બની શકે છે, જે સેકન્ડરી બજારમાં મોટા સ્થાનિક મૂડી પૂલને અનલોક કરી શકે છે અને સંભવતઃ વ્યાપક-આધારિત બજાર બ્રેકઆઉટને ચલાવી શકે છે. બે અઠવાડિયાના ઘટાડાનો દોર તોડ્યા પછી, ભારતીય બજારો ૧૫ જૂનના સપ્તાહમાં સાવચેતીપૂર્વક હકારાત્મક નોંધ સાથે પ્રવેશ કરી રહ્યો છે. બેંકિંગ શેરોમાં મજબૂત વધારાને કારણે રિકવરીમાં સારો ટેકો મળ્યો હતો, જ્યારે આઇટી, મેટલ અને ઊર્જા દબાણ હેઠળ રહ્યા હતા. આ સપ્તાહમાં મુખ્ય ધ્યાન યુએસ-ઈરાન શાંતિ કરાર, ભારત જથ્થાબંધ ફુગાવા, યુએસ ફેડનો નિર્ણય, બેંક ઓફ જાપાન નીતિ, ક્રૂડ ઓઇલની હિલચાલ અને એફઆઇઆઇના પ્રવાહ પર રહેશે. શુક્રવારે ભારતીય બજારોમાં સામાન્ય તેજી જોવા મળી હતી, પરંતુ શુક્રવારે તેજી જોવા મળી હતી. નિફ્ટી ૨૩,૬૨૨ પર બંધ થયો હતો, જે અઠવાડિયા દરમિયાન લગભગ ૧.૧ ટકાનો વધારો દર્શાવે છે, જ્યારે સેન્સેક્સ ૭૫,૫૨૭ પર બંધ થયો હતો. શુક્રવારે તેજી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની આશા, બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પ્રતિ બેરલ ૮૭ નો ઘટાડો અને વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારા દ્વારા પ્રેરિત હતી. સેક્ચરલ ધોરણે વલણ મિશ્ર રહ્યું. ખાનગી બેંકોએ પાંચ ટકાના વધારા સાથે રિકવરીમાં આગેવાની લીધી, ત્યારબાદ જ્બ બેંકોનો ક્રમ ૩.૨ ટકા વધ્યો. બીજી તરફ, આઇટી, મેટલ અને એનર્જી શેરો દબાણ હેઠળ રહ્યા, જેના કારણે એકંદર બજાર ઉછાળો મર્યાદિત રહ્યો હતો. ગયા અઠવાડિયે બજારની રિકવરી માટે બેંકિંગ શેરો સૌથી મોટો ટેકો હતા. શુક્રવારે બેંક બેન્ક નિફ્ટી લગભગ ત્રણ ટકા વધ્યો હતો, જેમાં તમામ ૧૪ ઘટકો લીલા રંગમાં બંધ થયા હતા. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ભૂ-રાજકીય તણાવ ઓછો થવાથી જોખમ લેવાની ક્ષમતામાં સુધારો થવાથી આ મજબૂતી આવી હતી. જ્યારે ક્રૂડ ઠંડુ થાય છે ત્યારે બેંકોને સામાન્ય રીતે ફાયદો થાય છે કારણ કે તે ફુગાવા, બોન્ડ યીલ્ડ અને રૂપિયા પર દબાણ ઘટાડે છે. આનાથી સ્થાનિક ક્ષેત્રો માટે સેન્ટિમેન્ટમાં પણ સુધારો થાય છે. એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકે ૫.૭ ટકા વૃદ્ધિ સાથે લાભ મેળવ્યો, ત્યારબાદ એચડીએફસી ફર્સ્ટ બેંકનો ક્રમ આવે છે, જેમાં ૫.૬ ટકાનો વધારો થયો હતો. આ અઠવાડિયાની મુખ્ય ઘટનામાં ૧૭ જૂને યુએસ ફેડરલ રિઝર્વ નીતિ નિર્ણય હશે. બજારો મોટે ભાગે દરો યથાવત રહેવાની અપેક્ષા રાખે છે, પરંતુ નવા નિયુક્ત ફેડરલ અધ્યક્ષ કેવિન વોર્શની ટિપ્પણી મહત્વપૂર્ણ રહેશે. રોકાણકારો મૂલ્યાંકન કરે છે કે ફુગાવાના જોખમો લાંબા સમય સુધી દરોને ઊંચા રાખી શકે છે કે નહીં. વધુમાં, બેંક ઓફ જાપાનની બેઠક ૧૫-૧૬ જૂને મળે છે, જે દર એક ટકા સુધી વધારે એવી અપેક્ષા છે, જે ૧૯૯૫ પછીનું ઉચ્ચતમ સ્તર હશે. ભારતનો મે હોલસેલ ફુગાવો ડેટા આ અઠવાડિયે ખાસ ફોકસમાં રહેશે, જે એપ્રિલમાં ૮.૩ ટકા સુધી પહોંચ્યો હતો, જે લગભગ સાડા ત્રણ વર્ષમાં સૌથી વધુ સ્તર છે. મે મહિનાના ડેટો મહત્વપૂર્ણ રહેશે કારણ કે હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સમાં વધુ એક તીવ્ર વધારો ફુગાવાની ચિંતાઓને જીવંત રાખી શકે છે.

યુએસ-ઈરાન શાંતિ કરારની આશાએ મધ્ય પૂર્વમાં પુરવઠામાં વિક્ષેપના ભયને ઓછો થયો હોવાથી ગયા અઠવાડિયે ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો. અઠવાડિયાની શરૂઆતમાં ૯૩ ડોલરથી ઉપર ટ્રેડ થયા પછી, બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૯૦ ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયો હતો. આ ઘટાડો એવા અહેવાલોને કારણે થયો હતો કે અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં સમજૂતી થઈ છે, જેનાથી આશા જાગી છે કે હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ તણાવ ઓછો થઈ શકે છે. આ વૈશ્વિક બજારો માટે એક મુખ્ય રાહતની ઘટના છે. જો ટ્રમ્પ ફરી દિશાસૂચક કૂકડાની માફક ફેરફુદડી ના ફરી જાય તો શેરબજારમાં તેજીના સંયોગ છે.

# કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં તેજીનો માહોલ

મુંબઈ : બોન્ડ પર નીચી યીલ્ડને કારણે બોરોઈંગ ખર્ચ નીચો રહેતા વિતેલા સપ્તાહમાં કોર્પોરેટસ દ્વારા બોન્ડસ મારફત નોંધપાત્ર રકમ ઊભી કરાઈ હોવાનું જોવા મળ્યું છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે વિતેલા સપ્તાહમાં કંપનીઓએ બોન્ડસ જારી કરી રૂ. ૨૭૦૦૦ કરોડની રકમ ઊભી કરી છે. નીતિવિષયક ટેકાને કારણે ફન્ડિંગની સ્થિતિ સ્થિર થશે તેવો બજારમાં વિશ્વાસ વધી રહ્યો છે. આ ઉપરાંત આગામી સપ્તાહમાં પણ કેટલાક સરકારી એકમો બોન્ડસ જારી કરી એકંદર રૂ. ૧૩૦૦૦ કરોડ ઊભા કરવા યોજના ધરાવે છે. એફસીએનઆર(બી), એકસટર્નલ કમર્સિઅલ બોરોઈંગ્સ તથા અન્ય ચેનલો મારફત ઈન્ફ્લો વધારવા રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરમાં કેટલાક પગલાં જાહેર કરાતા ઊંચા રેટિંગ સાથેના કોર્પોરેટ બોન્ડસ પરની યીલ્ડ ૭૦ બેઝિસ પોઈન્ટ જેટલી ઘટી ગઈ છે.

રિઝર્વ બેંક દ્વારા વિદેશી ચલણ બિન-નિવાસી બેંક થાપણો, બાહ્ય વાણિજ્યિક ઉધાર અને અન્ય માર્ગો દ્વારા મૂડી એકત્ર કરવા માટે તાજેતરના પગલાં અને નીતિગત સમર્થન મૂડી એકત્ર કરવાની સ્થિતિમાં સુધારો કરવામાં અને રૂપિયાને સ્થિર કરવામાં મદદ કરશે. સારા રેટિંગવાળા કોર્પોરેટ બોન્ડ્સ પરની ઉપજમાં આશરે ૫૦ થી ૭૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે.

આ અઠવાડિયે, ૧૦-વર્ષના સરકારી બોન્ડ્સ પરની ઉપજમાં આશરે નવ બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે. કોર્પોરેટ બોન્ડ ઇશ્યુઅર્સ અનુકૂળ સમયે તેમની મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બોન્ડ માર્કેટ તરફ વળ્યા છે. તાજેતરમાં ફ્લોટિંગ રેટ સ્ટ્રક્ચર્સની મજબૂત માગ હતી, ત્યારે ઘણા બોન્ડ ઇશ્યુઅર્સ હવે બેન્ચમાર્ક દરોમાં ફેરફારનું જોખમ લેવાને બદલે વર્તમાન ઉપજ પર મૂડી એકત્ર કરવામાં આરામદાયક છે.

# સેબી કોર્ટનો પિરામિડ સાઇમીરાના ડિરેક્ટરને મુક્ત કરવાનો ઇનકાર

નવી દિલ્હીઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ ઓક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ની ખાસ કોર્ટે સિક્યોરિટીઝ છેતરપિંડીના કેસમાં પિરામિડ સાઇમીરા થિયેટર લિમિટેડના ભૂતપૂર્વ ડિરેક્ટર વી નટરાજનને સિક્યોરિટીઝ કાયદાના ઉલ્લંઘનના કેસમાં મુક્ત કરવાનો ઇનકાર કર્યો છે.

સેબીનો આરોપ છે કે કંપનીએ ૨૦૦૭-૦૮માં નાણાકીય આંકડા ખોટી રીતે વધારીને રોકાણકારોને ગેરમાર્ગે દોર્યા હતા. કોર્ટે કહ્યું કે નટરાજને ડિરેક્ટર તરીકેના તેમના કથિત કાર્યો માટે ટ્રાયલનો સામનો કરવો પડશે. સેબીએ ૨૦૦૭-૦૮માં કથિત રીતે વધારે નફો દર્શાવવા અને રોકાણકારોને કંપનીના શેર ખરીદવા માટે પ્રેરિત કરવા બદલ કંપની અને તેના ડિરેક્ટરો સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી.

પ્રોસિક્યુશન અનુસાર, ૧૮ એપ્રિલ, ૨૦૧૧ના રોજ સેબીના આદેશ દ્વારા પિરામિડ સાઇમીરા થિયેટર લિમિટેડ અને તેના ડિરેક્ટરોને ખોટા ખુલાસાઓ અને ગેરમાર્ગે દોરનારા નિવેદનો આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા જેનાથી રોકાણકારોને નુકસાન થયું હતું. આ આદેશને સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ (એસએટી) સમક્ષ પડકારવામાં આવ્યો હતો, જેણે ૨૯ જૂન, ૨૦૧૧ ના રોજ અપીલ ફગાવી દીધી હતી.

પ્રોસિક્યુશન પક્ષે આરોપ લગાવ્યો હતો કે ઉપરોક્ત કંપનીના અનઓડિટેડ ત્રિમાસિક નાણાકીય પરિણામોમાં ૩૦ જૂન, ૨૦૦૭ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે આવકમાં અગાઉના ત્રિમાસિક ગાળાની તુલનામાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો. આ ઉપરનો ટ્રેન્ડ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા સુધી ચાલુ રહ્યો હતો. સેબીએ એવો દાવો કર્યો હતો કે ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પીએસ સમીનાથે ૨૦૦૭-૦૮ના નાણાકીય પરિણામો પ્રકાશિત કર્યા હતા જેમાં કંપનીનું વધુ પડતું આશાવાદી ચિત્ર રજૂ કરવા માટે ખોટી રીતે મોટા આંકડા અને અતિશયોક્તિપૂર્ણ નફાનો સમાવેશ થતો હતો.

# આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલના પાંચ ફંડમાં એસઆઇપી ઇન્વેસ્ટર્સને ૧૫ ટકા સુધીની યિલ્ડ

મુંબઈઃ યુદ્ધગ્રસ્ત વાતાવરણમાં એસઆઇપીમાંથી રોકાણકારોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે ત્યારે એ જાણવું રસપ્રદ રહેશે કે રોકાણકારોને આ ક્ષેત્રમાં સૌથી મોટા ફંડ હાઉસમાંથી એક આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડમાં પાછલા ૧૫ વર્ષમાં, ૧૫ ટકાથી ૧૮ ટકા સુધીનું વધુ વળતર મળ્યું છે, એસઆઇપી બજાર ચક્ર દરમિયાન પ્રતિબદ્ધ રહેલા રોકાણકારોને સારુ વળતર આપે છે. આ યોજનાઓમાં ઉક્ત ફંડ હાઉસના મિડકેપ ફંડે ૧૫ વર્ષમાં ૧૮.૫૦ ટકાના સીએજીઆર નોંધાવ્યો છે. સેબીના વર્ગીકરણ મુજબ, બજાર મૂડીકરણ દ્વારા ૧૦૧થી ૨૫૦ સુધીના ક્રમમાં આવનારી કંપનીઓ મિડ-કેપ કંપનીઓ ગણાય છે. એ જ રીતે, રૂ. ૫૮,૯૫૪.૪૩ કરોડની એયુએમ સાથેના આઇપ્રુ વેલ્યુ ફંડે ૧૫ વર્ષમાં ૧૬.૪૪ ટકાનો સીએજીઆર આપ્યો છે. આ વ્યૂહરચના મજબૂત ફંડામેન્ટલ્સ ધરાવતા બિઝનેસ ઓળખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે રૂ. ૧૭,૬૭૫.૮૦ કરોડની એયુએમ સાથેના આઇપ્રુ મલ્ટિકેપ ફંડે ૧૫.૬૫ ટકાનો ૧૫ વર્ષનો સીએજીઆર આપ્યો છે. જ્યારે રૂ. ૩૦,૧૪૬.૯૧ કરોડની એયુએમ સાથેના આઇપ્રુ લાર્જ અને મિડ કેપ ફંડે ૧૫ વર્ષનો ૧૫.૩૬ ટકાનો સીએજીઆર આપ્યો છે. આ અભિગમ લાર્જ કેપમાંથી સ્થિરતાને મિડકેપમાંથી વૃદ્ધિની સંભાવના સાથે સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે. એ જ રીતે, રૂ. ૧૬,૧૪૭.૧૬ કરોડની એયુએમ સાથેના આઇપ્રુ ફોકસ્ડ ઇક્વિટી ફંડે લગભગ ૧૫ ટકાનો સીએજીઆર આપ્યો છે.

# વડા પ્રધાનની અપીલ છતાં ખાદ્યતેલની આયાતમાં વધારો!

મુંબઇઃ દેશની ચલણ સતત નબળું પડી રહ્યું હોવાથી વડાપ્રધાને વિદેશી હૂંડિયામણની જાવક ઘટાડવા ખાદ્યતેલનો વપરાશ ઓછો કરવા દેશવાસીઓને અપીલ કરી હોવા છતાં ખાદ્યતેલની આયાત છ ટકાથી વધુ વધી ૧૩.૩૯ લાખ ટન રહી છ. ખાસ કરીને ક્રુડ સોયાબીન ઓઈલની ઊંચી આયાતને પરિણામે એકંદર આયાતમાં વધારો થયો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

ક્રુડ સોયાબીન ઓઈલની ઊંચી આયાતને પરિણામે મે મહિનામાં દેશની ખાદ્ય તેલની આયાત ૬.૭૦ ટકા વધી ૧૩.૩૯ લાખ ટનના સ્તરે પહોંચી હતી. એસઇએ દ્વારા જાહેર કરાયેલા મે માસના ડેટા પ્રમાણે, ખાદ્ય તેલની આયાત વધી ૧૩,૩૮,૯૩૬ ટન રહી હતી, જે ગયા વર્ષના મે મહિનામાં ૧૨,૫૪,૮૮૩ ટનના સ્તરે હતી.

કાચા સોયાબીન તેલની આયાતમાં ધરખમ વધારો થતાં ખાદ્ય તેલની એકંદર આયાતમાં વધારો થયો છે. ક્રુડ સોયાબીન ઓઈલની આયાત જે ગયા વર્ષના મેમાં ૩,૯૮,૫૮૫ ટન રહી હતી તે વર્તમાન વર્ષના મેમાં વધી ૪,૯૩,૮૫૪ ટન રહી છે. બિન-ખાદ્ય તેલની આયાત પણ ૧૨૦૪૦ ટન પરથી બમણાથી વધુ વધી ૨૬૨૦૨ ટન રહી હોવાનું ડેટા જણાવે છે.

ભારતની વનસ્પતિ તેલની એકંદર આયાત ગત મહિને વાર્ષિક ધોરણે ૮ ટકા વધી ૧૩.૬૫ લાખ ટન રહી હતી. જે ગયા વર્ષના મેમાં ૧૨.૬૭ લાખ ટન જોવા મળી હતી. ૨૦૨૫-૨૬ના વર્તમાન ઓઈલ યરના પ્રથમ સાત મહિનામાં ખાદ્ય તેલની આયાત ૧૩ ટકા વધી ૯૨.૧૭ લાખ ટન રહી છે. પામ ઓઈલ તથા ક્રુડ સોયાબીન ઓઈલના ભાવ વચ્ચેનો તફાવત ઘટી જતા તેલ મિલો દ્વારા ક્રુડ સોયાબીન તેલની આયાત વધુ કરાઈ હતી એમ સીના સુત્રોએ જણાવ્યું હતું.

# કોર્પોરેટ પરિણામ એકંદરે મિશ્રઃ ખોટ કરનાર કંપનીઓની સંખ્યામાં વૃદ્ધિ

મુંબઇ : કોર્પોરેટ પરિણામ એકંદરે મિશ્ર રહ્યા હતા. ખોટ અને નફામાં ઘટાડો નોંધાવનારી કંપનીઓની સંખ્યા વધી છે. જાહેર ક્ષેત્રની કંપનીઓની કામગીરી તુલનાત્મક રીતે સારી રહી છે. ભારતના ફાઇનાન્શિઅલ સેક્ટરમાં માર્ચ ત્રિમાસિક સમયગાળામાં સૌથી વધુ નફો રળનારી કંપનીમાં ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૨૩,૪૨૦ કરોડનો નફો નોંધાવી એલઆઇસી ટોચ પર રહી છે. આ પછી રૂ. ૧૯,૬૮૪ કરોડ સાથે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને રૂ. ૧૯,૨૨૧ કરોડના નફા સાથે એચડીએફસી બેન્કે સ્થાન મેળવ્યું છે.

હિંદુજા ગ્લોબલ સોલ્યુશને રૂ. ૮.૨ કરોડની ખોટ નોંધાવી છે. રેવન્યુ ૬.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૮૫ કરોડ રહી છે. ઇરેડાનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ટકા ઘટાડા સાથે રૂ.૪૯૩ કરોડ રહ્યો છે. શાલીમાર પેઇન્ટ્સની આવક ૧૪ ટકા ઘટીને રૂ. ૧૫૩ કરોડ રહી છે, જ્યારે ચોખ્ખી ખોટ સહેજ ઘટીને રૂ. ૬.૧૮ કરોડ રહી છે.

હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાની તમિળનાડુ સ્થિત સપ્લાયર ફેસિલિટી ખાતે આગની ઘટના બનતા તેના ઉત્પાદનમાં કામચલાઉ વિક્ષેપ પડ્યો છે. ટાટા મોટર વ્હીકલ પેસેન્જરનું વેચાણ મે મહિનામાં ૪૨ ટકા વધીને ૫૯,૭૯૦ યુનીટ નોંધાયું છે. સીમેન્સે લો વોલ્ટેજ મોટર્સ બિઝનેસ, ઇનોમેટિક્સ ઇન્ડિયાને રૂ.૨,૨૦૦ કરોડમાં વેચી દીધો છે.

રિલાયન્સ પાવરે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૪૯૪ કરોડની ખોટ નોંધાવી છે. જીએસએફસીનો માર્ચ ક્વાર્ટરનો નફો ૨૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૨.૧૪ કરોડ નોંધાયો છે. પેજ ઇન્ડસ્ટ્રીઝનો નફો નવ ટકા વધ્યો છે. ઇમામીના ચોખ્ખા નફામાં ૧૨ ટકા જેવો ઘટાડો થયો છે. ઓલા ઇલેક્ટ્રિકે વાર્ષિક ધોરણે રૂ. ૫૦૦ કરોડની ચોખ્ખી ખોટ અને ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૬૫ કરોડની આવક નોંધાવી છે. ઇરકોન ઇન્ટરનેશનલે ચોથા ક્વાર્ટરમાં ૯.૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૧.૪૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કોર્પોરેટ હલચલમાં સુઝલોનને સનરાઇઝ એનર્જી પાસેથી ૧૯૫ મેગા વોટનો વીન્ડ એનર્જી કોન્ટ્રેક્ટ મળ્યો છે. વેદાંતાની સબ્સિડરી તલવાંડી સાબો પાવર લિમિટેડે સુપ્રીમ કોર્ટના ચૂકાદા અનુસાર પંજાબ સ્ટેટ પાવર કોર્પોરેશનને અંદાજે રૂ. ૧૨૭ કરોડની પેનલ્ટી ચુકવવી પડશે. અદાણી પાવરે જયપ્રકાશ પાવર વેન્ચરમાં ૨૪ ટકા હિસ્સો હાંસલ કરવા અને જયપ્રકાશ એસોસિએટ્સ પાસેથી અન્ય થર્મલ એસેટ મેળવવા માટે અંદાજે રૂ. ૪૧૯૩.૫૯ કરોડના કરાર કર્યા છે.

આઇનોક્સ ક્લિનએ ૭૫૦ મિલિયન ડોલરમાં અમેરિકા સ્થિત સોલર એનર્જી એસેટ હસ્તગત કરી છે. લાર્સન એન્ડ ટૂબ્રોને મિડલ ઇસ્ટમાં એક્સ્ટ્રા હાઇ વોલ્ટેજ સબસ્ટેશન્સ સ્થાપવા માટે ઓર્ડ મળ્યો છે. એર ઇન્ડિયાએ છ ઓવરસીઝ રૂટની ઇન્ટરનેશનલ ફ્લાઇટ ઘટાડી છે. જીએસકે ફાર્માએ ચોથા ક્વાર્ટરમાં ૫.૭ ટકાના વધારા સાથે રૂ. ૨૭૭.૮૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સિપ્લાનો નફો ૫૫.૩૨ ટકાના કડાકા સાથે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૫૪૨.૫૧ કરોડ રહ્યો હતો.

ડીસીએમ શ્રીરામનો ચોથા ક્વાર્ટરનો નફો બમણો થઇને રૂ. ૩૭૧ કરોડ નોંધાયો છે. આઇશર ટ્રક્સ એન્ડ બસેસએ સિટીફ્લો સાથે ત્રણ વર્ષમાં ૨૦૦ બસ સપ્યાલના કરાર કર્યા છે. ડિક્સન ટેક્નોલોજીસનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા ઘટીને રૂ. ૨૯૮ કરોડ થયો છે.

ટાટા પાવરે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ચ ક્વાર્ટરમાં આઠ ટકા જેવી વૃદ્ધિ સાથે રૂ. ૧,૪૧૫.૫૨ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જોકે કંપનીની કુલ આવક રૂ. ૧૭,૪૪૬.૯૫ કરોડ સામે ઘટીને રૂ. ૧૫,૪૫૫.૪૮ કરોડ રહી હતી.

# ટોચની આઠ કંપનીના બજાર મૂલ્યમાં ₹ ૧.૯૦ ટ્રિલિયનનો વધારો

મુંબઇઃ ઇક્વિટી બજારની મજબૂત તેજીને કારણે ટોચની ૧૦ કંપનીઓમાંથી આઠ કંપનીઓના સંયુક્ત બજાર મૂડીમાં ગયા અઠવાડિયે રૂ. ૧.૯૦ ટ્રિલિયનનો વધારો થયો. આઇસીઆઇસીઆઇ બેંકે ઓવૃદ્ધિનું નેતૃત્વ કર્યું, ત્યારબાદ એચડીએફસી બેંક, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, એરટેલ અને અન્ય કંપનીઓનો ક્રમ રહ્યો હતો.

વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારો અને આરબીઆઇના પગલાંથી ભારતીય બજારોમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો હોવાને કારણે આમ બન્યું હતું. વ્યાપક બજાર પણ મજબૂત બન્યું હતું. સેન્સેક્સ ૧,૨૮૪.૬૧ પોઈન્ટ (૧.૭૩%) વધ્યો અને નિફ્ટી ૨૫૬.૨ પોઈન્ટ (૧%) વધ્યો હતો. બજારના નિષ્ણાતોના મતે, ભારતીય શેરબજારો અસ્થિર સપ્તાહના અંતે હકારાત્મક નોંધ પર સમાપ્ત થયા, જેમાં બે અઠવાડિયાના ઘટાડાનો દોર તૂટી ગયો.

વિદેશી ચલણના પ્રવાહને વધારવા માટે ભારતીય રિઝર્વ બેંકના સહાયક પગલાં સાથે સુધરેલા વૈશ્વિક સેન્ટિમેન્ટે આ સુધારામાં ફાળો આપ્યો હતો. સંભવિત યુએસ-ઈરાન શાંતિ કરાર અંગે આશાવાદથી રોકાણકારોનો વિશ્વાસ વધુ વધ્યો, જેનાથી ભૂ-રાજકીય તણાવ ઓછો થવાની અને ઊર્જાના ભાવ સ્થિર થવાની આશા જાગી.

ટોચની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાં, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને હિન્દુસ્તાન યુનિલિવરમાં વધારો થયો. તેનાથી વિપરીત, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) અને લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એલઆઇસી)એ તેમના બજાર મૂડીકરણમાં ઘટાડો નોંધાવ્યો હતો.

આઇસીઆઇસીઆઇ બેંકે રૂ. ૫૬,૨૨૩ કરોડ ઉમેરીને આ લાભમાં આગેવાની લીધી, જેનાથી તેનું કુલ મૂલ્યાંકન રૂ. ૯,૬૧,૨૯૭.૭૭ કરોડ થયું. એચડીએફસી બેંકનું માર્કેટ કેપ રૂ. ૩૮,૫૭૧.૧૧ કરોડ વધીને રૂ. ૧૧,૮૯,૩૧૪.૪૨ કરોડ થયું, જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું માર્કેટ કેપ રૂ. ૩૬,૧૩૭.૮૭ કરોડ વધીને રૂ. ૯,૩૮,૬૬૧.૫૦ કરોડ થયું.

બજાજ ફાઇનાન્સે રૂ. ૧૮,૩૬૬.૫૭ કરોડ, ભારતી એરટેલે રૂ. ૧૪,૩૮૦.૧૪ કરોડ, લાર્સન એન્ડ ટુબ્રોએ રૂ. ૧૩,૨૪૧.૩૯ કરોડ અને હિન્દુસ્તાન યુનિલિવરે રૂ. ૧૦,૯૮૪.૩૪ કરોડનો વધારો કર્યો. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે રૂ. ૨,૦૯૭.૫૪ કરોડનો સાધારણ વધારો જોયો, જેનાથી ભારતની સૌથી મૂલ્યવાન કંપની તરીકે તેનું સ્થાન જળવાઈ રહ્યું.નુકસાનની બાજુએ, ટીસીએસનું માર્કેટ કેપ રૂ. ૧૩,૨૯૬.૪૭ કરોડ ઘટી ગયું, જ્યારે એલઆઇસીનું માર્કેટ કેપ રૂ. ૮૨૨.૨૫ કરોડ ઘટ્યું હતું.

પરિણામે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે ભારતની સૌથી મૂલ્યવાન કંપનીઓના એકંદર રેન્કિંગમાં તેનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું, ત્યારબાદ એચડીએફસી બેંક, ભારતી એરટેલ, આઇસીઆઇસીઆઇ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ટીસીએસ, બજાજ ફાઇનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, હિન્દુસ્તાન યુનિલિવર અને એલઆઇસીનો ક્રમ આવે છે.

# અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ધંધાકીય પ્રશ્નનો સુખદ અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ અલંગ શિપ રિસાયક્લિંગ યાર્ડમાં છેલ્લા ૧૦થી ૧૨ દિવસથી ચાલી રહેલા ધંધાકીય પ્રશ્નનો સુખદ અંત આવ્યો હતો. કૃષિમંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તથા રાજકોટના ધારાસભ્ય અને અગ્રણી ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાળાની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગ સંગઠનોની સંયુક્ત બેઠક યોજાઈ હતી, જેમાં પ્રશ્નના નિરાકરણ માટે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં શિપ રિસાયક્લિંગ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, રિરોલિંગ મિલ એસોસિએશન, ફર્નેસ એસોસિએશન, પ્રોફાઈલ એસોસિએશન સહિતના સંલગ્ન સંગઠનોના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શિપ રિસાયક્લિંગ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિષ્ણુકુમાર ગુપ્તાએ સમગ્ર પ્રશ્નની વિગતવાર રજૂઆત કરી હતી અને તેના કારણે ઉદ્યોગ પર થતી અસર તેમજ તેના ફાયદા-ગેરફાયદા અંગે માહિતી આપી હતી. રિરોલિંગ મિલ એસોસિએશનના પ્રમુખ હરેશભાઈ ધાનાણીએ પણ ઉદ્યોગકારોને પડી રહેલી મુશ્કેલીઓ અને અડચણોની રજૂઆત કરી હતી.

ઉદ્યોગકારોની રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળ્યા બાદ જીતુભાઈ વાઘાણી અને રમેશભાઈ ટીલાળાએ બંને પક્ષો વચ્ચે સમન્વય સાધી પ્રશ્નનું સર્વસ્વીકાર્ય અને સુખદ સમાધાન કરાવ્યું હતું. જેના પરિણામે છેલ્લા કેટલાક દિવસોથી પ્રવર્તતી અનિશ્ચિતતાનો અંત આવ્યો હતો અને ઉદ્યોગ સાથે સંકળાયેલા વર્ગોમાં રાહતની લાગણી પ્રસરી હતી. બેઠકના અંતે વિવિધ એસોસિએશનોના હોદ્દેદારો અને સભ્યોએ જીતુભાઈ વાઘાણી તથા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બંને આગેવાનોએ ઉદ્યોગના હિતને ધ્યાનમાં રાખીને કિંમતી સમય ફાળવી પ્રશ્નનો ઉકેલ લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, જેના કારણે અલંગ અને તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોને નવી ગતિ મળશે. ■

# ભાવનગર જિલ્લામાં ‘૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના’ અંતર્ગત પ્રગતિપથ યાત્રાનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮મી જૂનથી ૨૧મી જૂન દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમોની શ્રેણીમાં આજે જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને રાજ્યના કેબિનેટ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શન હેઠળ ‘પ્રગતિપથ યાત્રા’ યોજાઈ હતી. યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ મહત્ત્વપૂર્ણ વિકાસકાર્યો અને જાહેર સુવિધા કેન્દ્રોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રગતિપથ યાત્રા અંતર્ગત સમરસ કુમાર અને કન્યા છાત્રાલય, કલેક્ટર કચેરી, સી.એન.જી. ટર્મિનલ, રિજિયોનલ સાયન્સ સેન્ટર, તળાજા સ્થિત મૉડેલ સ્કૂલ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ, પાલીતાણાની પાંડેરિયા નેચર એજ્યુકેશન કેમ્પ સાઇટ, ૨૫ મેગા વોટ સોલાર પ્રોજેક્ટ તેમજ સૌની યોજના લિંક-૨ પેકેજ-૭ સહિતના વિકાસ પ્રકલ્પોની મુલાકાત લેવામાં આવી હતી.

યાત્રા દરમિયાન છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, માળખાગત સુવિધાઓના વિકાસ અને ભાવનગર જિલ્લામાં સાકાર થયેલા મહત્ત્વપૂર્ણ વિકાસકાર્યો અંગે માહિતી મેળવવામાં આવી હતી.

આ સાથે જ વિકાસના લાભો છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે સરકારની પ્રતિબદ્ધતાને ઉજાગર કરવામાં આવી હતી. ■

# ભાવનગર જિલ્લાના દરેડ ગામે ખેડૂત પર ઉપસરપંચ સહિત ૪ શખ્સોનો ઘાતકી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના વલ્લભીપુર તાલુકાના દરેડ ગામમાં સામાન્ય બોલાચાલીની અદાવત રાખી ગામના ઉપસરપંચ સહિત ચાર શખ્સોએ એકસંપ થઈ ખેડૂતના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. હુમલાખોરોએ લાકડાના ધોકા વડે ખેડૂતને બેફામ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મૂક્યા હતા અને જતાં-જતાં ખેડૂત તથા તેમની માતાને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

આ બનાવની વિગતો મુજબ ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાના દરેડ ગામે રહેતા અને ખેતીકામ કરતા ઘનશ્યામભાઈ કરશનભાઇ નાયાણી (ઉં.વ. ૩૬) ને તેમના દાદા ભીખાભાઈ સાથે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. આ કૌટુંબિક વાતચીત અંગે તેમના પાડોશમાં રહેતા લાલજીભાઈ ગામના ચોરા પાસે અન્ય લોકો સાથે ચર્ચા કરતા હતા. ઘનશ્યામભાઈએ આ બાબતની જાણ થતાં લાલજીભાઈને ઘરની આંતરિક બાબત બહાર ચોરા પર ન ચર્ચવા માટે વિનંતી કરી હતી. આ વાતનું ખોટું લગાડીને લાલજીભાઈએ તેમના પૌત્ર અને ગામના ઉપસરપંચ જગદીશ નાકરાણીને આ અંગે વાત કરી ઉશ્કેરણી કરી હતી.

પાડોશી લાલજીભાઈની વાતની દાઝ અને અદાવત રાખીને ઘનશ્યામભાઈ પોતાના ઘરે હાજર હતા, ત્યારે લાલજીભાઇના પૌત્ર અને ઉપસરપંચ જગદીશ કરશનભાઈ નાકરાણી, મહેશ નાકરાણી તથા અન્ય બે અજાણ્યા શખ્સો હાથમાં લાકડાના ધોકા લઈને ઘનશ્યામભાઈના ઘરમાં ઘસી આવ્યા હતા. આ શખ્સોએ કંઈપણ પૂછ્યા વિના ઘનશ્યામભાઈ પર આડેધડ ધોકાના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું.આ હુમલા દરમિયાન ભારે બૂમાબૂમ થતાં ઘનશ્યામભાઈના માતા અને પાડોશની એક મહિલાએ વચ્ચે પડીને તેમને વધુ મારથી બચાવ્યા હતા. બૂમો સાંભળી ગામના લોકો એકઠા થઈ જતાં ઉપસરપંચ સહિતના હુમલાખોરો આખા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઇજાગ્રસ્ત બનેલા ઘનશ્યામભાઈને પ્રથમ વલ્લભીપુર હૉસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હૉસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી હાલ તેમને શહેરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર અર્થે એડમિટ કરવામાં આવ્યા છે.

આ બનાવ અંગે ભોગ બનનાર ખેડૂત ઘનશ્યામભાઈ નાયાણીની સત્તાવાર ફરિયાદના આધારે વલ્લભીપુર પોલીસે દરેડ ગામના ઉપસરપંચ જગદીશ કરશનભાઈ નાકરાણી, મહેશ નાકરાણી અને બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી હુમલાખોરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ કેસની વધુ તપાસ વલ્લભીપુર પોલીસ ચલાવી રહી છે. ■

# ભાવનગરના ચોંડા ગામના માસૂમ બાળકનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલિતાણા તાલુકાના વાળુકડ (પા) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આર.બી.એસ.કે. ટીમની સંતર્કતાથી સ્થાનિક એક માસૂમ બાળકને નવજીવન મળ્યુ હતું. સમગ્ર ગુજરાત રાજ્યમાં સ્થાનિક ટીમ દ્વારા શોધાયેલ કેસમાં સફળ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનો પ્રથમ નોંધપાત્ર કિસ્સો નોંધાયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૩ માં પાલિતાણા તાલુકાના ચોંડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ૧૩ વર્ષીય ભવ્ય સંજયભાઇ ચૌહાણની શાળા આરોગ્ય તપાસ દરમિયાન વાળુકડ પી.એચ.સી.ની ટીમને તેના હૃદયના ધબકારા અસામાન્ય જણાતા વધુ તપાસ માટે તેને ભાવનગરની સર ટી. હૉસ્પિટલમાં રીફર કર્યો હતો. જ્યાં તપાસ દરમિયાન તેના હૃદયની પમ્પીંગની ક્ષમતા અત્યંત ઓછી હોવાનુ જાણવા મળતા તેને અમદાવાદની યુ.એન.મહેતા હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં તબીબોએ ડાયલેટેડ કાર્ડિયોગ્રાફી જેવી ગંભીર બીમારીનું નિદાન કરતા સ્થિતિ ગંભીર બનતા તબીબોએ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જ એકમાત્ર વિકલ્પ હોવાનું જણાવ્યુ હતુ. દરમિયાન અમદાવાદમાં બ્રેઈન ડેડ જાહેર કરાયેલા એક વ્યકિતના પરિવારજનોએ માનવતાનું અનોખુ ઉદાહરણ પૂરું પાડી અંગદાનનો નિર્ણય લેતા દાતા અને ભવ્યનું હૃદય મેચ થતા યુ.એન.મહેતા હૉસ્પિટલના નિષ્ણાંત તબીબોએ ગત સપ્તાહમાં સફળતાપૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરી લાંબી સારવાર અને દેખરેખ બાદ તેને હૉસ્પિટલમાંથી રજા અપાઈ હતી. ■

# ભુજમાં ફાયર સેફ્ટીના નિયમોનો ભંગ કરતા સાત એકમો પર તવાઈઃ

## ૩૦ એકમોને અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજ્યમાં વધી રહેલી આગની ઘટનાઓના પગલે કચ્છ જિલ્લા તંત્ર પણ એલર્ટ બન્યું છે. તંત્ર દ્વારા ફાયર સેફ્ટીના નિયમોના કડક અમલીકરણ માટે સપાટો બોલાવવામાં આવ્યો છે. જન સુરક્ષાને પ્રાધાન્ય આપીને ભુજ નગરપાલિકા અને ભુજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (ભાડા)ની સંયુક્ત ટુકડી દ્વારા ભુજ શહેરમાં વ્યાપક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત ફાયર સેફ્ટીના નિયમોના ધજાગરા ઉડાડતા સાત વ્યવસાયિક એકમો સામે કાયદાકીય તવાઈ લાવવામાં આવી હતી, જ્યારે અન્ય ૩૦ જેટલા પ્રીમાઈસીસને ખામીઓ સુધારી લેવા માટે આખરી અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. સત્તાવાર વિગતો મુજબ, પાલિકા અને ‘ભાડા’ના અધિકારીઓની બનેલી વિશેષ ટીમોએ ભુજ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સ, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય ભીડભાડવાળા ૩૦ જેટલા સ્થળોએ આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન અનેક બિલ્ડિંગોમાં ફાયર એન.ઓ.સી.ન હોવાનું અથવા અગ્નિશામક ઉપકરણો બંધ હાલતમાં હોવાનું બહાર આવ્યું હતું.

તંત્ર દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનારા સાત એકમોને તાત્કાલિક અસરથી નોટિસ ફટકારી આકરી કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી હતી. સંયુક્ત ટુકડીએ આ તમામ ૩૦ એકમોના સંચાલકોને કડક શબ્દોમાં આખરી ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, જો નિયત સમયમર્યાદામાં ફાયર સેફ્ટીના સાધનો વસાવવામાં કે કાર્યરત કરવામાં નહીં આવે, તો બિલ્ડિંગ સીલ કરવા સહિતની કડક કાયદાકીય અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. તંત્રની આ અચાનક શરૂ થયેલી કડક ઝુંબેશથી શહેરના બિલ્ડરો અને વ્યાપારી આલમમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ■

# રાજકોટ બાળ સંરક્ષણ ગૃહમાંથી ૧૧ સગીરો મોડી રાત્રે ગુમ થતા તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરમાં આવેલા બાળ સંરક્ષણ ગૃહમાંથી ૧૧ બાળકો રાત્રિના સમયે મોકાનો લાભ લઈને કમ્પાઉન્ડ વોલ કૂદીને નાસી છૂટ્યા હતા. એક સાથે ૧૧ બાળકો સીસીટીવી અને જાળી તોડીને ભાગી જતા સંરક્ષણ ગૃહના સત્તાધીશોએ આ અંગે પોલીસને જાણ કરી હતી. ૧૧ બાળકો નાસી છૂટવાની ઘટનાને પગલે રાજકોટ શહેર પોલીસ દોડતી થઈ ગઈ હતી. ઘટનાના પગલે કલેક્ટર, ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઓબ્ઝર્વેશન હોમ પર પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ક્રાઈમ બ્રાંચ સહિતની પોલીસ ટીમે નાસી છૂટેલા બાળકોને શોધવા પ્રયાસ શરૂ કરી દીધા છે. ૧૧ પૈકી એક પાકિસ્તાની બાળક પરત ફર્યું હતું. જ્યારે ૧૦ બાળકો હજુ પણ લાપતા છે પોલીસ દ્વારા અન્ય ૧૦ બાળકને શોધી કાઢવા તેમના નામ-ફોટો સહિતની વિગતો મેળવી રેલવે સ્ટેશન, એસટી સ્ટેન્ડ સહિતના સ્થળોના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી શરૂ કરી દીધી છે.

મળતી માહિતી મુજબ, ગત મોડી રાત્રે અથવા વહેલી સવારે આ ૧૧ બાળકો સંરક્ષણ ગૃહની કસ્ટડીમાંથી ભાગવામાં સફળ રહ્યા હતા. સવારે ગૃહના સત્તાધીશો દ્વારા ગણતરી કરવામાં આવી ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી.

કાયદાકીય મુશ્કેલીઓમાં સંડોવાયેલા અને અહીં આશ્રય મેળવી રહેલા ૧૧ સગીરો એકસાથે ગાયબ થવાની માહિતી મળતા જ સંસ્થાના ઉચ્ચ અધિકારીઓના હોશ ઉડી ગયા હતા. તેમણે તાત્કાલિક આ અંગે પોલીસને જાણ કરી હતી.

આ સમગ્ર મામલે જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશે માહિતી આપતા જણાવ્યું હતું કે, બાળ સંરક્ષણ ગૃહમાં કુલ ૫૪ બાળકો છે. ૫૪ બાળકો પૈકી ૧૧ બાળકો સવારે ૯ વાગ્યા પછી બાળ સુરક્ષા ગૃહમાંથી ભાગી ગયા હતા. ૧૧ પૈકી એક પાકિસ્તાની બાળ આરોપી પરત ફર્યો છે એટલે હવે ૧૦ બાળકો ફરાર છે. આ તમામ બાળ આરોપીની શોધખોળ ચાલી રહી છે. બાળકોએ ઘણાં પ્લાનિંગ સાથે બાળસુરક્ષા ગૃહમાંથી ફરાર થયાનું લાગી રહ્યું છે. બાળસુરક્ષા ગૃહના સ્ટાફનું ધ્યાન ડિસ્ટ્રેક્ટ કરવા માટે એક બાળકને વાગ્યું હોય તેવું જણાવીને બધાનું ધ્યાન તેની તરફ રાખ્યું અને આ દરમિયાન બાળકો ભાગી ગયા હતા. આ બાળકો મજબૂત ગ્રીલ તોડીને ભાગ્યા ત્યારે ત્યાં લાગેલો કેમેરા પણ તોડી નાંખ્યો હતો. અહીં સાત વર્ષથી વધુ સજા હોય તેવા બાળકો રહેતા હોય છે. પોલીસે બાળકોને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવી છે. સીસીટીવીના આધારે તપાસ કરવામાં આવી રહી છે. ■

# ભાવનગરની પોલીસે પાલિતાણામાંથી જુગાર રમતા છ શખ્સોને ઝડપી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાની એલસીબી પોલીસે પાલિતાણામાં દરોડો પાડી જુગાર રમતા છ શખ્સોને ઝડપી લીધા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના પાલિતાણામાં વડીયા રોડ જીઆઇડીસીની જાહેર જગ્યામાં ભાવનગરની એલસીબી પોલીસે બાતમીના આધારે રેડ પાડીને જુગાર રમતા પ્રકાશભાઈ નાનજીભાઈ પીપલીયા, કમલેશભાઈ મુકેશભાઇ વાઘેલા, સલીમભાઈ કાસમભાઈ મહેતર, નિલેશભાઈ ઘેલાભાઈ વાઘેલા, વિશાલભાઈ આણંદરામ હરિયાણી અને બાબુભાઈ રામજીભાઈ ગોહેલ સહિતના છ શખ્સોને ગંજીપત્તાના પાના અને રોકડા રૂ. ૧૫,૭૦ના મુદ્દામાલ સાથે સાથે ઝડપી લઈ તેઓની વિરુદ્ધમાં પાલિતાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. ■

### ગાંધીધામમાં હનીટ્રેપ જેવો ચોંકાવનારો કિસ્સો

# ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી ૨૦ વર્ષીય યુવતીને બ્લેકમેઈલ કરતી તોડબાજ ગેંગ સામે ગુનો દાખલ

ભુજ: ગાંધીધામમાં સોશ્યલ મીડિયાના માધ્યમથી એક ૨૦ વર્ષીય યુવતીને બ્લેકમેઇલ કરી, અશ્લીલ સામગ્રી વાઇરલ કરવાની ધમકી આપી મોટી રકમ પડાવવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ઇન્સ્ટાગ્રામ પર યુવતીના નામે ફેક પ્રોફાઇલ બનાવી અશ્લીલ ફોટો-વીડિયો અપલોડ કરી રૂ. ૧.૨૨ લાખથી વધુની તોડબાજી કરનાર પ્રિયાંશુ રાજેન્દ્રસીંગ નામના મુખ્ય સૂત્રધાર સહિતના શખ્સો સામે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદાનો સિંકજો કસવામાં આવ્યો છે.

આ ગુનાહિત કારસ્તાન ડિસેમ્બર-૨૦૨૪થી શરૂ કરીને જૂન-૨૬ સુધી સતત ચાલતું રહ્યું હતું. આરોપીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર ફરિયાદી યુવતીના નામનું એક ફેક એકાઉન્ટ તૈયાર કર્યું હતું. આ ફેક આઇડી પર આરોપીઓએ યુવતીના ફોટોગ્રાફ્સ મોર્ફ કરીને તેમજ અશ્લીલ વીડિયો અપલોડ કરી દીધા હતા. ત્યારબાદ આ અશ્લીલ સામગ્રી સોશિયલ મીડિયા પર વાઇરલ કરીને સમાજમાં બદનામ કરી દેવાની ધમકી આપી આરોપીઓએ પીડિતા પાસેથી બળજબરીપૂર્વક કટકે-કટકે કુલ રૂ. ૧,૨૨,૭૦૦ની રોકડ રકમ પડાવી લીધી હતી. વારંવાર નાણાં ચૂકવ્યા બાદ પણ તોડબાજ ગેંગની લાલચ સંતોષાઈ ન હતી અને તેઓએ વધુ પૈસાની ઉઘરાણી ચાલુ રાખી હતી. આખરે યુવતીએ વધુ નાણાં આપવાની સ્પષ્ટ ના પાડી દેતાં આરોપીઓએ તેને ડિજિટલ પ્લેટફોર્મ પર વધુ બદનામ કરવાની ધમકીઓ આપી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ બ્લેકમેઇલિંગથી કંટાળીને ભોગ બનનાર યુવતીએ હિંમત દાખવી પરિવારના સહયોગથી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પીડિત યુવતીની ફરિયાદના આધારે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે મુખ્ય આરોપી પ્રિયાંશુ રાજેન્દ્રસીંગ (રહે. હરિયાણા/દિલ્હી ક્ષેત્રના મોબાઈલ નંબર ધરાવતા) તથા તપાસમાં ખુલવાપાત્ર અન્ય અજાણ્યા સાગરીતો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની વિવિધ કલમો મુજબ સાયબર ક્રાઇમ અને તોડબાજીનો ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે. ■

# કચ્છના બન્નીના ઘાસના મેદાનો સુકાવાની ભીતિ, ચારાની કટોકટીના સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આ વર્ષે પ્રશાંત મહાસાગરમાં વિકસી રહેલી અત્યંત શક્તિશાળી ‘અલ નીનો’ વૈશ્વિક આબોહવા પ્રણાલીને ગંભીર રીતે પ્રભાવિત કરી રહી છે, જેને હવામાન નિષ્ણાતોએ ‘સુપર ગોડઝિલા’ કક્ષાનો ગણાવ્યો હતો. વિશ્વ હવામાન સંસ્થાના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં આ અલ નીનો અગાઉના વર્ષ ૨૦૨૩-૨૪ના તમામ રેકોર્ડ તોડી નાખે તેવી પ્રબળ સંભાવના છે. આ વૈશ્વિક કુદરતી આપત્તિની સીધી અને ઘાતક અસર એશિયાના સૌથી મોટા કુદરતી ચરાગાહ એવા કચ્છના પ્રખ્યાત બન્નીના ઘાસિયા મેદાનો પર પડવાનું જોખમ ઊભું થયું છે, જેના કારણે આગામી સમયમાં પશુધનની આજીવિકા સામે ચારા અને પાણીની ભારે તંગી સર્જાઈ શકે છે.

ભૌગોલિક દ્રષ્ટિએ બન્નીના વિશાળ ઘાસના મેદાનોનું સમગ્ર જીવતંત્ર અને અર્થતંત્ર માત્ર ચોમાસાના વરસાદ પર જ નિર્ભર છે. હવામાન વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે જ્યારે પણ પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની પ્રવૃત્તિ તીવ્ર બને છે, ત્યારે ભારતીય ચોમાસું નબળું પડે છે અને તેના લીધે બન્ની પ્રદેશમાં વરસાદનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી જાય છે. વરસાદની આ અછતને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ ઘટે છે અને પરંપરાગત પૌષ્ટિક ઘાસને બદલે સૂકા વાતાવરણમાં ઉગી નીકળતું ‘સી-૪’ પ્રકારનું નિમ્ન કક્ષાનું ઘાસ ઝડપથી ફેલાવા લાગે છે. આ પ્રકારની આબોહવાકીય વિષમતાને કારણે અગાઉ પણ બન્નીના ભેજવાળા વિસ્તારો સુકાઈ ગયા હતા અને મેદાનોમાં આકસ્મિક આગ લાગવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો હતો.

વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો, અત્યારથી જ બન્ની વિસ્તારમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ચૂકી છે અને મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાઈ રહ્યું છે, જ્યારે આકાશ સંપૂર્ણપણે વાદળમુક્ત અને શુષ્ક છે. જો આગામી મહિનાઓમાં આ ‘સુપર ગોડઝિલા’ અલ નીનો વધુ આક્રમક બનશે તો કચ્છના સ્થાનિક માલધારી સમુદાય માટે ગાય, ભેંસ અને ઊંટ જેવા હજારો પશુધનને બચાવવા માટે ઘાસચારો અને પીવાનું પાણી મેળવવું અત્યંત દુષ્કર બની જશે. આગામી ચોમાસાની દિશા અને તીવ્રતા જ હવે બન્નીના ઘાસના મેદાનો અને સ્થાનિક પશુપાલન ઉદ્યોગનું ભવિષ્ય નક્કી કરશે. ■

### ટપ્પરની વાડીમાં મધ્યરાત્રિએ એલસીબી ત્રાટકીઃ

# રૂ. ૭૯.૫૨ લાખનો વિદેશી દારૂ-બિયર ઝડપાયો, ૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખાએ અંજાર તાલુકાના ટપ્પર ડેમ નજીક આવેલી એક વાડીમાં મધ્યરાત્રિએ દરોડો પાડીને કચ્છના કુખ્યાત અને લિસ્ટેડ બુટલેગર પુના ભાણા ભરવાડ તથા તેના સાગરીતોના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્થળ પરથી ટેન્કર અને ડમ્પરમાં કટિંગ થઈ રહેલો રૂ.૭૯.૫૨ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જો કે, પોલીસ વાહનોનો પ્રકાશ જોઈને કુખ્યાત બૂટલેગરો અને તેમના માણસો અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, જેલમુક્ત થયેલો રીઢો બુટલેગર પુના ભરવાડ ફરી સક્રિય થયો છે અને તેણે પોતાના સાગરીતો રામા ભરવાડ (પલાંસવા), યુનુસ ફકીરમામદ મીર (અંજાર), વાલજી ઉર્ફે વાલો ભીખા દેસાઈ (હલરા, ભચાઉ), મેરૂભા ઉદેસંગ વાઘેલા (અંતરજાળ) અને અરજણ હિરા હેઠવાડિયા (ટપ્પર) સાથે ભાગીદારીમાં વિદેશી શરાબનું આખું ટેન્કર મગાવ્યું હતું. આ જથ્થો ટપ્પર ડેમ પાસે આવેલી અરજણ હેઠવાડિયાની વાડીમાં કટિંગ (ખાલી) થઈ રહ્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી મોડી રાત્રે ૩ વાગ્યે વાડીમાં દરોડો પાડ્યો હતો. પોલીસની હેડલાઈટોનો પ્રકાશ દેખાતાં જ વાડીમાં હાજર મજૂરો અને બુટલેગરો માલ મૂકીને ભાગી ગયા હતા.

વાડીની તલાશી લેતાં ત્યાંથી ૧૨ વ્હીલવાળું અને ૫ ગુપ્ત ખાના ધરાવતું એક તોતિંગ ટેન્કર મળી આવ્યું હતું. તેની બાજુમાં દારૂની હેરાફેરી માટે રાખેલું ૧૦ વ્હીલવાળું આઈવા ડમ્પર, નંબર પ્લેટ વિનાની બોલેરો કેમ્પર, એક મોટરસાઇકલ અને એક સ્કૂટર પાર્ક કરેલા હતા.

આ વાહનો ઉપરાંત વાડીમાં આવેલી બે ઓરડીઓમાંથી પણ વિદેશી દારૂની સેંકડો પેટીઓ મળી આવી હતી. પોલીસે જુદી-જુદી બ્રાન્ડની વ્હિસ્કી અને બિયર મળી કુલ રૂ. ૭૯,૫૨,૦૦૦નો શરાબ તથા ટેન્કર, ડમ્પર, બોલેરો અને બાઈક સહિત કુલ રૂ.૧,૦૪,૦૪,૭૪૦થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

દુધઈ પોલીસ મથકે પોલીસે તમામ છ મુખ્ય બુટલેગરો, વાહનોના ચાલકો, નાસી ગયેલા મજૂરો અને જથ્થો મોકલનાર સપ્લાયરો સામે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. ■

# અંતરજાળના રીઢા બુટલેગર સામે ‘પાસા’ હેઠળ કાર્યવાહી

## કલેક્ટરની મંજૂરી બાદ વડોદરા જેલના સળિયા પાછળ ધકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં દારૂબંધીના અમલીકરણ અને પ્રોહિબિશનની ગેરકાયદે પ્રવૃત્તિઓ આચરતા અસામાજિક તત્વોને નાથવા માટે પોલીસ પ્રશાસન દ્વારા વધુ એક કુખ્યાત બુટલેગર વિરુદ્ધ ‘પાસા’ (પ્રિવેન્શન ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ)નું શસ્ત્ર ઉગામાયું છે. પૂર્વ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખાની દરખાસ્તના આધારે અંતરજાળના એક રીઢા બુટલેગરને ઝડપી પાડી વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

મળતી વિગતો મુજબ, અંજાર તાલુકાના અંતરજાળ વિસ્તારમાં રહેતા બકા ઉર્ફે બકુલ શકતા ભરવાડ નામનો શખ્સ લાંબા સમયથી ગેરકાયદેસર શરાબની હેરાફેરી અને વેચાણના નેટવર્ક સાથે સંકળાયેલો હતો. આરોપી બકુલ ભરવાડ સામે અંજાર, રાપર અને ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકે વિદેશી દારૂની હેરફેર અંગેના પાંચ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. વારંવાર ગુનાહિત પ્રવૃત્તિ આચરતા આ શખ્સની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવા માટે એલ.સી.બી. પોલીસ દ્વારા પાસા હેઠળ અટકાયત કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

પૂર્વ કચ્છ પોલીસ વડા મારફતે આ દરખાસ્ત જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. કલેક્ટરે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને રાખી આ દરખાસ્ત તાત્કાલિક મંજૂર કરી બુટલેગર વિરુદ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કર્યું હતું. વહીવટી મંજૂરી મળતાં જ સ્થાનિક પોલીસે આરોપી બકુલ ભરવાડની પાસાના કાયદા તળે ધરપકડ કરી હતી. ■

# નખત્રાણાના દેવીસર પાસે રેતી ચોરીનું મોટું કૌભાંડ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નખત્રાણા તાલુકાના દેવીસર ગામ નજીક વહીવટી તંત્રએ દરોડો પાડીને ઓવરલોડ રેતીનું ગેરકાયદે વહન કરતા ભૂમાફિયાઓ પર સપાટો બોલાવ્યો હતો. પ્રાંત અધિકારીની આગેવાની હેઠળ કરાયેલી આ વિશેષ સરપ્રાઈઝ ચેકિંગની કાર્યવાહીમાં ચાર આઈવા ટ્રકોને ઝડપી પાડી કરોડો રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન સૌથી આશ્ચર્યજનક બાબત જાણવા મળી હતી કે પકડાયેલા ચારેય વાહનોના નંબરના છેલ્લા આંકડા ‘જેમ્સ બોન્ડ’ સ્ટાઈલના ‘૦૦૭’ સીરિઝવાળા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કચ્છ જિલ્લા કલેક્ટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ નખત્રાણાના પ્રાંત અધિકારી દ્વારા દેવીસર નદીના પટની આસપાસ ગુપ્ત નજર ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન ત્યાંથી પસાર થઈ રહેલી ચોક્કસ નંબર સિરીઝ ધરાવતી ચાર ટ્રકોને રોકીને તપાસ કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા આ તમામ વાહનોની રોયલ્ટી પરમિટ અને વજનકાંટાની વિગતો ચકાસતાં, તેમાંથી નિયમ વિરુદ્ધ આશરે ૫૧.૯૩ મેટ્રિક ટન કિંમતી રેતીનો ગેરકાયદેસર ઓવરલોડ જથ્થો મળી આવ્યો હતો. ■